કુમાર

વૈશાખ '૮૪

અંક ૫૩



ઉગતી પ્રજાનું માસિક

તંત્રી રવિશંકર ઉ. રાવળ



દ્વારકાને દરિયાકાંઠે
ચિત્રકાર : કનુ દેસાઈ

મુદ્રણકળા

પ્રત્યે આજે ગુજરાતભરમાં જે અભિરુચિ ખીલતી જાય છે તે 'કુમાર'ની મુદ્રણકળાને આભારી છે." ગુજરાતનું સૌથી વધુ ફેલાવો પામેલું ને પ્રતિષ્ઠિત અઠવાડિક 'સૌરાષ્ટ્ર' તો ઉપલો અભિપ્રાય આપે છે. પણ તેની પ્રત્યક્ષ પ્રતીતિ તો આપ આપનું છાપકામ કુમાર પ્રિન્ટરીને સોંપી જાતે જ ગમે તે પળે કરી શકશો. ચોક્કસ પ્રકારની સંસ્કારી રચનાવાળું, શાહી કાગળ ને મુદ્રણની સફાઈવાળું, ઉંચી જાતનું નાજુક ને આકર્ષક છાપકામ—નોટપેપરો, વિઝિટિંગ કાર્ડો, પત્રિકાઓ તથા ફોટો, ચિત્રો, કે ડિઝાઇનના બ્લૉક બનાવવાનું તથા છાપવાનું કામ કરાવવું હોય ત્યારે

કુમાર કાર્યાલયને સંભારજો.

માત્ર ત્રણજ મહીનામાં

જેની ૧૦૦૦ નકલ ખપી ગઇ તે

કુમાર વીરસેન

સાહસ શૌર્ય અને પ્રવાસજીવનની સુંદર નાનકડી બાળ–નવલકથાની

બીજી આવૃત્તિ

રવિશંકર પંડિતનાં ૧૪ ચિત્રો સાથે બહાર પડી છે.

સૌએ એકી અવાજે વખાણેલું આ પુસ્તક તમારી લાયબ્રેરીમાં જરૂર વસાવો.

કીમત ૦-૬-૦ : પો. જુદું

ચરોતર એજ્યુકેશન સોસાયટી: આણંદ.
પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરા.



અર્જુનનો વિષાદ — શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય — મુખચિત્ર
સ્વાધ્યાય — દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર — ૧૬૧
મિજલસ — ૧૬૨
સ્વાસ્થ્ય શક્તિ અને સૌન્દર્ય — ૧૬૪
કર્મયોગી ધોંડો કેશવ કર્વે — કિસનસિંહ ચાવડા — ૧૬૫
પૂર્ણિમા પાછી ઉગી રે (ચિત્ર) — રસિકલાલ ન. પરીખ — ૧૬૮
સહચરીઓ — ,, — કનુ દેસાઇ — ૧૬૯
શા કારણે ? (કાવ્ય) — શાન્તિલાલ છોટાલાલ શાહ — ૧૬૯
દ્વારકા — 'સૈનિક' — ૧૭૨
નથો પઠગીર — મનુભાઈ જોધાણી — ૧૭૮
ત્યારે ખાવું શું ? — લવજી થોરિયા — ૧૮૦
સ્વીકાર — ૧૮૪
દક્ષિણ હિંદમાં પ્રવાસ — ૧૮૪
વિલાયતના પત્રો — લાભશંકર ભટ્ટ — ૧૮૬
નવાં પુસ્તકો — ૧૮૯
બાળવિભાગ — ૧૯૧
ઉગતી પ્રજા — ૧૯૨
માધુકરી — ૧૯૫
છેલ્લું પાનું — ૨૦૦

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

'કુમાર'માં પ્રગટ થતાં કોઇપણ લખાણ, ચિત્ર કે ફોટોગ્રાફનો ઉપયોગ કૉપીરાઈટની રૂએ તંત્રીની પરવાનગી વિના કોઇથી થઇ શકે નહિ. તેમ કરનાર તેને માટે જવાબદાર તથા જોખમદાર ગણાશે.

લવાજમ વરસના રૂ. ૬: પરદેશના રૂ. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. **લેખકો:** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

'કુમાર'
વૈશાખ '૮૪ના અંકનું મુખચિત્ર



અર્જુનનો વિષાદ

ચિત્રકાર : શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું પ્રાણ પ્રેરણા ને પુરુષાર્થનું માસિક

વર્ષ ૫ અંક ૫ **અંક ૫૩મો** વૈશાખ ૧૯૮૪

સ્વાધ્યાય

છોકરાઓ જ્યારે સારા અક્ષર કાઢતાં શીખે છે ત્યારે ઘણી વાર એમ બને છે કે છાપેલી આદર્શ લીટી જોઇને તેઓ પહેલી લીટી કાઢે છે ને પછી આગળ લખતાં આદર્શ છોડી પોતાની જ પ્રથમ લીટી ધ્યાનમાં રાખે છે. ત્રીજી લીટી વખતે બીજી આદર્શનું સ્થાન લે છે. આમ ધીમેધીમે અજાણ્યે અક્ષરો બગડતા જાય છે.

આ અનુભવ સુલેખન વિષે જેટલો છે તેટલો જ જીવન વિષે પણ છે. જ્યારે આપણે વિચાર કરવા અને લાંબા અનુભવનું તારણ કાઢવા બેસીએ છીએ ત્યારે કેટલાક સિદ્ધાન્ત આપણે ગળે ઉતરે છે અને આપણે તેમને પોતાના જીવનનાં સૂત્રો કરી નાખીએ છીએ. છતાં નિત્યવ્યવહારમાં ધીમેધીમે તે કટાઇ જાય છે, અને કેટલો કાટ ચડ્યો છે તે તરફ આપણું ધ્યાન જતું નથી.

દરેક પ્રાકૃત મનુષ્યનો આ અનુભવ છે. એનો ઉપાય એ છે કે નિત્યવ્યવસાયમાંથી રોજ અથવા નિયમિત વખતે આપણે આપણાં જીવનસૂત્રોનું સ્મરણ કરવું જોઇએ. આ સ્મરણ–સ્વાધ્યાયથી આપણે જીવનસૂત્રો પરનો કાટ ખંખેરી શકીએ છીએ.

જે છોકરો ગુરુએ બતાવેલી લીટી વારંવાર જુએ છે તેના જ અક્ષર સારા થવાનો સંભવ હોય છે. તે જ પ્રમાણે પોતાનાં ધર્મતત્ત્વોનું જે માણસ નિત્ય પારાયણ કરે છે તે જ ધર્મચુસ્ત રહી શકે છે અને ચડી પણ શકે છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



ચારે તરફથી યુવાનો આગળ ધસવા મથી રહ્યા દેખાય છે. હોલાંડમાં જગતના યુવાનોની વિરાટ પરિષદ્ થવાની છે તેમાં હિંદુસ્તાનના પ્રતિનિધિઓ પણ જશે. અમદાવાદ યુવક સંઘ તરફથી ભાઈ લવજી થેરિયા, બ્હેન શ્રીમતી હડીસિંગ તથા ભાઇ જે. સી. મહેતા ત્યાં પ્રતિનિધિઓ થશે. મુંબાઇના યુવકો તરફથી ભાઇ યુસુફ મહેરઅલ્લી ત્યાં જવા ચુંટાયા છે. પણ જગતના માંડવે હિંદુસ્તાનની આમ રજુઆત થાય તે પહેલાં ઘર આગળ કેટકેટલી જવાબદારીઓ ને તૈયારીઓ યુવાનોએ ખેડવાની પડી છે?

યુનિવર્સિટીના શાપ રૂપ યુવાન ગ્રૅજ્યુએટો આ યુગની ભીંસણ ખમી શકતા નથી, રસ્તો કાઢી શકતા નથી, એટલે નવજુવાનો બુમ મારે છે: 'એ યુનિવર્સિટી ન જોઇએ; એ પિશાચ ન જોઇએ; અમારી કતલ હવે બંધ કરો.' પણ કોણ બંધ કરે? દર સાલ જે હજારો આશાભર્યાં હૈયાં એ યુનિવર્સિટીને બારણે માથાં ઝીંકી રહ્યાં છે તેમાં વધારો જ થતો જાય છે. યુનિવર્સિટી લાત મારે છે, ફગોળે છે, બુમે મારે છે, દેવાદાર કરી મુકે છે, કર વધારતી જાય છે,--છતાં ત્યાં જ મોક્ષ માની રહેલા હિંદીવાનોને કોણ સમજાવે?

યુવાન પોતાનાં દુઃખ કે ત્રાસ સામે બુમાટા કરે છે; પણ તે સાથે પોતે બીજાનાં દુઃખો ઓછાં કરવા અથવા કંઈ પણ આત્મભોગ આપવા તૈયાર છે કે નહિ તેનો ભાગ્યે જ વિચાર કરે છે. દરેક જણ આગળ આવવા ઇંતેજાર છે; દરેક જણ બીજાને કચરીને ઉપર જવા મથે છે. સરખેસરખાની અથડામણમાં જોર કરે તો તે શોભારૂપ પણ ગણાય; પરંતુ નરમ સ્ત્રીજાત તરફ પણ આપણા દેશના યુવાનને શિરજોરી અને ભીંસણ કરતો જોઇએ છીએ ત્યારે તેને પોતાને સ્વાતંત્ર્ય કે સત્તાનો શો હક્ક છે એમ લાગી આવે છે.

શૌર્યની, પ્રેમની ને જુસ્સાની કથાઓ ને આપણે આજ દેશમાં ગાજી રહ્યાં છે. પણ તેથી જ માત્ર એ ગુણો નહિ પિછાની શકાય. સુશિક્ષિત યુવાન વખતસર શું કરી બતાવે છે તે પર જ ખરી કેળવણી કે સંસ્કૃતિનાં પાણી માપી શકાય છે. લડાઇમાં ભોગ આપવાની વાતો સાંભળતા હોઇએ, બહારવટિયાની આફતો અને જીવસટોસટનાં પરાક્રમો મેઘાણીની ઓજસ્વી વાણી ગાઇ રહી હોય, અમદાવાદના પ્રેમાભાઇ હૉલમાં રીતસર માય તે કરતાં ત્રણગણી ગરદીનો ગુંગળાટ હોય અને ગમે તે પળે કોઇ બેભાન થશે યા ચીસ પડશે એવું લાગતું હોય ત્યારે યુવાનોની ટોળી એ સ્થિતિ દૂર કરવા કંઈ વિચાર કર્યા વિના વાતનો રસ ચાખવા અક્કડ થઈ ઉભી રહે, એકાદ સ્ત્રી રડતા બાળકને લઇ બહાર નીકળવા ફાંફાં મારતી હોય તેને માર્ગ ન મળે, એને એ દયાજનક કફોડી સ્થિતિમાં વીલું મોં કરી આંસુ પાડી બેસી રહેવું પડે, તે વખતે આપણને સહજ લાગી આવે કે આપણે પુસ્તકોની નીતિ--કથાઓ અથવા ડુબતા જહાજના ખલાસીઓએ સ્ત્રી બાળકો માટે આપેલા ભોગની વાતો માત્ર વાંચનારા જ છીએ; એવું કરી બતાવનારા જુદા. બસો ત્રણસો યુવાનો તે દિવસે એ વાત સાંભળ્યા વિના હૉલ ખાલી કરી ગયા હોત તો મેઘાણીની કથા વધુ સાર્થક થઇ હોત. મેઘાણી પોતે તે દિવસે પોતાની જાતને અભિનંદન આપત. કદાચ એ જુવાનોના ભોગની કદર કરવા તેમને બીજી વધુ સુંદર તક આપી શકત.

> **આપણે જેવા હોઇએ તેથી ઉંચા ભલે દેખાઇએ, પણ વધારે તો ન જ દેખાઇએ, એવી ચીવટ રાખવી એ વિકાસનો માર્ગ છે.**

પણ આપણે યુવાનો લાચાર બની ગયા છીએ. દરેક બાજુથી હલકી સ્પર્ધાઓ, દબાણ અને ખુશામતના વાતાવરણથી લાગણીહીન થઇ ગયા છીએ. સ્ત્રી, અનાથ કે વૃદ્ધને યુવાનની સમીપ નિર્ભયતા અને શક્તિનું વાતાવરણ લાગવું જોઇએ તેને બદલે આજનો યુવાન વૃદ્ધનાં ટીખળ કરતો દેખાય છે, અનાથનો તિરસ્કાર કરતો હોય છે, સ્ત્રી સામે નફટ શંકાભરી રીતભાત બતાવતો નજરે પડે છે.

યુવાન! યૌવનસંપન્ન આર્યોનાં ચરિત તારી દૃષ્ટિ સમીપ ખડાં કરી તારી જાત સરખાવી જો. ભયાનક જંગલોમાં વાસ કરતા, રાક્ષસો અને જંગલીઓ સામે નિરંતર યુદ્ધ ખેડતા છતાં ઉલ્લાસ અને આનંદનાં ગીતોથી વનો ગજવતા, અબળા જાતિના આર્તનાદે સર્વ સુખ અને આશાઓનો ક્ષણમાત્ર વિચાર કર્યા વિના વહારે ધાતા એ વીર નરોનું જીવન તારી કલ્પનાથી જોઇ લે. આજ યુવાનને નામે કોણ ઓળખે છે? સરકારે ગોઠવેલાં ચોકઠાંમાં જકડાઇ હુંફાઇ ઘડાઈ પોતાને ડાહ્યો બનેલો માનતો, યુરોપના સંખ્યાબંધ ગ્રંથોનું ગ્રામોફોન બની રહેલો બીચારો હિંદી યુવાન. તે

પોતાના દેશને નિરખવા કદિ નવરો પડ્યો નહિ; પારકાઓએ નક્કી કરેલા ગ્રંથો વાંચવા આડે તેને સ્વદેશના ચિંતન કે સંસ્કૃતિનો અભ્યાસ કરવાની તક મળી નહિ; સમાજ અને દેશ-જીવનનો પરિચય તે પામ્યો નહિ; એમ છતાં પોતાના હૃદય વિરુદ્ધ તે ગોઠવેલી દલીલો મુકી માને છે ને મનાવે છે કે તેણે લીધો તે જ માર્ગ ખરો છે.

ભલા યુવાન! થોડીવાર તું આ ડોળ-નો ઝભ્ભો ફેંકી દે. ખરેખરા માનવી રૂપે તારા દેશબંધુઓને—તારા સમ-વયસ્કોને જોવા--મળવા કોઇ તક મળે તે ભોગવી લે. શહેરોમાં જ હિંદુસ્તાન સમાયું નથી. આજનાં શહેરોને હિંદુ-સ્તાનના કરતાં યૂરોપનાં બચ્ચાં કહેવાં ઠીક છે. તું કોને ઓળખે છે? કોને તારા દેશબંધુઓ કહે છે? કઇ ભૂમિની સેવાના મનોરથ ઘડે છે? વખત પર તું કોને માટે ભોગ આપીશ? તારા દેશની ઊર્મિઓ ક્યાં જઈ ઝીલીશ?

આજ શહેરનો યુવાન દેશની સ્વા-ભાવિક વાડીમાં ઉછરેલા યુવાનને ઓ-ળખતો નથી. પોતે વધારે જ્ઞાન ધરાવે છે અથવા વધુ ભણેલો છે એ અભિ-માને તે પોતાના ગ્રામ્ય બંધુને ગણતો નથી. રાજદ્વારી કે સામાજિક લડતોમાં તેના બળનો સાહકાર સાધી શકતો નથી. ગામડાનો યુવાન શહેરના યુવા-નને કોઈ અદ્‌ભુત જાદુગર માને છે. તેની વિદ્યાથી બધાં દુઃખ દૂર થઇ શકે એવું માની તેની પૂજા કરે છે અને ઠગાય છે. એક જ ભૂમિના આ બંધુઓ જે પરસ્પર સાહકાર કરી શકે તેમની વચ્ચે પડદો રહે છે, અને એકબીજાનાં ગળાં કાપી જીવવાના ધંધાને જોર મળે છે. અમલદારી, વકીલાત અને શહેરી કાબેલિયતવાળા યુવાનોએ કદિ પોતાના અજ્ઞાન, શાંત અને એકલા મુંઝાતા ગ્રામ્ય બંધુની દયા ખાધી છે?

નીકોરાનું યુવકમંડળ આજે ગ્રામ્ય જીવનની કુંજોમાંથી ગુજરાતના યુવકોને નગરજીવનનાં બંધન તોડી કુદરત અને માનવતાના સીધાં દર્શન કરાવવા નોતરી રહ્યું છે. એની વિગતવાર મા-હિતી આ અંકમાં ‘ હગતી પ્રજા ’વાળા વિભાગમાં આપી છે. એ પ્રયત્ન કેટલો સફળ થશે તે તો આવનારાઓની ભાવના, વ્યવહાર ને વર્તન ઉપર આ-ધાર રાખે છે. પણ એટલું તો જરૂર બનશે કે ગુજરાતના સૌભાગ્ય સમી જળપ્રપૂર નદી નર્મદાજીને કાંઠે કાળના અનેક ઝપાટા ઝીલી ઉભેલો એ પુરાતન વિશાળ કબીરવડ દરેક જણને પોતાની છાયામાં લઇ એક રંગીન દૃષ્ટાંત પુરૂં પાડશે. ગુજરાતનાં નગરો અને ગામ-ડાંના યુવકો એ વડની પેઠે સંબંધ અને સહકારની વડવાઇઓ દેશભરમાં ફેલાવી દે, તેનાં ઉંડાં મુળ નાખી દે તો આ દેશનાં ગૌરવ અને પ્રતિષ્ઠા વધા-રવાનું સૌભાગ્ય—જે યુવકોને માટે જ નિર્માયું છે તે—યુવકોને જ પ્રાપ્ત થાય.

નીકોરાના યુવકમંડળમાં માત્ર કહે-વાના ગ્રામ્ય બંધુઓ નથી. મંડળના પ્રમુખ પોતાનાં ઢોર અને જમીનની જાતે સંભાળ રાખે છે, છતાં આ જ-માનાના વિચાર વાંચન અને વ્યવહાર-નો પૂરો પરિચય અને અભ્યાસ રાખે છે. એના મંત્રી ગામડાની એક દુકાન ચલાવે છે અને ફુરસદે લાયબ્રેરી તથા ઉત્સવો વગેરે પ્રવૃત્તિ સંભાળે છે. એ-મણે બીજા સભ્યોને પોતાની આ પ્રવૃ-ત્તિમાં રસ લેતા કરી જોડી રાખી મંડળને વૃદ્ધોની નજરમાં પણ પ્રતિષ્ઠિત બનાવ્યું છે. એ ભાઇઓએ ‘સ્વિટ્‌ઝર્લાંડની શાંતિમાં’ એ લેખને અંગે થએલી યુવક મંડળ ભરવાની સૂચનાથી પ્રેરાઇને પહેલું આવ્હાન દીધું છે. ગુજરાતના યુવાનો ત્યાં હાજરી આપી તેમના પ્રયાસ અને આશાને ફળીભૂત કરશે જ.

સમાજસુધારનાં અગ્રણીઓ અવાજ દે છે કે, બાળલગ્ન બંધ કરો; કન્યા-શિક્ષણ ગ્રહણ કરીને અંધારાં ટાળો; કન્યા અને વરના વિક્રયો દફનાવો. પરંતુ એ બધા અવાજો આજ અરણ્ય-રૂદન સમ છે. એ કિલ્લાઓની ચા-વીઓ લઇને તો આજે યુવકવર્ગ આવી બેઠો છે. ગુજરાતની સામાજિક સમ-સ્યાઓનો ખરો ઉકેલ આજે તરુણોને આધીન છે. એ નિશ્ચય કરે તેટલી જ વાર છે. ગુર્જર યુવક આજે જ શપથ લે કે અશિક્ષિત કન્યાને નહિ પરણું, એટલે આવતી કાલે ચાહે તેવા રૂઢી-ચુ ત માતાપિતાને પણ પોતાની કન્યાને કેળવવી પડશે. ગુર્જર યુવક પ્રતિજ્ઞા લે કે સોળ વર્ષની નીચેની વયની કન્યા એને ન ખપે, એટલે અપક્વ વયની પ્રસૂતિ, બીમારી, મૃત્યુ-સંખ્યા અને નિર્બળ બાળપ્રજાનો કોયડો આપો-આપ ઉકલી જવાનો.

અને તેની સામે યુવાન કન્યાની પણ નિશ્ચયશક્તિ જાગૃત થવી જોઇએ છે. વ્રતો ને ઉપવાસો કરવામાં અદ્‌ભુત આત્મબળનો ઇતિહાસ સરજનારા માતૃકુલની એ આધુનિક પુત્રીઓ પણ સંકલ્પ કરે કે પચીસ વર્ષથી નીચેના, અખાડાની તાલીમ વગરના, સ્વાશ્રયની શક્તિ વિનાના પુરુષ સાથે જીવન જોડવું નથી, એટલે એ યુવકપ્રજાની આજે ચાલી રહેલી તૈયારીમાં એક મોટી સહાય આપી શકશે. (સૌરાષ્ટ્ર)

એક જુની ચેતવણી ફરીથી

જવાબ માટે પુરૂં નામઠામ અને પોસ્ટેજ ન મોકલ્યું હોય તેવા પત્રોનો ઉત્તર આપવા અમે બંધાતા નથી. ખાસ કરીને લેખો કે હરીફાઈ માટે મોકલ-નારાઓએ તો આ નિયમ પાળવો જ જોઇએ. ઘણા લેખકો પોતાનો લેખ ન સ્વીકારાય તો પાછો મોકલવા અમને ફરમાવે છે, પણ સાથે પોસ્ટેજ મોકલતા નથી, અને પાછળથી એ મંગાવવા માટે અમારા પર યાદીપત્રો લખી નાહકનું પોસ્ટેજ વેડફે છે. આ સૌ ભાઈઓને વિનંતિ છે કે તેમણે પોતાની વસ્તુ સાથે જ પોસ્ટેજ મોકલવું જોઇએ.

સ્વાસ્થ્ય · શક્તિ · અને · સૌન્દર્ય





Life is Movement: કેવળ શ્વાસોચ્છ્વાસ લેવા એનું નામ 'જીવન' નથી: જીવન એટલે શરીરસંચાર: અંગોનું ફલોત્પાદક સંચલન. અને સફળ સંચલનનો આધાર સુદૃઢ શરીર પર છે. શરીરવિકાસ જીવનનો પાયો છે. આવો પાયો નાખનાર ભાઇ અમૃતલાલ પાણ્ડવે કેવળ દંડથી કેળવેલા શરીરનાં આ બે ચિત્રો છે. ઉમર ૨૫: ઉંચાઈ ૫-૨: વજન ૧૧૫: છતાં, ઘોડાની ખરી જેવો ટ્રાઇસેપ્સ, પત્થર જેવા છાતીના પેક્ટોરલ્સ વગેરે સ્નાયુનો વિકાસ કેટલો સરસ છે! આખુ યે રૂપલું અંગ આંખનું આકર્ષક અને શક્તિનું સૂચક છે.

શક્તિનો સંદેશ

શક્તિ, શૌર્ય અને સાહસ, પરાક્રમ અને પુરુષાર્થ તમારા જીવનમાં લાવવાનું ભુલશો તો, જીવનના એક મૌલિક તત્ત્વની તમે ઉપેક્ષા કરો છો, તે યાદ રાખજો. ભણતરની જેટલી અગત્ય આંકો, ધન પ્રાપ્ત કરવાની જેટલી કાળજી રાખો, તેના કરતાં પણ વધારે કાળજી બળવાન થવાની, સાહસિક અને શૂર થવાની, જવાંમર્દ થવાની રાખો. અને તમારા નિત્યજીવનના સામાન્ય પ્રસંગોથી માંડીને પ્રજાજીવનના અસામાન્ય સર્વે પ્રસંગોમાં, તક મળે ત્યારે ત્યારે, તમારૂં પુરુપાતન બતાવી આપો. આવતી કાલની પ્રજા તમે છો તે યાદ રાખીને જીવનની એ ઉપયોગી સામગ્રીને, આર્ય સંસ્કૃતિના એ મૌલિક તત્ત્વને તમારા જીવનમાં હમેશાનું સ્થાન આપવાનું ચુકશો નહિ. કોઇપણ માણસ કે પ્રજા નિર્બળતાને સ્થાન આપે છે તે પાપ કરે છે; પરંતુ યુવાનોને માટે તો તે અક્ષમ્ય અપરાધ છે.

દૂર થાઓ કાયરતા, ભીરુતા, નિર્બળતા ને તેનો સત્ત્વહીન પરિવાર. ઉત્સાહ, હિમત, શૌર્ય અને સાહસિકતાનો પ્રસાદ પ્રાપ્ત થાઓ. નમેલાં, નિર્બળતાભર્યાં, ચંચળ નેત્રો દૂર થાઓ અને તેને ઠેકાણે સાંપડો સ્થિર તેજસ્વી આત્મશ્રદ્ધા ને સંયમભરી, ચેતનના તણખાભરી દૃષ્ટિ. લચકાતી કમ્મર અને બેસી ગએલા ગાલવાળાં નિસ્તેજ મુખ, નિર્બળ વક્ષઃસ્થળ, સુંવાળી કાયા અને નાજુક નબળી પ્રકૃતિને ઠેકાણે આવો ગુલાબી, સુરખીભરી, તેજસ્વી મુખમુદ્રા, સીધી ને અડગ કરોડયષ્ટિ, વિશાળ વક્ષઃસ્થળ, વિપુલ પ્રાણ વડે સ્ફુરતી સૌંદર્યભરી દેહકલા, અને સર્વ સંજોગોને અનુકૂળ થઇ શકે એવું સ્થિતિસ્થાપક આરોગ્ય. (વ્યાયામ પરિષદ ઉપર શ્રી અંબાલાલ પુરાણીનો તરુણોને સંદેશ)

કર્મયોગી
ધોંડો કેશવ
કર્વે



દુન્યવી કુનેહના કાબેલોને હાસ્યાસ્પદ ભાસે એટલી હદ સુધી નમ્ર ને નિર્વૈર, 'ગોબ્રાહ્મણ'નું ઉપમાન મળે એટલે સુધી અહિંસક, બાળક જેવા સરળ અને સતી સમાન અનન્યચિત્ત સાધુચરિત શ્રી ધોંડો કેશવ કર્વેનું જીવન મહારાષ્ટ્રના સામાજિક ઇતિહાસનું એક મુંગું મહાકાવ્ય છે. ગાંધીજીમાં જે અતુલ વિદ્યુત્-શક્તિનો આપણે પરિચય કરીએ છીએ તેવા પ્રચંડ વ્યક્તિત્વને ઘડીભર વિસરીએ તો શ્રી કર્વે એ નાના શા ગાંધીજીનો જ પરિચય કરાવતી મહારાષ્ટ્રની તપોવૃદ્ધ વિભૂતિ છે.

પુણ્યશ્લોક ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરની જેમ શ્રી કર્વે મહારાષ્ટ્રમાં દીન હિંદુ વિધવા જાતિના આદ્યસંરક્ષક અને સેવક છે. વિધવા જાતિની એમની સેવા આજે પિસ્તાળીસ વર્ષ જેટલી જુની થઇ છે. રડ્યાખડ્યા વિધવાવિવાહ તે પહેલાં મહારાષ્ટ્રમાં થએલા ખરા, તેમ આત્મૌપમ્ય વૃત્તિવાળી વિરલ ઉદારચરિત વ્યક્તિઓનાં અંતઃકરણ હિંદુ વિધવાને માટે ક્યાંક ક્યાંક દ્રવ્યાના પ્રસંગ પણ ક્વચિત બનેલા; પરંતુ એક આર્ત્ત અને અસહાય હિંદુ વિધવાની બાંહ્ય ગ્રહીને એની આખી જાતિની સેવા તેમજ શિક્ષણ અર્થે પોતાનું જીવન સમર્પિત કરનાર અને ગીતામાં વર્ણવ્યા પ્રમાણેના નિષ્કામ ભક્તની અનન્યતાથી એ દિશાએ એકાગ્ર તપશ્ચર્યા કરનાર તો શ્રી કર્વે જ હોવાથી તેઓ જ મહારાષ્ટ્રની વિધવોન્નતિ તેમજ સ્ત્રીશિક્ષણ પ્રવૃત્તિઓના પિતા, પાલક ને કુલસ્વામી છે.

છેલ્લાં પચાસ વર્ષમાં જે ફેરફારો થયા છે અને પરિણામે સ્થિતિચુસ્ત હિંદુ સમાજમાં પણ વશે કવશે જે સહિષ્ણુતા આજે દાખલ થઇ છે તેની વચ્ચે વિહરનારા આપણને, આજે, તે કાળે એક એકલદોકલ માણસે જુની રહેણીકરણી કાયમ રાખીને પણ વિધવાવિવાહ કરવો ને આખા લોકસમાજની ઇતરાજી પોતાના માથા પર વહોરી લેવી;— અરે ! એટલેથી ન અટકતાં એ જ નિષિદ્ધ દિશાના કાર્યને પોતાનું જીવન-કાર્ય કરી મુશ્કીને મુંગે મોઢે પણ અપૂર્વ દૃઢતાપૂર્વક મચી પડવું—આ બધામાં સમાતા કપરા વિગ્રહોનો ખરો ચિતાર આવવો કઠણ છે.

પણ જીવનનો કીમિયો પ્રેમ છે. જે શાશ્વત, નિરાવલંબ, સ્વયંપૂર્ણ, અપાર્થિવ, નિરવધિ પ્રેમે જગતના એકેએક સત્પુરુષને જીત આપી છે, તે જ નિષ્કામ પ્રેમે આ પુરુષને પણ જીત આપી. અને જે લોકસમાજે આરંભમાં તીખા અદાવત ધરીને શ્રી કર્વેને હીણવા, શીખવવા અને હર રસ્તે એમની વલે કરવા ભલાબુરા કોઇપણ સાધનનો ઉપયોગ કરતાં પાછું વળી ન જોયું, તે જ લોકસમાજ આજે કૃતજ્ઞતાપૂર્વક પોતાનાં ચુસ્તમાં ચુસ્ત કુટુંબોની વિધવાઓને તેમજ વહુદીકરીઓને કોઇ પણ જાતના સંકોચ કે આશંકા વિના કર્વેની શિક્ષણસંસ્થાઓમાં મુકે છે. સ્ત્રીશિક્ષણના આ પિતાની ઋણુતપની તપશ્ચર્યાના પરિણામે મહારાષ્ટ્રમાં આજે હિંગણે અને એરંડવણેની શિક્ષણસંસ્થાઓ ફાલી રહી છે અને 'અખિલ ભારતવર્ષીય મહિલા વિદ્યાપીઠ'ના સ્વરૂપ સુધી વિસ્તાર પામી છે.

૧

મુરૂડની વેદશાળામાં જ્યારે ગુરુજી સૌ વિદ્યાર્થીઓને ઋચાઓ અને સર્ગો શીખવતા ત્યારે બહાર ભીલકુમાર એકલવ્યની જેમ ભક્તિ અને નિષ્ઠાપૂર્વક દસ વર્ષનો એક નાનકડો વિદ્યાર્થી અંદરથી સંભળાતા શબ્દો બરાબર ધ્યાનમાં રાખી ઋચાઓ ગોખતો. એક દિવસ ગુરુજીએ આ દૃશ્ય જોયું અને એમનું હૃદય પુલકિત થયું. એ વિદ્યાર્થીને વર્ગમાં લીધો અને એની કુશળતા તથા ખંત જોઇ એને ખુબ જ ધ્યાનપૂર્વક ને વહાલથી શીખવવા માંડ્યું. એ વિદ્યાર્થી એ જ આજની ભવ્ય વિભૂતિ શ્રી કર્વે.

૧૮૭૨ની સાલમાં મરાઠી છઠ્ઠા ધોરણની પરીક્ષા પાસ કરવી એ જીવનનો વિજય મનાતો. એ વખતે ત્યાં રેલવેનું નામનિશાન નહિ. આ જ સાલમાં પોતાના બેત્રણ મિત્રોને સાથે લઇને કર્વે મુરૂડથી ચોપન ગાઉ દૂર પગે ચાલીને સતારા છઠ્ઠા ધોરણની પરીક્ષા આપવા ગએલા. વિકટ અને અજાણ્યો રસ્તો, નાની વય અને ખભે બોજો—આ બધું સહન કરીને

આમ પરીક્ષા આપવા જવું એ અજબ વિદ્યાપ્રેમ બતાવે છે. એ વખતે પરીક્ષકોએ કર્વેનું નાનું કદ જોઇને ઉમર બરાબર હોવા છતાં પરીક્ષા માટે નાલાયક ગણ્યા, અને કર્વેને પરીક્ષા આપ્યા વિના જ ચોપન ગાઉ ચાલીને પાછા આવવું પડ્યું! પણ આથી લેશમાત્ર નિરાશ ન થતાં બીજે વર્ષે સાઠ ગાઉ પગે ચાલીને તેમણે કોલ્હાપુરમાં એ પરીક્ષા આપી અને પાસ થવાનો અપૂર્વ આનંદ જીવનમાં માણ્યો.

સુશીલ અને શ્રમજીવી માતાપિતાને ઘેર જન્મવું એના જેવું સુભાગ્ય બીજું નથી. કર્વે એવા સુભાગી છે. એમનો જન્મ દક્ષિણ કોકણના સમુદ્રકાંઠેના મુરૂડ ગામમાં ઈ. સ. ૧૮૫૮માં થયો. મરાઠી શિક્ષણ એમણે ગામમાં પુરૂં કર્યું. ગરીબ માતાપિતા એટલે અંગ્રેજી ભણવાનું ખર્ચ કયાંથી લાવવું એ એક સવાલ થઈ પડયો. આખરે દેવું કરીને પણ ત્રણ ધોરણ મુરૂડમાં ખાનગી રીતે કરાવી પિતાએ કર્વેને મુંબાઇ ભણવા મોકલ્યા. કંઈક શિષ્યવૃત્તિથી અને કંઇક ઘરને પૈસે નિભાવ કરીને એમણે પહેલે જ વર્ષે સારે નંબરે મૅટ્રિકની પરીક્ષા પાસ કરી.

એ વખતે મુંબાઇમાં વિલ્સન અને એલ્ફિન્સ્ટન કૉલેજોમાં વિદ્યાર્થીઓ માટે હરીફાઇ ચાલતી. બંને કૉલેજોના પ્રિન્સિપાલો હોશિયાર વિદ્યાર્થીઓને આકર્ષવા ઘણા લાલચભર્યા પ્રયત્નો કરતા. કર્વે અને એમના મિત્રોએ આ લાભ લઇ એક વર્ષ વિલ્સન અને બાકીનાં વર્ષો એલ્ફિન્સ્ટનમાં ગાળી ખાસ વિષય ગણિત લઇ ઇ. સ. ૧૮૮૪માં બી. એ.ની પરીક્ષા પાસ કરી.

ત્યાર પછી ઉદરનિર્વાહ કાજે એમણે મુંબાઇમાં જ એલ્ફિન્સ્ટન હાઇસ્કુલ, કૅથિડ્રલ હાઇસ્કુલ અને રાજારામ હાઇસ્કુલમાં શિક્ષકનું કામ કર્યું. આ દરમિયાન એમણે અને એમના મિત્ર શ્રી નરહર બાલકૃષ્ણ જોશીએ એક સંયુક્ત કુટુંબ બનાવ્યું હતું. ઓછામાં ઓછા ખર્ચે તેઓ મુંબાઇમાં રહેતા અને બચાવેલા પૈસાનો ઉપયોગ કોઇ ગરીબ વિદ્યાર્થીને સહાય આપવામાં કરતા. આ અરસામાં એમનાં પત્ની રાધાબાઈ ગુજરી ગયાં. સુધારાના સિદ્ધાંતથી એમણે લૌકિક ક્રિયામાં વધારે ખર્ચ ન કરતાં ૫૦૦ રૂપિયા પોતાના ગામમાં 'મુરૂડ ફંડ' નામની સંસ્થાને સ્ત્રીકેળવણીના ઉપયોગ માટે આપી એનું ખરૂં સ્મરણ સાચવ્યું.

ઇ. સ. ૧૮૯૧માં ફર્ગ્યુસન કૉલેજમાંથી શ્રી તિલક મહારાજે અધ્યાપકનું પદ છોડયું ત્યારે એ કાર્ય અધ્યાપક ગોખલે કરતા. પછી તો ગોખલેએ સ્વતંત્ર રીતે અંગ્રેજીના વર્ગો લેવા માંડ્યા એટલે ગણિતના અધ્યાપકની જગ્યા ખાલી પડી. કર્વે અને ગોખલે સહાધ્યાયી, એટલે ગોખલેએ એ જગ્યા માટે કર્વેને જ બોલાવ્યા. ઇ. સ. ૧૮૯૧ના નવેમ્બર માસમાં કર્વે ફર્ગ્યુસન કૉલેજમાં ગણિતના અધ્યાપક બનીને ગયા અને પાછળથી ડેક્કન એજ્યુકેશન સોસાએટીના આજન્મ સભાસદ બની ગયા.

મનુષ્યના જીવનને નવી દિશાએ દોરી જવામાં સારા કે નરસા પ્રસંગો કારણભૂત થાય છે. રાધાબાઇનું મરણ અને પોતાનું કૉલેજમાં આવવું, આ પ્રસંગોએ કર્વેની જીવનદિશા બદલી.

પૂના આવ્યા પહેલાં પણ પોતાના ગામમાં મુરૂડ ફંડ, અંગ્રેજી શાળા, દુર્ગાદેવી મંદિરની વ્યવસ્થા, શિક્ષણોત્તેજક મંડળ અને સ્નેહવર્ધક મંડળ વગેરે સાર્વજનિક કાર્યો કર્વેની સેવાભાવનાનાં જ્વલંત ઉદાહરણો રૂપ ચાલતાં હતાં.

એ વખતે તો પૂનામાં ડૉ. રામકૃષ્ણ ભાંડારકરની જુવાનીના દિવસો હતા. તિલક મહારાજના તેજસ્વી યૌવનની મધુરી ફોરમો ઉડતી. આ સુભગ વાતાવરણમાં કર્વેની નમ્ર જુવાનીએ પ્રવેશ કર્યો.

૨

જુવાન કર્વેએ કૉલેજમાં સમાજસેવાનાં અને દેશસેવાનાં કંઇકંઇ સ્વપ્નો સેવેલાં. તે વખતનાં 'કેસરી' અને 'ઈંદુપ્રકાશ'માં મહારાષ્ટ્રની સામાજિક દુર્દશાની તીખી આલોચનાઓ થતી અને સુધારાની હૃદયભેદક હાકલો પડતી. આ વાતાવરણે કર્વેના સહૃદય જીવન ઉપર અસર કરી અને એમણે પણ પોતે જ પુનર્લગ્ન કરી સુધારો જીવનમાં જીવી બતાવવાનો નિશ્ચય કર્યો. એ કાળમાં મહારાષ્ટ્રનું સ્થિતિચુસ્ત બ્રાહ્મણજીવન એટલું પ્રબળ હતું કે મોટામોટા હિંમતવાન અને પુનર્લગ્નમાં માનનારા પુરુષો પણ આવું પગલું ભરતાં અચકાતા. એવે વખતે, જુના વિચારવાળાં પ્રેમાળ માતાપિતાનાં ધર્મપ્રિય હૃદયોને દુઃખસાગરમાં ધકેલી દઈ, સગાંવહાલાં મિત્રો અને ગામના લોક-

સમાજની ઇતરાજી વહોરી લઇ, કર્વેએ ૯મી માર્ચ ૧૮૯૩ને રોજ ડૉ. સર ભાંડારકરના બંગલામાં પુનર્લગ્ન કર્યું. જેની સાથે પુનર્લગ્ન કર્યું એ આનંદીબાઇ (એમના મિત્ર શ્રી નરહર બાળકૃષ્ણ જોશીની વિધવા બહેન) પણ હિંમતવાન અને સંસ્કારી સ્ત્રી હતી. પંડિતા રમાબાઇના શારદાસદનની એ પહેલી વિધવા વિદ્યાર્થિની.

આ લગ્નથી તે વખતના મહારાષ્ટ્રીય સામાજિક જીવનમાં મોટો ખળભળાટ મચી રહ્યો અને વિરૂદ્ધ વર્તમાનપત્રોએ એને ગંભીર સ્વરૂપ આપ્યું.

લગ્ન પછી કર્વે આનંદીબાઇને સાથે લઈ મુરૂડ આવ્યા. પણ ઘરમાં કોણ પેસવા દે? બહાર ઓસરીમાં મુકામ મળ્યો. માતા, મોટાભાઇ, બહેન, કોઇ વેણ સરખું ય ન ઉચ્ચારે. ગામનાં લોકો ટોળે મળીને એમની જ વાતો કરે. ગામની દોઢડાહી સ્ત્રીઓ ગુંચળાં વળીને આનંદીબાઇ તરફ આંગળી ચીંધે. આવી કફોડી સ્થિતિ તો હતી, ત્યાં રાત્રે ગામ આખાએ ભેગા મળી ઠરાવ કર્યો કે કર્વે હોય એ સભામાં જવું નહિ, એમની સાથે એક પાથરણા ઉપર બેસવું નહિ અને હવે પછી જો એ ગામમાં આવે તો એમના કુટુંબને ગામ બહાર મુકવું. પહેલા બે ઠરાવોનું તો કર્વેને ઝાઝું ન લાગ્યું પણ ત્રીજા ઠરાવથી એમને સહેજ દુઃખ થયું. ઠરાવનો અમલ બીજે જ દિવસથી શરૂ થયો. કોઇ શૂદ્રને આપતા હોય એમ ઘરમાંથી રાંધેલું અનાજ ઉંચેથી કોઇ નાનું છોકરૂં બહાર મુકી આવે, અને તે કર્વે ને આનંદીબાઇ જમે. એઓ જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ ગામમાં કોઇ એમની સાથે બોલ્યું નહિ. માતા અને બહેન પણ એક દિવસ મધરાતે આવીને છાની વાત કરી ગયા. આવી ને આવી પરિસ્થિતિ મુકી કર્વે પૂના આવ્યા.

જુવાનીનું જોમ, સામાજિક પુનર્વિધાનની ધગશ અને સમાજયજ્ઞમાં પોતાની કાયા હોમવાની ધન્ય તૈયારી છતાં સહૃદય કર્વેને માતા, બહેન અને ભાઇની આ દુઃખી દશાએ હૃદયમાં ઉંડા ઘા કર્યા.

ત્યાર પછી ત્રણચાર વર્ષે કર્વે એક વખત મુરૂડ જાય અને જુદું ઘર રાખી ઉતરે. માતા ને બહેન રાત્રે છાનાંમાનાં જઇ મળી આવે. આ લગ્નથી અજ્ઞાત લોકસમાજે એમની કલ્યાણપ્રવૃત્તિઓને પણ સ્વીકારવાની ના સુણાવી. કેટલાક ધર્મધ્વજી બ્રાહ્મણો તો કર્વેને ઘેર આવી ધર્મનું સત્યાનાશ કરવા માટે ગાળોનો વરસાદ વરસાવતા. આવા અવરોધો, આટલાં દુઃખો છતાં કર્વે જંપીને ન બેઠા. આ પ્રસંગોથી એમનું હૃદય વધારે કઠણ બન્યું અને હિંમત ખુબ જ વધી. ત્યાર પછી એમણે વિધવાવિવાહનો પ્રચાર કરવાનો ઉદ્યોગ આરંભ્યો. આખરે દસ વર્ષ પછી જ્યારે લોકસમાજ જંપ્યો ત્યારે જ એ ઘરમાં પગ મુકવા પામ્યા.

આમ એક બાજુ નવો સંસાર સમતાપૂર્વક ધપાવ્યે રાખી બીજી બાજુ એમણે વિધવાવિવાહના પ્રચારનું કામ આગળ વધારવા 'વિધવા વિવાહોત્તેજક મંડળ'ની સ્થાપના કરી. અને તે વખતના સુધારકો હ. ગો. પાધ્યે, વા. મ. કોલ્હટકર, પરાંજપે, શં. સી. ફડકે, ગોવંડે વગેરેએ એમને સહાય આપવા માંડી. ધીરેધીરે કર્વેએ પોતાના બધા યે બચત વખત અને રજાઓનો ઉપયોગ આ મંડળીને સંગીન બનાવવામાં કરવા માંડ્યો.

ઇ. સ. ૧૮૯૪ની ૨૧મી મેને રોજ પૂનામાં કર્વેએ મહારાષ્ટ્રના પુનર્વિવાહિતોનો એક કુટુંબમેળો ભરી અરસ્પરસ સહકાર ને વિચારણાઓની આપલે કરી.

બીજે વર્ષે તો એ મંડળીનું પ્રમુખસ્થાન ડૉ. સર ભાંડારકરે લીધું અને એનું પ્રચારકાર્ય જોશભેર આગળ વધ્યું. ઈ. સ. ૧૮૯૭ની સાલમાં ઉમરાવતીમાં એવો બીજો કુટુંબમેળો ભરાયો અને એમાં પુનર્વિવાહિતોએ જ અરસ્પરસ લગ્નવ્યવહારો જોડવા એમ ઠરાવ્યું. આમ એક નવા જ સમાજની રચના બની. દિવસેદિવસે આ કાર્યની સંગીન અસર સમાજમાં જામતી ગઇ.

કર્વેની કાર્યપદ્ધતિમાં એક ખાસ વિશેષતા એ હતી કે એ જુનાં માણસોનું મન બને એટલું ઓછું દુભાવવાની ખુબ કાળજી રાખતા અને સુધારકોને ઓછું ન આવે એવો પણ પ્રયત્ન કરતા. એટલે 'વિધવા વિવાહોત્તેજક મંડળી'નું નામ બદલી 'વિધવા-વિવાહ પ્રતિબંધ નિવારક મંડળી' નામ રાખ્યું. પાંચસાત વર્ષમાં તો સતત પ્રચાર, સંગીન આચાર, નિષ્કલંક નાણાંવ્યવસ્થા અને કાર્યદક્ષ તથા સહૃદયી કાર્યકરો —આ બધાને પરિણામે કાર્યનો વેગ અજબ વધ્યો. આ સંસ્થા બરાબર સ્થિર થઇ એટલે કર્વેએ ઈ. સ. ૧૯૦૦માં એના મંત્રીપદનું રાજીનામું આપ્યું અને એ ચળવળને વધારે સ્થાયી ને ઉપયોગી બના-

વતા એમણે વિધવાશિક્ષણ તરફ પોતાની શક્તિ વાળી.

૩

એ કાળમાં વિધવાશિક્ષણ એ એક નવો જ કોયડો હતો. લોકસમાજ એની આવશ્યકતાથી બેખબર હતો, સુશિક્ષિત સમાજ આંખ આડા કાન કરતો અને સ્થિતિચુસ્તો તો એ વિચારથી જ ભડકતા.

આવી કઢંગી પરિસ્થિમાં મહારાષ્ટ્રનાં એક સુપુત્રી પંડિતા રમાબાઇએ આ કાર્યને પોતાનું જીવનકાર્ય બનાવી મુકી પહેલાં મુંબાઇમાં અને પછી પૂનામાં 'શારદા સદન' નામની સંસ્થા કાઢી વિધવાશિક્ષણની શરૂઆત કરેલી. એ જ વખતે બીજો પ્રયત્ન બંગાળમાં થયો હતો. પુણ્યશ્લોક ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરના પરમ ભક્ત બાબુ શશિપાદ બૅનરજીએ ૧૮૮૭માં કલકત્તા પાસે બારાનગરમાં પોતાને ઘેર એક નાનકડું વિધવાગૃહ સ્થાપી એ કાર્યનો પાયો નાખ્યો હતો. અને ત્રીજી શરૂઆત રાજમહેન્દ્રીવાળા રા. બ. વીરેશ લિંગમ પંતલુએ મદ્રાસમાં એક વિધવાગૃહ સ્થાપી કરી હતી.

પંડિતા રમાબાઇ પોતે ખ્રિસ્તી હોવાથી અને ખ્રિસ્તી ધર્મના પ્રચારનો કંઇક છુપો ઉદ્દેશ હોવાથી 'શારદા સદન' ઉપરથી લોકોનો વિશ્વાસ ઉડી ગયો. એવે વખતે મહારાષ્ટ્રમાં વિધવાશિક્ષણની પ્રવૃત્તિને નિષ્કામ ભાવે પોતાની કરી લેનાર કર્વેએ પોતાની જીવનશક્તિના વેગથી એ કાર્યની નાવ હંકારી.

ઇ. સ. ૧૮૯૬ના જુન માસની ૧૪મી તારીખે ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકરના પ્રમુખપણા નીચે 'અનાથ બાલિકાશ્રમ' માટે એક વગદાર સમિતિ બનાવી કર્વેએ પોતાના જીવનકાર્યની શરૂઆત કરી. પોતે કંઇ પણ આપ્યા વિના આ સંસ્થા માટે બહારથી મદદ માગવી એ ઇષ્ટ નથી એમ જાણી એમણે પોતે કરકસર કરીને બચાવેલા રૂ. ૧૦૦૦ એમાં પહેલા મુકયા અને પછી જાહેર અપીલ કરી. શરૂઆતનાં બેત્રણ વર્ષ તો એમણે ફંડ ઉઘરાવવાની, પ્રચારકાર્યની તથા જે વિધવાઓની અરજી આવે તેમને શિષ્યવૃત્તિ આપવાની જ હીલચાલ કરી.

આવી રીતે શિષ્યવૃત્તિઓ લઇ સાત વિદ્યાર્થિનીઓ ફીમેલ ટ્રેનિંગ કૉલેજમાં અને હાઇસ્કૂલમાં ભણતી. આખરે ૧લી જાન્યુઆરી ૧૮૯૯ને દિવસે શ્રી કર્વે અને આનંદીબાઇએ પૂનાના સદાશિવ પેઠમાં એક નાના શા મકાનમાં એક વિધવાથી 'અનાથ બાલિકાશ્રમ'ની શરૂઆત કરી.

પણ આશ્રમ શહેર બહાર હોવો જોઇએ એવું માનનાર કર્વેને શહેર પસંદ ન પડયું. આખરે રા. બ. ગોખલે નામના એક ઉદાર ગૃહસ્થે હિંગણેનાં પોતાનાં ઝુંપડા આપી દીધાં, અને કર્વેએ ૫૦૦ રૂપિયા ખર્ચી કામચલાઉ ઝુંપડાં સુધરાવી આશ્રમને ત્યાં ખસેડયો. આખો દિવસ કૉલેજનું કામ પુરૂં કરી સાંજરે આશ્રમમાં જવું અને સવારે પાછા આવવું આ કાર્યક્રમ શરૂઆતમાં ઘણાં વર્ષ ચાલ્યો. પછી તો વિદ્યાર્થિનીઓ વધીને આઠ થઇ અને આનંદીબાઇ ઉપરાંત કર્વેનાં સાળી પાર્વતીબાઇ આઠવલે પણ એમને મદદ કરવા આવી મળ્યાં.

આ આશ્રમનો ચિતાર કર્વે પોતાના શબ્દોમાં આપે છેઃ 'ચોમાસામાં રસ્તો કાદવ કીચડથી ખરાબ થઇ જતો. આવો ખરાબ રસ્તો હોય છતાં હું જવાનું ચુકતો નહિ. વખત થાય કે સર્વ આશ્રમવાસીઓ મારા આવવાના રસ્તા તરફ મીટ માંડી રહેતા અને હું નજરે પડયો કે ખુશ થતા. હું ત્યાં જાઉં એટલે ખભે સામાનનો ભાર તો હોવાનો જ. ચોમાસામાં તો અમારા ત્રાસની સીમા જ નહિ. ઘરનાં છાપરાં ઉપરથી નળિયાં ચુવે. અમારે અંદર કામળા અને બીજું એવું કંઇક પાથરી સુવું પડે. ચારે તરફ કાદવ, પથરા અને બાવળના કાંટા એ અમારી સમૃદ્ધિ. પણ આ કાર્ય દિલની દાઝનું અને સ્વયંસ્ફૂર્તિનું હતું એટલે આ કષ્ટને અમે હર્ષપૂર્વક વધાવી લેતા. કેટલીક વખત તો અંતઃકરણ ભરાઇ જાય, આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છતાં હૈયું કઠણ કરીને પગને આશ્રમને માર્ગે કુચ કરાવતો હું પ્રભુ ઉપર શ્રદ્ધા રાખીને ચાલ્યો જાઉં.'

પછી તો ધીરેધીરે વિદ્યાર્થિનીઓ વધી, ફંડ વધ્યું અને આશ્રમનું પોતાનું મકાન થવાનું સુભાગ્ય આવ્યું.

ફંડ ઠીક થયું; પણ મકાન બંધાવવામાં પૈસા હજી ખુટતા હતા. કર્વેએ પોતાના જીવનની વીમા પૉલિસી ઘરેણે મુકવા ઠરાવ્યું, પણ એટલામાં અણધારી મદદ આવી પહોંચી અને પૉલિસી બચાવી શકાઇ. પણ કર્વેને હવે એ પૉલિસી પોતાની ન લાગી. વિચારમાં તો એમણે એ આશ્રમને જ અર્પણ કરી દીધેલી.



'પૂર્ણિમા પાછી ઉગી રે'

ચિત્રકાર: રસિકલાલ ન. પરીખ



સહચરીઓ

ચિત્રકાર : કનુ દેસાઇ

કુમાર
વૈશાખ
૧૯૮૪

એટલે આખરે એ પૉલિસી એમણે આશ્રમને ભેટ જ આપી દીધી.

ઇ. સ. ૧૯૦૨માં આશ્રમનું મકાન બંધાઇ રહ્યું. આ મકાનફંડના પૈસા એકઠા કરવામાં કર્વેએ રાતદિવસ નથી જોયાં અને પોતાની જાત નીચોવીને પૈસા એકઠા કર્યા છે. આજે વૃદ્ધાવસ્થામાં પણ ગામડે ગામડે ફરી પોતાની વિદ્યાપીઠ કાજે એક આનો અને એ આનાનું દાન ઉઘરાવીને સ્મિત કરતા જેમણે એમને નિહાળ્યા છે તેમને જ આનો ખરો ખ્યાલ આવશે. એટલે જ આજે હિંગણેની ઇમારતોનો એકેએક પત્થર કર્વેના પરસેવાનું સ્થૂળ સ્વરૂપ લાગે છે.

પાર્વતીબાઇ આશ્રમમાં આવ્યા પછી શ્રીમતી કાશીબાઇ અને વેણુબાઇ નામજોશી જેવાં સંસ્કારી અને ત્યાગી બ્હેનોએ આશ્રમનો ભાર પોતાને માથે લઇ કર્વેને કંઇક ભારમુક્ત કર્યા. એ વખતે જ મહારાષ્ટ્રનાં પહેલાં સ્ત્રી ગ્રેજ્યુએટ શ્રીમતી કૃષ્ણાબાઇ ઠાકુર એમ. એ. પણ આશ્રમમાં જોડાયાં અને આશ્રમની પ્રતિષ્ઠા વધી.

ધીરેધીરે કર્વેની તપશ્ચર્યાનું મૂર્ત સ્વરૂપ 'અનાથ બાલિકાશ્રમ' પૂનાનું તીર્થધામ થઇ પડ્યું. પૂને આવતો પ્રત્યેક સંસ્કારી સજ્જન આ આશ્રમને નિરખી આંખ ઠારતો. ગાંધીજી, લજપતરાય, માલવીયજી અને દેશબંધુ જેવા નેતાઓ તથા લૉર્ડ સિડનહામ ને સર સયાજી જેવા સત્તાધીશોએ પણ આશ્રમની ઉંચી સંસ્કારિતાનાં વખાણ કર્યાં છે.

જે હિંગણેની જગ્યામાં પહેલાં એક પણ માણસની વસ્તી નહોતી ત્યાં આજે એક નાનકડું ગામ વસી ગયું છે. વિદ્યાર્થિનીઓ, કાર્યકરો અને તેમનાં કુટુંબ મળીને ત્યાં આજે ૩૦૦ માણસો વસે છે. જ્યાં રસ્તાની વાત ન હતી ત્યાં પાકી મોટર સડક અને નાની શી પોસ્ટઑફિસ પણ થઇ ગયાં છે. હિંગણે આજે મહારાષ્ટ્રનું નમુનેદાર ગામડું બની રહ્યું છે.

પણ કર્વેનું જીવનકાર્ય તો હજી હવે પ્રકાશતું હતું. એકલા વિધવાશિક્ષણ પર જ નહિ રહેતાં એમની વિશાળ દૃષ્ટિ સમસ્ત મહિલાશિક્ષણ ઉપર ઠરી અને એમણે 'મહિલા વિદ્યાલય' ની સ્થાપના કરી. શરૂઆતમાં વિદ્યાલયની સ્થિતિ પણ કઢંગી રહી. પણ નારીકલ્યાણનું જેણે વ્રત લીધું હતું એવા સાધુમૂર્તિ કર્વે આવી પરિસ્થિતિથી ગભરાય એવા ન હતા. અનાથ બાલિકાશ્રમની જેમ મહિલા વિદ્યાલયમાં પણ વખત જતાં વિદ્યાર્થિનીઓ વધી. કોઇ પણ જાતના ધાર્મિક કે સામાજિક ભેદભાવ રાખ્યા વિના માનવતાના કલ્યાણ કાજે છુટે હાથે પૈસા વેરતું મુંબાઇનું 'વાડિયા ચૅરિટી ટ્રસ્ટ ફંડ' વાડિયા કુટુંબનું એક જ્વલંત અને અમર સ્મરણ છે. એના દ્રવ્યથી કેટલાં ય



શા કારણે ?

: મુક્તધારા છંદ :

શા કારણે બ્હેન મારાં ગુંચવાયાં આજ તમે
ગુંથી ગુંથી કલ્પનાની અવનવી દોર ?
અજબ આકાશ માંહ્ય રૂપેરી રંગે છે રંગી
ગુંચવણભરી એવી તારલાની કોર.
ગહન ગગન તણા ખેલ નવ જાણે કોઇ
તારા ને નક્ષત્ર વળી ગ્રહ રમે રોજ,
છુપાં એવાં હૈયાં તણી વાત કેમ જાણી શકું
ઇચ્છા થાય કહે બ્હેન ! હોય તારી મોજ !

એવાં તે શાં દુ:ખ બ્હેન ! આવી પડ્યાં તારે માથે
શાથી તું દુભાતી દુ:ખ ઉર ધરી, બોલ !
આકાશેથી તારો ખરે તેમ તારો શ્વાસ વહે
કળી ન શકાય હુંથી, ઉરદ્વાર ખોલ !
મન મુકી વાત કરે, પલકમાં ભેદ ટાળુ
દૂરની યે વસ્તુ તને લાવી આપું પાસ;
છાનાં શશિ સૂર્ય જેમ વાત કરે, ભેદ ભાગે
એમ બ્હેન ! વીર તારો પુરે તારી આશ.

શાન્તિલાલ છોટાલાલ શાહ

અજ્ઞાન જ્ઞાનદૃષ્ટિ પામી દેખતાં થયાં છે, ઘણાં અનાથો આજે પગભર બની ગયાં છે અને ઘણા રખડતા કામે લાગી ઉદ્યોગી બની ગયા છે. કર્વેનું કામ જોઇને એ ફંડમાંથી એના ટ્રસ્ટીઓએ એક સારી જેવી રકમ ભેટ મોકલી અને મહિલા વિદ્યાલયનું કાર્ય જોશભેર આગળ વધ્યું. પછી તો એનું પોતાનું સુંદર અને સગવડભર્યું મકાન થયું અને એની પ્રતિષ્ઠાનો પ્રકાશ આખા ય મહારાષ્ટ્રમાં તેમજ મહારાષ્ટ્ર બહાર પહોંચી ગયો.

કર્વેની આ સંસ્થાઓ કેટલી આશીર્વાદ રૂપ થઇ પડી છે એનું એક સુંદર દૃષ્ટાંત આ રહ્યું: કોકણના એક નાના શા ગામડામાં એક મધ્યમ સ્થિતિનો સંસ્કારી ખેડુત પોતાની છ દીકરીઓની ચિંતામાં પડ્યો હતો. દીકરીઓ તેજસ્વી પણ પૈસા ઓછા. વળી, ક્યાં યે વિશ્વાસવાળું એવું ઠામઠેકાણું મળે નહિ, જ્યાં છોકરીઓને સંકોચ વિના વીલી મુકી શકાય. માબાપ દરરોજ શેર લોહી બાળતાં. એટલામાં મહિલા વિદ્યાલયનો મધુર સૂર ત્યાં પહોંચ્યો અને એની પ્રતિષ્ઠાભરી શુદ્ધતાથી આ કુટુંબ આકર્ષાયું. પિતાએ પોતાની છ યે દીકરીઓને હિંગણેમાં લાવી કર્વેને ચરણે ધરી દીધી. આ છોકરીઓની સંસ્કારિતા અને તેજસ્વિતા આજે જોઇએ તો છક્ક થઈ જઇએ. આમાંથી લગભગ ઘણી તો આજ ઉત્સાહપૂર્વક મહારાષ્ટ્રના નારીસેવાસંઘમાં કાર્ય કરે છે.

સ્ત્રીઓના માનસના ઉંડા અભ્યાસી કર્વેની ચકોર દૃષ્ટિએ વળી એક નવીન દિશા શોધી કાઢી. મહારાષ્ટ્રમાં જુવાન સ્ત્રીપુરુષોના સહશિક્ષણનો અખતરો કરી તેને સફળ બનાવનાર આ સાહસિક નરે મહારાષ્ટ્રમાં જ્યાં સ્ત્રીઓની સંસ્થાઓ વિષે વિરોધ હતો એવા કામમાં આ સહશિક્ષણનો અખતરો આરંભ્યો અને છોકરાઓની હાઇસ્કુલમાં અને ટ્રેઇનિંગ કોલેજમાં છોકરીઓને પણ દાખલ કરી. આ અખતરો એવો તો સફળ થયો કે આજે પૂનાની હાઇસ્કુલોમાં અને કૉલેજોમા છોકરીઓની સંખ્યા સાંભળનાર કે જોનાર ચકિત થઈ જાય છે.

જેમજેમ કર્વેના મનોરથો ફળતા ગયા તેમતેમ એમનામાં નવું જીવનબળ આવતું ગયું. હવે આ આખી યે હીલચાલને સ્થાયી સ્વરૂપ આપવાનો કર્વેએ નિશ્ચય કર્યો. સ્ત્રીશિક્ષણને જ પોતાનો જીવનધર્મ સમજનારાં અને નારીકલ્યાણની જ ભાવનાને સતત સેવનારાં ઉત્સાહી અને સંસ્કારી સ્ત્રીપુરુષોનો એક સંઘ સ્થાપવાની તેમણે ધારણા રચી. કર્વેમાં અનુકરણીય સદ્‌ગુણ તો ખાસ એ છે કે એ જે શુભ વિચાર કરે છે એના અમલમાં જરા યે ઢીલ કરતા નથી. અને આ સુટેવથી કર્વે એકલા વિચારક જ નથી, પણ ચિંતનશીલ કર્મયોગી છે.

૧૯૧૦માં એમણે 'નિષ્કામ કર્મ મઠ'ની સ્થાપના કરી પોતાની આ કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપ્યું. પ્રથમ તો આ સંઘમાં કર્વે સાથે બીજા બે જ માણસો જોડાયા; પણ પછી એમની તપશ્ચર્યા અને એકનિષ્ઠાએ ઘણાને આકર્ષ્યા અને મઠ પગભર થયો. ખાવા પુરતું લઇને પોતાની બધી યે જીવનશક્તિ સ્ત્રીસેવાના કાર્યમાં વાપરનાર સેવકસેવિકાઓના આ સંઘે મહિલા વિદ્યાલય અને અનાથ બાલિકાશ્રમના પાયામાં લોહીનું ખાતર પુરીને એના ડગમગતા પાયા સ્થિર કર્યા છે. આ મઠમાં કર્વેને સહાય કરનાર શ્રી ગાડગીલ અને શ્રી કોલગેકરનાં સેવા અને ત્યાગ પણ વિસરાય એવાં નથી. મઠમાં પૈસા ખુટતા ત્યારે સેવક અને સેવિકાઓ ધન ઉપરાંત ધાન્યની પણ ભિક્ષા માગતાં નહોતાં અચકતાં. આમ પોતાના નિર્માણ કરેલા જીવનકાર્ય માટે લાજશરમને પરાઇ કરીને મથનાર આ સંઘની પ્રતિષ્ઠા વિરોધો જતાં વધી અને સ્થિર થઇ.

પરંતુ આમ જુદીજુદી સંસ્થાઓનું વ્યક્તિત્વ વિકસાવતાં અરસપરસ અજાણ્યે પણ કોઇને સહન કરવું પડે એ ઠીક નહિ એમ ધારી કર્વેએ મઠ, વિદ્યાલય અને આશ્રમ એ ત્રણે સંસ્થાઓનો સંગમ કરવાનો નિર્ણય કર્યો અને ખુબ વિરોધો છતાં કર્વેની નમ્ર અને વિશુદ્ધ તપશ્ચર્યાએ ફતેહ આણી. આમ આ ત્રિવેણીસંગમ થવાથી એક નવો અને વેગવંતો પ્રવાહ ધસમસતો ચાલ્યો. આ ત્રણે સંસ્થાઓએ મળીને પોતાનું નવું બંધારણ રચ્યું અને એકત્ર સંસ્થાની પ્રગતિ દિવસેદિવસે મુગ્ધ કરે એવી રીતે વધવા માંડી.

ધીરેધીરે મહારાષ્ટ્રનાં તેજસ્વી અને સંસ્કારી જુવાન સ્ત્રીપુરુષોએ આ કાર્યને પોતાનું જીવનકાર્ય બનાવી કર્વેને સથવારો આપી એમનો ભાર હલકો કર્યો.

અને આજે તો હજારો રૂપિયાનાં વાર્ષિક આવક અને ખર્ચ ઇશ્વિરકૃપાથી ત્યાં અવિરત ચાલ્યાં જ કરે છે.

કર્વેએ આ સહજ નિરાંતનો સમય પણ વ્યર્થ ન જવા દીધો. આ નારીકલ્યાણની પ્રવૃત્તિઓમાં એમને પોતાના કુટુંબ તરફ કુદરતી ઓછું લક્ષ થયું હતું. તેથી તેમણે કુટુંબને ફરી લક્ષમાં લીધું અને એની નવી રચના કરી એને સમૃદ્ધ કર્યું.

આજે એમના બધા યે પુત્રો સંસ્કારી અને તેજસ્વી છે. મોટા પુત્ર રઘુનાથ એમ. એ. છે. બીજા પુત્ર શંકરરાવ આફ્રિકામાં હિંદીઓ માટે પોતાની નાની શી હૉસ્પિટલ ચલાવી રહ્યા છે. ત્રીજા પુત્ર દિનકર એમ. એસસી., પી. એચ. ડી. હોઇ ફર્ગ્યુસન કૉલેજના આજન્મ અધ્યાપક બની ગયા છે. ચોથા ભાસ્કર બી. એસ. સી. પાસ કરી આગળના અભ્યાસ માટે ઈંગ્લંડ જવાની તૈયારી કરે છે.

કર્વેની પુત્રવધુઓ પણ ચતુર અને સંસ્કારી છે. પ્રો. દિનકરનાં પત્ની સૌ. રેવતીબાઈ કર્વેએ તો ફર્ગ્યુસન કૉલેજમાં બી. એ. માં પહેલે નંબરે આવી બુદ્ધિમાન છોકરાઓનું ગર્વખંડન કર્યું છે.

આ સંસ્કારી અને સુખી કુટુંબ ઉપર વાત્સલ્યનો પ્રવાહ વહાવતા વૃદ્ધ કર્વે આજે એમના અવતારની ધન્યતા અનુભવી રહ્યા છે.

૪

ઘડપણમાં જ્યારે દુન્યવી વ્યવહારોથી થાકેલો મનુષ્ય આરામ શોધે એવા કાળમાં કર્વેએ જુવાનને શરમાવે એવા બમણા જુસ્સાથી પોતાનું જીવનકાર્ય આગળ ધપાવ્યું. સ્ત્રીશિક્ષણના આ પિતાને આટલેથી સંતોષ ન થયો. મહારાષ્ટ્રમાં સ્ત્રીઓને માટે જુદી જ વિદ્યાપીઠની વિચારણા તેમણે ચલાવી. આ કલ્પના એમણે મિત્રો આગળ મુકી ત્યારે સૌએ એમને તરંગી ધારી હસી કાઢ્યા. પણ આખું જીવન જેણે મુશ્કેલીઓ અને દુઃખો વટાવીને જ વિતાવ્યું હોય તેને આ મશ્કરીની શી વિસાત ?

૧૯૧૫ની એક નમતી સંધ્યાએ ફર્ગ્યુસન કૉલેજમાં પૂનાના સ્ત્રીશિક્ષણમાં રસ લેનારાઓની એક નાની શી સભામાં 'મહારાષ્ટ્ર માટે મહિલા વિદ્યાપીઠની આવશ્યકતા' એ પ્રશ્ન ઉપર વિવાદ ચાલતો હતો. એક વૃદ્ધ સહૃદય આત્માને સૌ હસતા હતા. સભા કંઇ પણ નિર્ણય વિના પુરી થઇ. પણ બહાર નીકળતાં ચારપાંચ સહૃદય મિત્રોએ કર્વેની પીઠ થાબડી સહાય કરવાનું કબુલ્યું. આ મિત્રોમાં મહારાષ્ટ્રના આજના નેતા શ્રી કેલકર, રાષ્ટ્રીય શિક્ષણના આત્મા આચાર્ય વિજપુરકર, શિક્ષણશાસ્ત્રી આચાર્ય કાનિટકર હરિભાઉ લીમયે અને શ્રી ગાડગીલ હતા.

આ વિદ્યાપીઠનો વિચાર શ્રી ગાડગીલને ખુબ જ ગમ્યો. તેમણે તરત જ દર વર્ષે એક હજાર એમ દસ વર્ષ સુધી એ રકમ ભેટ આપવા કબુલી. આટલાં નાણાંએ કંઇ વિદ્યાપીઠ ન નીકળે; પણ આ દાને કર્વેના પગમાં નવું બળ પુર્યું. અને ૧૯૧૫ના ડિસેમ્બરમાં મુંબાઇમાં મળેલી અખિલ ભારતવર્ષીય સામાજિક પરિષદના પ્રમુખસ્થાનેથી કર્વેએ આ ભવ્ય સૂર સંભળાવ્યો.

ત્યાર પછી તો અવિશ્રાંતપણે ભટકીભટકીને કર્વેએ આ વિચાર માટે સંસ્કારી વાતાવરણ કેળવ્યું અને નાણાં એકત્ર કરવાનો પ્રયત્ન કર્યો.

બનારસ હિંદુ વિદ્યાપીઠના સંમેલનમાં ડૉ. એસન્ટની સુચનાથી કર્વેએ મહારાષ્ટ્ર મહિલા વિદ્યાપીઠને બદલે ભારત મહિલા વિદ્યાપીઠનો નિરધાર રચ્યો અને એમણે તથા એમના મંડળે આખા ભારતવર્ષમાં આનો મતપ્રચાર કર્યો.

અંતે, કર્વે જે સ્વપ્ન વર્ષો થયાં સતત સેવતા તે સ્વપ્ન ૩જી જુન ૧૯૧૬ને દિવસે સિદ્ધ થયું. આ દિવસે એ વિદ્યાપીઠની સેનેટની પહેલી સભા મળી અને એણે પૂનામાં મહિલા પાઠશાળા શરૂ કરી. શરૂઆતમાં તો વિદ્યાપીઠના મહામાત્ર અને પાઠશાળાના આચાર્યના કાર્ય કર્વે પોતે જ કરતા. પણ પછી તો દિવેકર અને આથવળે જેવા જુવાનોએ એમને ભારમુક્ત કરી દીધા.

વિદ્યાપીઠે એક વર્ષ વીતાવ્યું અને ૧૯૧૭માં આફ્રિકાવાસી શ્રી વિઠ્ઠલ રાઘોબા લાંડેએ પોતાની ૪૦,૦૦૦ની મિલકતનું ટ્રસ્ટ વિદ્યાપીઠને અર્પણ કર્યું.

વિદ્યાપીઠનું કામ હવે જામતું હતું, ત્યાં ૧૯૧૮માં સર વિઠ્ઠલદાસ ઠાકરશી જગતને પ્રવાસે નીકળ્યા. એ વેળા લેડી ઠાકરશી સાથે કર્વેની શિક્ષણસંસ્થાની એક તેજસ્વી બાઇ સહચારી તરીકે ગએલી. આ સૌએ જાપાનમાં સ્ત્રીઓના વિદ્યાપીઠ જોઇને આંખ ઠારી

અને ત્યાં જ શેઠે નિશ્ચય કર્યો કે ભારતમાં પણ આવી વિદ્યાપીઠ હોવી જોઇએ. સ્વદેશ પાછા ફર્યા પછી તેમણે આ કાર્ય માટે કર્વેને મુંબાઇ બોલાવ્યા. આચાર્ય પરાંજપે અને કાનિટકર સાથે તેમણે મુંબાઇમાં સર વિઠ્ઠલદાસની મુલાકાત લીધી અને આ જ મુલાકાતમાં એમણે વિદ્યાપીઠને પંદર લાખ રૂપિયાની ઉદાર સખાવત જાહેર કરી. ૧૯૨૦ના જુનમાં વિદ્યાપીઠની સેનેટે આ મદદ ધન એમની શરતો સાથે ઉપકાર સહ સ્વીકાર્યું. પછી તો ક્રમેક્રમે વિદ્યાપીઠનું કાર્ય વિસ્તરતું ગયું અને આજે તો એ વટવૃક્ષની વડવાઇઓ આખા યે ભારતમાં પ્રસરી ચુકી છે.

હિંગણેમાં આજે મહિલા વિદ્યાલય, અનાથ બાલિકાશ્રમ, મહિલા ટ્રેઇનિંગ કૉલેજ, પ્રાથમિક શાળા, છાત્રાલયો અને પાસે જ એરંડવણેમાં મહિલા પાઠશાળા અને વિદ્યાપીઠ કોઇ અજબ વિકાસ સાધી રહ્યાં છે. આમ સ્ત્રીશિક્ષણનું એક નાનકડું સ્વરાજ ધીરે-ધીરે છતાં સંગીન રીતે પોતાનાં કલા વિસ્તારતું જાય છે.

આ નાના શા સ્વરાજના સરમુખત્યાર, અનેક વિધવાઓના અને અનાથ બાલિકાઓના ધર્મપિતા, કેટલી યે નિરાધાર મહિલાઓના પાલનહાર અને નારીકલ્યાણની ભાવનામૂર્તિ શ્રી કર્વેની ૭૨મી જન્મજયંતિ હમણાં જ ઉજવાઇ છે. સમાજની એક અનન્ય વિભૂતિ સમા એ નિષ્કામ કર્મયોગી શ્રી કર્વેને આપણી વંદના હો.

કિસનસિંહ ચાવડા

મોટા ડૉક્ટર ઇસ્પિતાલમાં દર્દીઓના વોર્ડમાં ફરે છે અને પાછળ વિદ્યાર્થીઓનું મોટું ટોળું ફરે છે.

ડૉક્ટરઃ (એક દર્દીને) તારો ધંધો શું છે?

દર્દીઃ સાહેબ, હું બૅંડમાં નોકર છું.

ડૉક્ટરઃ તને શું થયું છે?

દર્દીઃ છાતીના દર્દથી ઘણો હેરાન છું, સાહેબ!

ડૉક્ટરઃ (દર્દીની છાતી ઠોકી જોઈ) છોકરાઓ, મારા લેક્ચરમાં મેં તમને વારંવાર સમજાવ્યું છે કે સીસોટીઓ વગાડવાનો ધંધો કરવાથી છાતી ઘણી ખરાબ થઇ જાય છે. આ બીચારા વાજાવાળાની છાતી આખી યે રોગથી ખરાબ થઇ ગઇ છે. તે જોવાની હવે તમને તક મળશે. (દર્દીને) તું તારા બૅંડમાં કઈ જાતની સિસોટી વગાડે છે?

દર્દીઃ મોટું ઢોલ, સાહેબ!

ઙ

માસ્તરઃ ચાલો છોકરાઓ, આપણે વ્યાકરણ કરીએ. 'મગને રૂપિયો લીધો નહિ' એ વાક્યમાં મગન એ શું?

એક છોકરોઃ બેવકૂફ!

દ્વારકા

એક વિજ્ઞાનયાત્રા

[જાન્યુઆરી મહિનામાં મુંબાઈની યૂનિવર્સિટીએ કોપનહેગનથી ડૉ. એફ. બોરગેસનને મુંબાઈની આસપાસ દરિયાંમાં થતી વનસ્પતિની શોધ કરવા આમંત્રણ આપી બોલાવ્યા હતા. મુંબાઇનું અમારૂં કામ પુરૂં કરી વિજ્ઞાનની શોધ અર્થે અમારો કાફલો દ્વારકા ગયો હતો. ડૉ. બોરગેસન સાથે તેના સેક્રેટરી તરીકે જવાનું મારૂં ભાગ્ય હતું. આ લેખ કંઇક વિજ્ઞાન અને કંઇક સાહિત્યની દૃષ્ટિએ લખાએલો છે.]

દ્વારકાના નામ સાથે હિંદુઓનાં હૃદય કંઇક અગમ્ય રીતે સંકળાએલાં છે. હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાનો અણિયાળો છેડો, ખુલ્લા અરબી સમુદ્રનાં મોજાં ઝીલતો ધોવાતો પ્રદેશ, કદિ ન જોએલા કાઠિયાવાડમાં પાછલે દ્વારેથી પ્રવેશવાનો પ્રસંગ, કે વિજ્ઞાનની દૃષ્ટિએ ઉજ્જડ પ્રદેશનું નિરીક્ષણ,—આ બધાં કરતાં કૃષ્ણ, સુદામા અને શંકરાચાર્યનાં પાદારવિંદથી પાવન થએલી ભૂમિનાં દર્શન કરવાની આતુરતા વધારે હતી. મુંબાઇથી સવારે ઉગતા સૂર્યના તેજમાં દરિયાને ઝોલે ચડતી વખતે, ન જોએલા ભંડારમાં કોણ જાણે શાં રત્નો હશે એ જોવા ઉત્સુક થતા મન જેવી વિચારમાળા ચાલતી. દરિયાના ઊંડાણમાંથી વનસ્પતિ ખોદી કાઢવા માટે કરાવેલા ડ્રેજર્સ (Dredgers=જાળવાળી બિલાડીઓ) અને સ્ક્રેપર્સ (Scrapers=વાઘના પંજા જેવા પાવડા) કઈ ઉપયોગમાં આવશે કે કેમ એના અવ્યવસ્થિત વિચારો આવતા. મુંબાઇના બારાથી દૂર ને દૂર જતી સ્ટીમરમાંથી ક્ષિતિજ ઉપર બિંદુની માફક સાગરમાં અદૃશ્ય થતા મુંબાઇને જોતાં, માનવઅભિમાનને વિંટળાએલા મહાસાગરની મહાસ્મૃતિ થતી. મુંબાઇનો કોલાહલ બંધ થયો, મકાનોના ઘુમ્મટો અદૃશ્ય થયા, સઢથી ચાલતી મંદગતિ નાવો મળતી બંધ થઈ અને છેવટે ચોપાસ જળજળાકાર દેખાયું ત્યાં સુધી એકાગ્રચિત્તે સર્વે નિહાળી રહ્યા.

સ્ટીમર કેમ ચાલે છે, તેમાં કેવી વ્યવસ્થા હશે,

અકસ્માત જળશાયી થઇએ તો બચવાના શા ઉપાયો હશે તે સર્વ જોવામાં કેટલોક વખત ગયો. સ્ટીમર દેશી કંપનીની હોવાથી કપ્તાનને રાખવાનાં યંત્રોવાળી ઓરડીથી માંડીને બીજે છેડે છેક વાવટો બાંધવાના વાસ સુધી અમે અવરજવર શરૂ કરી. આગગાડીની મુસાફરીમાં ઠેરઠેર સ્ટેશનો કરતી ગાડીની મનુષ્યોની હેરફેરમાં થતી અગવડ અને સામાન ઘસડાઇ જવાની ચિંતા, એકબીજાનાં પાસાંમાં દબાઇને બેસવાની સંકડામણ અને ધુળથી કપડાં મેલાં થવાની ધાસ્તી ઓછી હતી. એક માત્ર સૃષ્ટિસૌંદર્ય જતું કરીએ તો, રેલવેની આ બધી અગવડો ન હોવાથી સ્ટીમરની મુસાફરી વધારે સારી લાગતી. પરંતુ નીચેના વર્ગોમાં માણસોની વખાર જેવી સ્થિતિ, લોકોની ગંદકી કરવાની ટેવ અને તે કરતાં યે નપાટ વેચાતી ખાવાની ચીજોથી ત્રાસ છુટતો. સ્ટીમરના ત્રીજા વર્ગમાં પણ, ભારખાનામાં પુરાએલાં ઘેટાં બકરાં કરતાં વધારે સારી સ્થિતિ તો નથી જ હોતી.

સાગરમાં નીલવર્ણાં જળતરંગો કે આકાશના મનોહર રંગ વિના બીજું જોવાનું પણ શું હોય? ફક્ત કવચિત દૂરથી પસાર થતી સ્ટીમર કે એકાદ જળચર દૃષ્ટિ આકર્ષે. સૂર્ય જળપટની નીચે સરી જતાં અંધારી રાત્રે સાગર ઉપર તરતા ગામ જેવી સ્ટીમરમાં માનવ અને સૃષ્ટિના કંઇક મુંઝવણભર્યા વિચાર હૃદયમંથન કરે છે. એમાં યે અમારો ચિત્રવિચિત્ર કઢંગો સામાન, વિચક્ષણ પોષાક અને તે કરતાં યે તોફાની ટીખળને લીધે અમે, સ્ટીમરનાં માનવોથી અટુલા રહ્યા. ન તો અમને કોઇ સમજે કે ન પ્રશ્ન પુછે.

પ્રભાતના આછાઝાંખા અજવાળામાં કાઠિયાવાડનો કિનારો દેખાવા લાગ્યો. જેમ સૂર્ય ઉંચે ચડતો ગયો અને સ્ટીમર પાસે પહોંચવા લાગી તેમ રેતાળ કિનારાનું ખરૂં સ્વરૂપ દેખાવા માંડ્યું. તાડ, નાળિયેરી અને કેવડાનાં ઝાડથી આચ્છાદિત કિનારો જોવાનું મોહભર્યું સ્વપ્ન સરી ગયું. હિંદમાતાના પાલવ સમી આ ધરતી ઉપર રેતીના ઢગ (Dunes) જડ્યા છે. આ રેતીના ઢગને

[નવા સર્જાતા ગુજરાતના તેજસ્વી જુવાનોની ગણતરીમાં આવે એવા આ લેખના લખનાર ભાઇ સુરેશ દીક્ષિત, ગુજરાતી વાંચનારી જનતાને પોતાના ' સૈનિક ' ઉપનામથી તો આજ સાતેક વર્ષ થયાં જાણીતા છે. 'યુગધર્મ' શરૂ થયું તે અરસામાં લશ્કરી કેળવણી વિષે એમણે એમાં લખવું શરૂ કર્યું ત્યારથી આજ સુધીમાં ' કૌમુદી ', ' સુવર્ણમાલા ' ને ' કુમાર 'માંનાં એમનાં લખાણોની વિચાર અને શૈલીની નવીનતાએ એમના તખલ્લુસ 'સૈનિક'ને જાણીતું કર્યું છે.




' સૈનિક ' : સુરેશ દીક્ષિત

ગુજરાતના સિપાહી ઇંદુલાલના એ પાસેના સગા થાય છે ને એમના જીવનની અસર તળે પોતાનું ઘડતર થયાનું ઋણ પણ એ સ્વીકારે છે. કાલેજના વિદ્યાર્થીઓને લશ્કરી તાલીમ આપવાના હેતુથી મુંબાઇ સરકારે યુ. ટી. સી. ની યોજના કૉલેજમાં પ્રથમ દાખલ કરી એ સમયમાં જ્યારે ગુજરાતીઓ એ યોજનામાં જોડાતાં ડરતા તે વેળાના શરૂઆતના ભરતી થનારા ગુજરાતીઓમાં એ હતા. તે પછી ઉત્તરોત્તર એમાં ઉજળી કારકીર્દિ દાખવી એ સાર્જન્ટ મેજરના હોદ્દા સુધી પહોંચ્યા અને હમણાં જ એમને લેફ્ટેનન્ટની પદવી સાથે ' કિંગ્સ કમિશન 'નું માન મળ્યું છે.

મુંબાઈ યુનિવર્સિટીમાં પ્રથમ બી. એ. ને પછી વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસક્રમ લઈ એ બી. એસસી. થયા છે ને તે પછી ત્રણ વરસ વિલ્સન કૉલેજમાં લેકચરર તરીકે રહી વનસ્પતિવિદ્યામાં આગળ શોધખોળ કરી એમ. એસસી. માટે ' થીસીઝ ' પણ લખી છે. કલા વિષેની એમની વિચારસરણી તો ' કૌમુદી 'માંના એમના લેખો પરથી જણાશે. ઉપરાંત ફોટોગ્રાફીનો એ સારો શોખ અને જ્ઞાન ધરાવે છે.

આમ ઉંચી ને વૈજ્ઞાનિક કેળવણી, લશ્કરી તાલીમ અને વિવિધ પ્રકાર તથા ક્ષેત્રની શક્તિઓ ધરાવતા, સંસ્કારી ચારિત્ર્યવાળા આ યુવાનનો, આવતી કાલના ગુજરાતના નવ સર્જનમાં જેવોતેવો ફાળો નહિ હોય એમ આપણે આશા રાખીએ.]



દ્વારકા : ગોમતીસંગમ પરના ઘાટ ઙ્ગ ફોટો : જામનગર ફોટો કંપની

લીધે કિનારો આથેથી કંઇક ડેનમાર્કના કિનારા જેવો દેખાય છે. વનસ્પતિ તો નહિ જ જેવી. થોડા ઘાસ કે વાળ જેવા નાના છોડવાથી આ ઢગનાં શિખરો શણગારાએલાં. લીલોતરીનો અભાવ એ આ સુકા પ્રદેશનો આવકાર છે.*

મુંબાઇના કિનારા કરતાં દ્વારકાના કિનારાની સ્વચ્છતા ચડિયાતી—બલ્કે અનુપમ લાગી. હદ ઉપરાંત માણસોના વસવાટથી મુંબાઇના એકેએક કિનારાનો ભાગ ગંદો અને મેલો થયો છે. અહીં તો સફેદ રેતી કે ખડક ઉપર સહજ રમવાનું મન થાય. સમુદ્રનાં નીર પણ અહીં એટલાં જ સ્વચ્છ છે. ખંભાતના અખાતથી માંડી છેક પશ્ચિમ ઘાટના છેડા સુધીનો પ્રદેશ ધોવાઇને દરિયાના પાણીને બગાડે છે; અને તેમાં યે 'લવ ગ્રુવ' પાસે વૈતરણી જેવી મુંબાઇની ગટરો ખુલ્લી પાણીને નર્ક રૂપ કરી નાખે છે. જ્યારે દ્વારકાનાં પાણી તો એટલાં પારદર્શક છે કે ઠેઠ ત્રણ-ચાર ફૅધમ ઉંડે ઉગતી વનસ્પતિ, કે રેતીમાં ક્યાંક ક્યાંક છુપાએલા ખડક ચોખ્ખાં જોઇ શકાય છે. ક્યાં માનવની ગંદકી અને ક્યાં કુદરતની સ્વચ્છતા! આની ખુલ્લી અસર દરિયામાં વસનાર પ્રાણી અને વનસ્પતિ ઉપર પણ થાય છે. આ અરબી સમુદ્ર કરતાં આટલાંટિકનું ભૂરૂં નિર્મળ જળ તો કેવું યે સ્વચ્છ હશે!

સ્ટીમર સ્થિર થતાં, આકાશમાંથી વેરાતા ગુલાલ જેવા પ્રભાતના રંગોમાં સ્નાન કરતું સમસ્ત હિંદુઓનું પાવક મંદિર ઘડીક ચક્ષુચુંબક થઇ રહ્યું. દૂર ચાર ઝુલના હાથી ઉપર બાંધેલી અંબાડી જેવું લાગતું એ રણછોડજીનું શ્વેત મંદિર આર્ય હૃદયનું પ્રતિબિંબ છે. બીજાં અનેક નાનાં મંદિરોનાં નાળિયેર જેવા ઘુમ્મટો વચ્ચે શોભતા એ ગગનચુંબિત શિખર પર હિમગિરિ જેવી શ્વેત ધજાથી પ્રભુતાના કૈંક ભણકાર પડે છે.

* આ ઢગ વિષે 'ફિક્સેશન ઑફ સૅન્ડ ડ્યૂન્સ' નામનો આપણા વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી રા. જયકૃષ્ણ ઇંદ્રજીનો સારો રસિક લેખ પૂના ઍગ્રિકલ્ચરલ મૅગેઝિનના ફેબ્રુઆરીના અંકમાં વાંચી શકાશે.





(૧) થોરનાં વન (૨) રેતીના ઢગ (૩) ચેરના છોડ ❖ ફોટો : ' સૈનિક '

પણ માનવ નિર્દયતાનું એક કૌતક તો હવે જોવાનું હતું. સ્ટીમરમાંથી ઉતારૂઓને ઉતારવા કંઇ જ સગવડ નહિ. સ્ટીમરની સાંકડી સીડી ઉપરથી નીચે ઝોલાં ખાતા મછવામાં અદ્ધર ભુસ્કો મારવા જેવું જ હતું. વિવિધ દશ્યો નિરખવા માટે તલસતાં અમારાં નયનો સમક્ષ અપૂર્વ કોલાહલથી અમારો સામાન નીચે ગબડાવ્યો. કેટલાકો પોતાની પેટીઓ વગેરે પત્થર માફક ફેંકતા. બૈરાંનો કલબલાટ, છોકરાંની ચીસો અને પુરુષોના કારભારથી આખો યે ચિતાર કંઇક યુદ્ધ જેવો થઇ રહે. પ્રજાનું નિર્બળ મન, અને સુખ નહિ તો સગવડ પ્રત્યે પણ દુર્લક્ષનો આથી બીજો શો પુરાવો હોય! આના કરતાં તો દાળ અને ચોખાની ગુણોને સ્ટીમરના નિર્જીવ ઉંટડા (ક્રેઈન્સ) પણ વધારે કાળજીપૂર્વક નીચે ઉતારે છે. કંઇક મુસ્કેલીએ સ્ટીમરમાંથી મછવામાં અને મછવામાંથી બ્રાહ્મણોએ પાણી ઉપર ઉચકેલી ખુરશી ઉપર સવાર થઈ કોરી જમીન ઉપર પગ મુકયો.

રત્નાકર બંદરથી ગામ તરફ જતાં એક મકાન ખુબ આકર્ષે છે. ગામનાં ઝુંપડાં જેવાં મકાનો વચ્ચે મહેલ જેવો આ ભવ્ય વાસ કંઇક ગર્વથી ઉભો છે. લક્ષ્મીની ચમત્કૃતિભરી રેખાઓ તેના ઉપર છે. મકાનનો આખો યે ઘાટ દિલ્હી–આગ્રા તરફનાં મોગલ સમ્રાટોના વખતનાં મકાનો જેવો છે. એનો ઘાટ, એનું એ સ્વરૂપ અમારા આઘાતનું કારણ હતું. કળાના મર્દન સમી તેના અનાવશ્યક આડંબરની અસર નિરખી કોઈ મોગલ સુંદરીની કબર જેવી છાયા છવાતી. મહાસાગરના ઘુઘવાટમાં નાળિયેર જેવાં સુંદર શિખરોવાળાં મંદિરોથી વીંટળાએલા રણછોડજીના પવિત્ર મંદિર પાસે ઉભેલા આ લક્ષ્મીભવનનો ઘાટ અને આકાર લાંછન રૂપ લાગે છે. એને બદલે ચોપાસની સૃષ્ટિ અને સર્જનમાં સહેલાઈથી ભળી જાય એવું સુંદર અટારીવાળું મકાન હોત તો તેની પાછળ રહેલાં કળાભક્ત હૃદય અને લક્ષ્મીના નૃત્યથી સહેજે અંજાઇ નમી જવાત.

અમારો મુખ્ય આશય આ તરફની દરિયાઇ વનસ્પતિ ભેગી કરી તેનો અભ્યાસ કરવાનો હતો. પહોંચ્યા તે જ દિવસથી બપોરના ઓટ વખતે કિનારા આગળથી શોધખોળ શરૂ કરી.

દરિયાકિનારાના ચોખ્ખા ત્રણ વિભાગ થઇ શકે. (૧) રેતાળ (૨) પત્થરવાળો અને (૩) કાદવવાળો. આ ત્રણે વિભાગનાં જ્યાં મિશ્રણ થાય ત્યાં બીજા પેટાવિભાગ પડે તે જુદા. આ ત્રણે વિભાગ ઉપર જુદાજુદી વનસ્પતિ થાય. દ્વારકાનો કિનારો ખડકવાળો પણ પોચો છે. મુંબાઇના કાળા પત્થર અને દ્વારકાના સફેદ ચુનાઇ પત્થર વચ્ચેનો તફાવત જાણવા જેવો છે. દ્વારકાના કિનારા ઉપર મોજાં એટલા જોરથી અથડાતાં લાગે છે કે ખડકમાં મોટા ચીરા પડેલા છે. એવા જુદા પડી ગએલા એક ખડક ઉપર એકાદ નાનું મંદિર સમુદ્રને ખાળી રહે છે. મુંબાઇ જેવો કાદવવાળો કિનારો તો અમે અહીં ક્યાં યે ન દીઠો; પણ અંદર પડતા ભાગોમાં ચેર અને લુણીથી છવાએલો કાદવવાળો ભાગ ઘણો છે.

દ્વારકાનો રેતાળ કિનારો સારો છે. પણ અહીં કોડાકોડી કે છીપો એટલાં સરસ ન લાગ્યાં. અહીંના બજારમાં વેચાતા શંખ, કોડા અને છીપો તો આફ્રિકાથી આણેલાં હોય છે. છતાં અહીં રેતી ઉપર પડેલા ચકના પત્થર (Corals) તો ઉચકી લેવાનું મન થાય એવા હતા. મુંબાઈ પાસે જેનું નામનિશાન





(૧) સ્મરણસ્તંભ જેવા ખડક (૨) 'રખડતા બાવાજી (૩) થેરના છોડ જી ફોટો : 'સૈનિક'

નથી તેવા ચક્રના પત્થરો અહીંના દરિયામાં છે. આ ચક્રના નાના કટકાઓ હિંદુ મંદિરોમાં પૂજાય છે. લંકા પાસેથી મળી આવતાં પરવાળાં તો આથી યે વધારે સુંદર અને કીમતી છે.

વડોદરા રાજ્યે આ કિનારાની સારી માહિતી એકઠી કરાવી છે. પણ એ તો દરિયામાં થતાં પ્રાણીઓ વિષે છે. રાજ્યનો વિચાર દરિયામાં મોતી પકવવાનો હતો; પણ એ આખો યે પ્રયોગ વિજ્ઞાનની દષ્ટિએ અફળ ગયો છે. અહીંનાં મોતી બારીક, બેડોળ અને અણવીંધ્યાં રહે છે. લોકો સુરમો વગેરે બનાવવામાં એનો ઉપયોગ કરે છે; કીમતી વસ્તુ તરીકે નહિ.

દરિયામાં કેટલેક ઠેકાણે તો વનસ્પતિ ઘણી સરસ છે. ઓટ વખતે કાળી, લીલી, પીળી અને રાતા રંગની અદ્દભુત વનસ્પતિથી છવાએલો દેખાતો કિનારો રંગબેરંગી ગાલીચા જેવો મોહક લાગે છે. દરિયાઇ વનસ્પતિના અભ્યાસ માટે મુંબાઇ તો રણ જેવું લાગે; ત્યારે દ્વારકાની ચોપાસ તો એનાં વનનાં વન છે.

પણ આથી ઉંધો જ પ્રકાર જમીન ઉપરનાં ઝાડોનો છે. દ્વારકાની આસપાસ વૃક્ષો જવલ્લે જ દેખાય છે. મુંબાઇના સો ઇંચ વરસાદ અને દ્વારકામાં પડતા દસ ઇંચના વરસાદને કારણે ફરી જતી એ સૃષ્ટિમાં પણ ઈશ્વરની અકળ લીલા જણાય છે. અહીં નાના છોડવાઓમાં આકડા ધંતુરાના ઝેરી છોડ, નાંદગાંજે અને બોરડીનાં કાંટાળાં ઝાડ આખા પ્રદેશભર ઉગે છે. બાવળ અને પોપૈયા પણ અહીં થઇ શકે છે. માણસોએ વાવવા પ્રયત્ન કરેલાં વડનાં ઝાડ કુદરત સામે ટક્કર લેતાં ઉભાં છે. આ ઝાડ કદમાં ટુંકાં અને ડાળીઓ એક બાજુએ નમી પડેલી છે. (જુઓ આ અંકના પુંઠા પરનું ચિત્ર.) આ અસર અહીં દરિયા કિનારા પર સદા એક તરફથી સૂસવતા પવનને લીધે છે. પણ વહેમી અજ્ઞાન લોકો એમ માને છે કે 'રણ-છોડજી આગળ માણસોને તો શું પણ ઝાડને ય નમવું પડે છે!' અજ્ઞાનથી ઉત્પન્ન થતા વહેમને કંઇ સીમા છે? જગતઆખામાં, દરિયાકાંઠે કે ઉઘાડા મેદાનમાં ઉગતાં વૃક્ષો ઉપર સખ્ત પવનની માઠી અસર હમેશાં જણાય જ છે. પવનને કાંઇ રણછોડજીની હાજરી ગેરહાજરીની થોડી જ દરકાર હોય છે! બીચારા રણછોડજી ભકતોને મુખેથી આવું અજ્ઞાનભર્યું જુઠાણું સાંભળી શરમાતા હશે!

આ વેરાન પ્રદેશમાં થોરનાં વનનાં વન છે. વાઘેર લોકો એ ઝાડીઓમાં સંતાઇ યાત્રાળુઓને લુંટતા અને સરકારને ત્રાસ આપતા, એટલે સરકારનું વલણ આવી ઝાડીઓનું નિકંદન કરવા તરફ છે. આ ઉજ્જડ પ્રદેશમાં દરિયાકિનારે ફાલી રહેલા 'પાર્વતીરાઇ' નામના એક છોડવાએ અમારૂં ખાસ ધ્યાન ખેંચ્યું. અહીંની જળલુખી ભૂમિમાં આ છોડ એકલો અટુલો પણ માતેલો હતો. પાંદડામાં પાણી ભરી રાખવાની એની શક્તિ, જમીનમાંના ક્ષારોને નિભાવી લેવાની ટેવ અને સૂર્યના સખ્ત તાપ સામે પણ બચાવ કરવાની અજબ શક્તિઓથી તે એરંડા પ્રધાન જેવો હતો. તેના પાનની કિનારી ઉત્તર દક્ષિણ ઉભી રહેતી હોવાથી અંગ્રેજીમાં તેને દિશાદર્શક છોડ (કૉમ્પાસ પ્લૅન્ટ) કહે છે. બંગ શ્રી કવિ તરુ દત્તે અંગ્રેજી સાહિત્યમાં અમર કરેલું 'કેઝુરાના' પણ અહીં કયાંક વવાય તો ઉગે છે.

દ્વારકાનાં ભાંભરાં પાણી અને ઉજ્જડ ભૂમિ કરતાં યે વધારે રસમય ત્યાંનાં માણસ અને પ્રાણી લાગ્યાં.

વસ્તીમાં એ બોલી અને એ પહેરવેશ તો તરત જ દેખાઈ આવ્યાં. ધોતિયાં અને સુરવાલ—ગુજરાતી અને કચ્છીનું કંઇક મિશ્રણ અહીં છે. ગામડાના લોકો કદાવર અને સારા બાંધાના છે. અહીંનો ઉજળો વર્ગ (એટલે બ્રાહ્મણો વાણિયા વગેરે) માંદલો અને પોચો લાગ્યો. એવો જ કંઇક ભેદ સ્ત્રીઓમાં પણ હતો. સ્ત્રીઓમાં સૌન્દર્ય તો ન જ લાગ્યું; તો પછી સંસ્કારી ટાપટીપ તો શાની જ હોય? શેરીઓમાં રમતાં છોકરાં પણ ગંદાં અને માંદલાં; કોઇની આંખો આવેલી તો કોઇને ખસ થએલી. સ્ત્રીઓની અજ્ઞાન ગુલામી અને પુરુષોની ઘાતકી બેદરકારીનું બીજું શું સૂચન હોય?

કંઇક શિયાળને મળતાં આ તરફનાં કુતરાં સરસ જણાયાં. શેરીઓમાં રખડતાં કુતરાં પણ હૃષ્ટપુષ્ટ હતાં. એ તંદુરસ્તી અહીંના પુજારીઓના પ્રસાદને આભારી હશે! પણ ગાયો બીચારી ઉલટી જ દિશામાં હતી. ગોપાલ કૃષ્ણચંદ્રની આ પુરાણી રાજધાનીમાં ગાયો દીગણી અને ભુખેમરતી દેખાઇ. ખેતી કે પાણી ન હોય અને પ્રજા અજ્ઞાન નિરાધાર હોય ત્યાં બીજું શું હોઈ શકે?

લોકોમાં દ્વારકાની મહત્તા તેના મંદિર અને શંકરાચાર્યની ગાદી માટે ગણાય છે. પણ વિલાયતથી હિંદનું નજીકમાં નજીકનું એ સીધું જ બંદર છે એ ભૂગોળની મહત્તા તરફ લોકોનું ધ્યાન નથી જતું. દરિયાના જમીન તરફ વહેતા એક પ્રવાહને લોકો ગોમતી કહે છે. કદાચ કેટલા યે કાળ પૂર્વે અહીં નદી હશે, તેપણ જમીનની ઉથલપાથલ થતાં ભુંસાઇ ગયાનો સંભવ લાગે છે. રણછોડજીના મંદિરની નીચે આવેલા એ નદીના આરા પવિત્ર ગણાય છે. રાખ ચોળેલા બાવાજીથી માંડી ભીખ માગતા કે પાપ ધોવાને નામે ભમાવતા બ્રાહ્મણોનાં જુથ ત્યાં જ પડાવ નાખે છે. ગોમતીમાં નહાવા માટે જાત્રાળુઓએ સવા રૂપિયો કર આપવાનો! પણ ગોમતીની ગંદકી એટલી છે કે પાણીમાં હાથ બોળવાનો વિચાર સુદ્ધાં યે માંડી વાળીએ. અને આપણા દેહને પાવન કરનાર એ બ્રાહ્મણને જોઇને પહેલાં તો તેને જ તેની દેહશુદ્ધિ માટે કોઇ લૌંડ્રીમાં મોકલવાનું મન થાય!

આરાનો ઘાટ રમણીય છે. આઘેથી કંઇક કાશીનો નાનો શો પુણ્યઘાટ હોય એમ લાગે. આરાઓ ઉપર આવેલા નાનાંનાનાં શિવાલયોની હારથી આરો શૂન્ય નથી લાગતો. આ શિવાલયોની હારમાં ધાર્મિક હિંદુઓનાં હૃદયનો ઉછળતો ધબકાર છે.

રણછોડજીનું મંદિર જોયું; શંકરાચાર્યની ગાદી જોઇ. કોઇએ પણ પવિત્રતાનો અનુભવ ન જ કરાવ્યો. મંદિર ખાનગી માલિકીનું છે એ નવાઇ લાગી. ઠાકોરજીના શણગાર સાચવવા સંગીન વાળા સિપાઇઓ ઉભા રહેલા જોઇ એ નવાઇમાં ઉમેરો થયો, અને અમૃતસરના સુવર્ણમંદિરમાં નાગી તલવારે પહેરો ભરતા ગૌરવવાળા વીર સ્વયંસેવક શીખોનું સ્મરણ થતાં પોતે પોતાનું ન સાચવી શકનારા આપણા આ ગુજરાતીઓની દયા આવી.

દ્વારકાની ચોપાસનો પ્રદેશ મોટરની ઝડપે જોવાય તેટલો જોયો. ગાયકવાડ સરકારે મોટર આવજા કરે એવો રસ્તો અને રેલવેની સારી સગવડ કરેલી છે. દ્વારકાથી વીસ માઇલ આઘે આવેલું ઓખા અમારી શોધખોળ માટે વધારે સારૂં સ્થાન જણાયું. પણ તે કરતાં યે કાઠિયાવાડને કિનારે ઉભાં થતાં બંદરોની બાંધણી, વ્યવસ્થા વગેરે જોવાનું વધારે રસમય હતું. બંદર પાસે નવા બંધાએલા અને ઘણા જ સફળ થએલા મીઠાના અગર પણ જોવા જેવા છે. એ આપણા દેશી ઉદ્યોગના ગૌરવ સમા છે. દ્વારકાની સીમેન્ટ ફૅક્ટરી બંધ પડેલી હોવાથી જોવાઇ નહિ. માત્ર ખેતી અને ઉદ્યોગના અભાવે જ અહીંના લોકો ગરીબ અને આળસુ લાગ્યા.

દ્વારકા વડોદરા રાજ્યની લશ્કરી છાવણીનું સ્થાન છે. ક્યાં દેવલાલી કે મહુની લશ્કરી છાવણીની તાલીમ ને દમામ અને ક્યા દ્વારકાની તેજહીનતા! દેશી રાજ્યના લશ્કરને પાસેથી જોવાનો મને આ પહેલો જ પ્રસંગ હતો. ઘણી નવાઇઓમાં એક નવાઇ તો એ લાગી કે આ હાઇસ્પીડ રાઇફલના જમાનામાં આ સિપાઇઓ ટીપુ સુલતાનના વખતની ઘોડો દબાવવાની બંદુક વાપરતા હતા! કોઈ પરદેશી સત્તાને હાથ દ્વારકા જેવું સ્થાન હોત તો એ જરૂર તરી અને ખુશ્કી લશ્કરનું જબ્બર મથક બનત એટલી સુંદર અહીંની ભૌગોલિક પરિસ્થિતિ છે. આપણા દેશી રાજ્યોએ કાઠિયાવાડનાં બંદરોમાં

સ્કુલ) ઉઘાડવાનો પ્રશ્ન દેશને માટે વિચારવા જેવો છે. હિંદુસ્તાનનો આવડો મોટો આ ખુલ્લો પશ્ચિમ કિનારો સાચવવા પુરતું એકે તોપખાનું પણ ક્યાં ય ન દીઠું!

આઠ દિવસને અંતે, ગમ્યું ન ગમ્યું તો યે વખતના અભાવે ગાંસડાંપોટલાં બાંધ્યાં. કિનારેથી સ્ટીમરમાં જતાં પસાર કરવી પડતી દેહદમનની ક્રિયાઓ સાંખી છેવટે તુતક ઉપર આવ્યા.

સરકારી અમલદારોની મદદની પ્રશંસા કરતાં જળસપાટી પાછળ અદૃશ્ય થતું દ્વારકા જોયું. ગાંધીજીની જન્મભૂમિ પોરબંદરને વટાવતાં કાઠિયાવાડના કિનારાનાં છેલ્લાં દર્શન કર્યાં.

દૂર દૂર સ્ટીમરમાંથી દ્વારકા અને પોરબંદર એટલાં સરસ લાગે છે કે અંદર ગયા વિના કોઈ જ ન કહી શકે કે આ પ્રદેશ આટલો મેલો, ગંદો, પછાત ને શુષ્ક હશે. ત્યાં લિપ્ટનની ચા અને સીઝરની સીગારેટ પહોંચ્યાં છે, પણ કેળવણી, સંસ્કાર કે સ્વચ્છતા નથી પહોંચ્યાં. મને વંટોળ જેવો એક વિચાર તો એવો આવતો કે આપણે ભણ્યા હોઈએ તોપણ હજી કેટલાંને ભણાવવાનાં બાકી છે; આપણે સુધર્યા હોઈએ તોપણ કેટલાંને હજી સુધારવાનાં બાકી છે!

દ્વારકાનો વસવાટ મને કંઈક ભૂતકાળમાં ઘસડતો. જમનાને આરે કુંજગલી જેવા વૃંદાવનથી માંડી શુષ્ક રેતાળ દ્વારકાના કિનારા સુધી કૃષ્ણનાં પગલાં પડેલાં. ભક્તિયુગના સાહિત્યમાં દ્વારકા કંઈક દિવ્ય પદે છે. રજપુતાના અને ગુજરાતનાં હૃદય સાથે ડોલતાં હોય તો કૃષ્ણભક્તિના ભણકારે. દ્વારકા ઐતિહાસિક સ્થળ નથી;– હશે તો યે એ ઇતિહાસ ડુબેલો છે. છતાં યે સાહિત્યના ઇતિહાસમાં, ધર્મના ઇતિહાસમાં એ અક્ષય અમર છે. નરસિંહ મહેતા ને મીરાંથી માંડી પ્રેમાનંદ સુધી જે સ્થળની પ્રતિભાએ ગુજરાતીઓનાં હૃદય ઝુલાવ્યાં છે તે સ્થળ સ્મૃતિમાંથી સહજે તો ન જ ખસે.

'સૈનિક'

સુતારઃ ચાલો, ઘણી મહેનતે પેટી પૅક થઈ રહી. ઢાંકણું બરાબર બંધ કરવા લગભગ એક સો ઠસ્કર મારવા પડ્યા!

છોકરોઃ ત્યારે ચાલો હવે, હથિયારનો કોથળો લઈ લો. આપણે જઈએ.

સુતારઃ હેં?! અરે તારી! કોથળો તો પૅક કરેલી પેટીમાં રહી ગયો!

નથો પટગીર



અમારા ગામમાં ટુંકી બંડી ને માથે આખો તાકો વીંટાળેલ ફીંડલ–પાઘડી હોય, ફાટલીની કડકડતી સુરવાળ ઉપર પછેડીની ભેટ બાંધી હોય, લાંબી બાંયોની કરચલીઓના થોકેથોક કાંડા ઉપર દેખાય, બેઠી દડીનું નાનકડું શરીર, કરડી આંખોમાંથી લોહીઝરતું તેજ ને મોટી મુછોમાં શૂરાતન દેખાય, ત્યારે સહેજે સૌ વેપારીઓ કે અજાણ્યાઓ એને ઓળખી જઈ કહેતા કે એ તો કુંડળના કાઠી નથો પટગીર.

ભગરી ભેંશોનાં દૂધ અને ચોખ્ખી હવાના પોષણથી હૃષ્ટપુષ્ટ થએલું એમનું શરીર દેખાવે જ કરડું હતું એમ નહિ, પણ એમનું શૂરાતન જ કરડો દેખાવ આપતું. તલવારના એક જ ઝાટકે વાઘ કે ચિત્તાને જમીનદોસ્ત કરનાર વીરોના તો ઘણા યે દાખલા આપણા સૌરાષ્ટ્ર કાઠિયાવાડમાં જાણીતા છે પણ આ વીરનરની શૂરવીરતા તો કોઈ બીજા રૂપે જ આપણી ઉપર પોતાની નવી બહાદુરીની છાપ પાડે છે.

આજથી ત્રીસેક વર્ષ પહેલાંની આ વાત. છપ્પનિયા દુકાળનો કાળો કેર ચોમેર વર્તી રહ્યો હતો. કાઠી પાસે ભેંશો હતી. અને એને નિભાવવા જંગલો કે ડુંગરોનો આશ્રય લેવો રહ્યો. કાઠિયાવાડનું નાક પાંચાળ દેશ ઘાસ અને પાણીનું અક્ષયપાત્ર મનાય છે. ત્યાં જવા પટગીર તૈયાર થયા.



પાંચાળમાં મોટીમોટી ટેકરીઓની હારો વચ્ચે સેંજાળુ ગામ એક ટેકરી ઉપર આવેલું છે. એ ગામમાં આ નથા પઢગીરનાં સગાં રહેતાં. કાઠી અને કાઠી-આણીએ ત્યાં જઇ રહેવા માંડયું.

ગામડું ગામ ને ઝાઝે ભાગે ડુંગરાળ પ્રદેશ. ટેકરી ઊંચી હતી તેથી ગામડાને ફરતો કોટ નહોતો, પણ ફરતી કાંટાની વાડ તો હતી જ. ગામડામાં કાંટાની વાડ મોટા શહેરોના ગઢ જેવી ગણાય. છતાં ગામડિયા ઝટ ગામ બહાર જવાય તે માટે વાડમાં ઠેકાણેઠેકાણે છીંડાં પાડી એક ઝાંપાને બદલે અનેક ઝાંપા કરી મુકે છે. પણ આ ગામ તો સખત નિયમ-વાળું હતું. વાડમાં કોઇ છીંડું નહોતું પાડતું અને છીંડું પાડવામાં જીવનું જોખમ ગણાતું.

વાડની નજીક જ રહેનાર આ પઢગીરને વાડમાં છીંડું પાડવાનું મન થઇ જતું. સ્વતંત્ર વાતાવરણમાં ઉછરેલ કાઠીને આવું બંધન ગમે? એ વારંવાર વાડ તરફ જોતા અને ગામનું રક્ષણ કરતી કોટ જેવી એ વાડમાં દરવાજા જેવું છીંડું પાડવાના અનેક વિચારો કરતા. પણ એમના ચેહેરા ઉપર થતા અવનવા ફેર-ફારોથી ચતુર કાઠીઆણી ચેતી જતી અને આ તરંગી કાઠીને શાંત પાડી વાડમાં છીંડું પાડવા ન દેતી.

ગામના ભરવાડો પ્રથમ તો ગામ બહાર પડયા રહેતા. વગડામાં રહેતા દીપડાને એ આશીર્વાદ રૂપ હતું. એ સુખેથી આવીને મનગમતો શિકાર લઇ પાછો જતો રહેતો ને ડુંગરાની ઓપોમાં આખો દિવસ પડયો રહેતો. મોટા ટોળામાંથી થોડી સંખ્યામાં ઘટતાં બકરાંની પહેલાં તો ભરવાડોને ખબર ન પડી, પણ પાઘડીનો વળ છેડે આવે એમ એકંદર સંખ્યા ખુબ ઘટી પડતાં ભરવાડો ભડકયા. એમણે બકરાંઘેટાંને ગામમાં બેસાડવા માંડયાં અને ગામને ફરતી વાડની વધારે મજબુતી કરીને શૂરવીર ભરવાડો અને બીજા હથિયારબંધ માણસો ઝાંપે સુવા લાગ્યા. આથી દીપડાને શિકારના પણ સાંસાં પડવા લાગ્યાં.

પણ આ કાઠીને તો એ વાડ અસહ્ય થઇ પડી. એણે લાગ શોધ્યો. રાતના પાછલા પહોરે કંકુવર્ણી કાઠીઆણીએ ઘંટી માંડી ને એ શૂરવીર કાઠીએ ચોફાળને ખાટલે મુકી ધીમેથી વાડમાં છીંડું પાડયું ને ખરચુ જવા માટે કળશિયો લઈ ગામ બહાર આવ્યા.

ઉજળી દુધ જેવી ચાંદનીએ જગતને રંગી લીધું હતું. ઝાડ એને સત્કારતાં હોય એમ દેખાતાં હતાં. એટલાં વહેલાં છાશ વલોવતી ગામડિયણો અને વાછરૂ–ઢોરના થતા મિશ્ર અવાજ ખુબ આનંદ આપતા હતા. પઢગીરે બહાર આવી, જેમ કોઇ યોદ્ધા વિજય મેળવ્યા પછી પોતાની શૂરવીરતાની ખાત્રી બતાવતો ફુલાય એમ ચોતરફ પોતાનું મુખ ફેરવ્યું, છાતી બહાર કાઢી ને ટટ્ટાર ઉભા રહી મુછે વળ દીધો.

એ દિશાએ જવા નીચે બેઠા. દિપડાને મનુષ્યની ગંધ પહોંચતાં જ એ કુદીને પઢગીર બેઠા હતા ત્યાંથી થોડે દૂર આવી ઉભો રહ્યો.

બરાબર આ જ વખતે કાઠીઆણી કંઇક કામે બહાર આવી ને કાઠીને ખાટલામાં ન જોતાં વાડ તરફ નજર કરી. છીંડું ભાળ્યું ને એને ફાળ પડી. બળાબળતા હૃદયે એ બહાર આવી અને ચંદ્રના આછા અજવાળામાં એણે દીપડાને કુદતો જોયો. એની શુદ્ધિ ઉડી ગઈ. એનાથી બુમ પડાઇ ગઈ 'ઓ બાપ . . રે . .'

કાઠી ઉઠયા. એમણે દીપડો જોયો અને જાણે નજીવી વાત હોય એમ કળશિયો નીચે મુકી બાવડા ઉપરની બંડીની કરચલીઓ જરા સરખી કરી અને કાંઇ પણ ગભરાટ વગર દીપડા સામે જોયા કર્યું.

દીપડાએ એ ભયંકર પુરુષને જોયો; એની આંખ-માંથી ઝરતો અગ્નિ એણે દીઠો અને એ સ્થિર થઇ

ગયો. પણ એ ભુખ્યું પ્રાણી અંતે જીવ પર આવ્યું ને દીપડો કાઠી ઉપર નધાતિયો થઇ કુદી પડયો.

માનવ–પશુનું યુદ્ધ થયું. બંને બાથોબાથ આવ્યા. દીપડાએ ખંભે પંજો માર્યો પણ કોઇ કુતરાને ફગાવી દે એમ પઢગીરે દીપડાને એક જ ધક્કે દૂર હડસેલ્યો. એટલામાં તો ગામનાં ઘણાં માણસો વાડ આગળ ટોળે મળ્યાં અને અંદર ઉભાંઉભાં અનેક તરેહનાં અનુમાનો કરવા લાગ્યાં. બીચારી કાઠીઆણીની આંખમાં ચિંતા અને ભય હતાં. એ થરથરતી ઉભી હતી. દીપડો ફરી કુદ્યો ને થાપો મારીને કાઠીને પછાડયા. આ થાપે પઢગીરની કેડ ભાંગી નાખી.

પણ એટલેથી કાંઇ કાઠી ગાંજ્યા જાય એમ નહોતું. એમણે ધીમેથી પોતાનું શરીર ઉંચક્યું અને ડીંચણ દીપડાના ઉઘાડા મોઢામાં મુકયો. જેવો દીપડો જડબાં ભેગાં કરવા જાય છે કે તરત જ પઢગીરે હાથ તે તરફ લંબાવ્યો અને જોતજોતામાં એમણે એના નીચલા જડબાને પગ તળે દાબી બીજું જડબું, જાણે દાતણની બે ચીરો કરતા હોય એમ ઉપરથી ખેંચી કાઢયું.

'શાબાશ . . શાબાશ . . .'ની બુમો સંભળાઇ ને લોહીલોહાણ ભૂમિમાં કાઠી ઢળી પડયા. તડફડતા દીપડાના અંગેઅંગમાંથી લોહીના ફુવારા છુટયા અને હોળી ખેલી નિવૃત્ત થએલ ઘેરૈયા જેવા કાઠીનાં લુગડાં રાતે રંગે રંગાણાં.

પઢગીર પડદે પડયા ને થોડે દિવસે સાજા પણ થયા. પણ નામના સાથે એમની વીરકથાને તાદશ્ય બનાવતી એમની ભાંગેલી કેડ અને લંગાતો પગ તો એમનાં જીંદગીભરનાં સંગાથી થઇ રહ્યાં.

જ્યારેજ્યારે અમારા ગામની બજારમાં ખોડંગતા પગે એ શૂરવીર કાઠી નીકળે ત્યારે નાનું છોકરૂં પણ એમને ઓળખી કાઢે કે એ તો દીપડાને દાતણની પેઠે ચીરી નાખનાર કુંડળના કાઠી નથો પઢગીર!

મનુભાઈ જોધાણી

અસીલ: આપને ખાતરી છે કે આ કેસમાં જીતી શકાય એમ છે?

વકીલ: અલબત્ત, આની અંદરનો એકેએક મુદ્દો એવો છે કે એમાં અંતે ચુકાદો આ કેસની તરફેણમાં જ આવે.

અસીલ: ત્યારે આપનો ભારે ઉપકાર થયો. હું હવે આ બાબત કોરટે નહિ ચડું. આપે જોયો એ કેસ વિરૂદ્ધ પક્ષનો છે.

ગુજરાતી નિશાળમાં અભ્યાસ કરતો હતો ત્યારે 'ખાનપાનને ખાતર જીંદગી નથી, પણ જીંદગીને ખાતર ખાનપાન છે' એ વાક્ય ઘુંટયાનું હજી બરાબર યાદ છે. છતાં એ વાક્ય ઘુંટનાર વિદ્યાર્થીઓ, ઘુંટાવનાર શિક્ષકો કે લખનાર પોતે કોઈ પણ એનો મર્મ નથી સમજ્યા એમ કહેતાં જરા યે આંચકો ખાવાની જરૂર હું નથી જોતો. મનુષ્યને માટે તેના જીવનમાં સૌથી અગત્યનો કોઇ પ્રશ્ન હોય તો તે ખાનપાનનો છે; છતાં ખાવા સંબંધમાં આજદિન સુધી એણે જેટલી બેદરકારી બતાવી છે અને હજુ એ બતાવે છે તેટલી બીજી કોઇ બાબતમાં એ ભાગ્યે જ બતાવે છે. જોકે પશ્ચિમના દેશોનું આ વિષય તરફ ધ્યાન ખેંચાયું છે, પરંતુ હિંદ તો હજુ પણ નિરાંતે ઉંઘે જ છે. બાપદાદા ખાતા આવ્યા તે ખાધા કરવું એવી પરમાત્માની આજ્ઞા હોય એમ જ આપણે તો માની બેઠા છીએ! રસાયન તથા શરીરશાસ્ત્રમાં આજે દુનિયાએ આટલી પ્રગતિ કરી હોવા છતાં એ બંનેની સહાય લઇ આપણો ખોરાક કેવો હોવો જોઇએ એનો નિર્ણય કરવાની હિંદમાં કોઇને પડી હોય એમ નથી જણાતું. સર્વ દેશોની ટોચે ચડી જતા આજના આપણા મરણપ્રમાણનાં કારણોમાં આપણો રસકસહીન ખોરાક પણ એક મહત્ત્વનું કારણ છે અને એમાં ત્વરાથી ફેરફાર કરવાની ગંભીર જરૂરત છે એ આપણે હજુ યે નહિ સમજીએ? મને અહીં ઘણીવાર કહેવામાં આવે છે કે, તમે હિંદવાસીઓ માંસ જેવી ત્યાજ્ય વસ્તુને ન અડો, દારૂ જેવી ઉત્તેજક વસ્તુઓથી દૂર ભાગો અને સૂર્યનાં તંદુરસ્તીપ્રદ કિરણો ઝીલતાં સાદું ને આદર્શ જીવન ગાળો એટલે તમારે ત્યાં તો માણસો બહુ લાંબું આયુષ્ય ભોગવતાં હશે; અને વસ્તુતઃ એમ હોવું જ જોઇએ. છતાં આજની આપણી સ્થિતિ એથી ઉલટી જ છે અને તે પણ ચોંકાવે એટલી વિષમ, એ વાત મારે અહીં શરમાતે મોંએ કબુલ કરવી પડે છે. હા, હું સ્વીકારૂં છું કે આપણાં બાળલગ્નો તથા આપણામાં સહજ થઇ પડેલી સ્વચ્છતાની ખામી આજના ચોંકાવે એવા મરણપ્રમાણ માટે મોટે ભાગે જવાબદાર છે, છતાં ખોરાક વિષેની જવાબદારી પણ એથી કોઇ રીતે ઓછી થતી નથી.

આપણો આજનો ખોરાક તો તપાસી જુઓ.

ત્યારે ખાવું શું ?



સવારે તો સામાન્ય રીતે આપણને કશું ખાવાની ખાસ ટેવ નથી એટલું સારૂં છે. બપોરે સાધારણ રીતે રોટલી, દાળ, ભાત, શાક વગેરે આપણે ખાઇએ છીએ. રોટલી જઠરમાં જઇ ઍસિડ ઉત્પન્ન કરી નુકસાન પહોંચાડે છે. શાકમાં રહેલું વિટામીન જેવું કીમતી તત્ત્વ તો રાંધવાથી ચાલ્યું જ ગયું હોય, અને રસા વિનાનું કોરૂં ધાકોર શાક ખાવાના શોખીનો બીજાં રાસાયનિક તત્ત્વો પણ ગુમાવે એટલે એમાંથી પણ ખાસ લાભ મળે એવું ન રહ્યું. દાળમાંના પ્રોટીનની કીમત પણ વધુ આંકવા જેવું નથી જ, કેમકે આજની છેલ્લી શોધો આપણને કહે છે કે આજદિન સુધી આપણે પ્રોટીનની જરૂરિયાત મોટા જથ્થામાં સ્વીકારેલી એ ભુલ હતી. વધારેમાં વધારે સાત ટકા શક્તિ આપણે પ્રોટીનમાંથી મેળવવાની હોય છે અને એ બીજા ખોરાકમાંથી મળી રહે તેમ હોઇ કઠોળ તો ઉપરિયામણમાં જ જાય! ભાત જો ઓસાવ્યા વિના રાંધવામાં આવે તો દાણે દાણો છૂટો ન પડે ને! ત્યાં પણ શૂન્યમ્. માખણને બદલે ઘી ખાવું એમાં તો આપણે કુદરતને દોષિત ઠરાવી માખણમાંનાં વિટામીનનો ભોગ આપી ઘી વડે કેવળ ચરબીનું તત્ત્વ પુરૂં પાડી સંતોષ માનીએ. દુધ તો સુખિયાંને જ દિવસમાં દીસી આવે એવા પ્રમાણમાં ખાવાં મળે! આપણા વાળુમાં પણ ખાસ કોઇ વિશિષ્ટતા ન મળે. ફળ ખાવાનું તો આપણે સમજ્યા જ ક્યાં છીએ! અને કાચું કોરૂં ખાઇએ તો તો માંદા પડી જઇએ ને! વીસમી સદીમાં અને આધુનિક વૈજ્ઞાનિક દુનિયામાં રહેવા છતાં આપણને આવું ખાઈ જીવી નાખતાં શરમ ન આવતી હોય તો આપણાં ગંભીર મરણ-પ્રમાણની ફરિયાદ કરવાનો હક પણ આપણને કેમ જ હોઇ શકે ?

ત્યારે હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે ખાવું શું? આપણા વિજ્ઞાનવિશારદોને આ પ્રશ્નનો જવાબ આપવા જેટલી ફુરસદ આજે નથી એટલે ન છુટકે આપણે પશ્ચિમમાં થતા અખતરા તથા શોધો તરફ નજર નાખવી પડશે. ટુંક વખત પહેલાં એવી માન્યતા પ્રવર્તતી હતી કે શરીર જે તત્ત્વોનું બનેલું છે તે તત્ત્વોનો, અને તે પ્રમાણમાં તથા પચી શકે તેવા રૂપમાં પુરાં પાડી શકે તેવી વસ્તુઓનો બનેલો ખોરાક ઉત્તમ ગણાય. અલ્પ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવતાં તત્ત્વોને અવગણીએ તો ખોરાકને આપણે પાંચ વિભાગમાં વહેંચી શકીએ. (૧) સાકર (૨) સ્ટાર્ચ (૩) પ્રોટીન (૪) ચરબી અને (૫) ક્ષારો.

પરંતુ શરીર એ કાંઇ જેવીતેવી પ્રયોગશાળા નથી. એમાં થતાં કાર્યો તો ભારે અટપટાં છે એમ આગળ જતાં અનુભવે બતાવ્યું. અમુક સ્વરૂપમાં સાકર પુરી પાડીએ તો જ તેને શરીર પચાવી શકે, બીજી રીતે લઇએ તો તેમાં બગડીને આથો આવી જાય. અહીં વચમાં એટલું ઉમેરી લઉં કે આપણે ત્યાં શેરડીમાંથી બનાવેલી અને શુદ્ધિકરણની શિક્ષા પસાર કર્યા વિનાની રાતી સાકર તરફનો અણગમો વધતો જાય છે અને લોકો સફેદ બાસ્તા જેવી સાકર તરફ આકર્ષાતા જાય છે; ત્યારે અહીંઆં એથી ઉલટી સ્થિતિ છે. શુદ્ધ શ્વેત સાકર પેટમાં ગયા પછી (આથો આવીને) બગડી જતી હોવાથી એના પંજામાંથી છુટી અહીંઆં 'દિદ્દી શેરડીની સાકર' એ નામે ઓળખાતી રતાશપડતા રંગની સાકર તરફ સમજુ લોકો ખેંચાવા માંડ્યા છે! મેંદો પણ અમુક સ્વરૂપમાં લઇએ તો તો ઠીક, નહિતો એ પણ જઠરમાં જઇ ઍસિડ ઉત્પન્ન કરી નુકસાન પહોંચાડે છે.

આ અને એવી જ બીજી મહત્ત્વની શોધો યૂરોપમાં થવા સાથે ખોરાક તરફ લોકોની ખુબ કાળજી વધી અને વિટામીનની શોધે તો ખોરાકને એક જબ્બર પલટો ખવડાવ્યો. તદ્દન વિટામીન વિનાનો ખોરાક બધાં જરૂરી તત્ત્વો પુરાં પાડતો હોવા છતાં, એ ખોરાકથી માણસ ટુંક વખતમાં માંદગીનો ભોગ થઇ પડે છે

એ વાત પુરવાર થતાં વિટામીને ભારે મહત્ત્વનું સ્વરૂપ લીધું અને વિજ્ઞાન એની પાછળ ગાંડું બન્યું. આ રીતે ખોરાકને માટે આવશ્યક એવાં ઉપર જણાવેલાં પાંચે તત્ત્વોમાં સૌથી વધારે અગત્યનું એવું એક છઠ્ઠું તત્ત્વ એ વિટામીન ઉમેરાયું.

શાક, ભાજી, કંદમુળ તથા ફળમાં વિટામીન સારા પ્રમાણમાં હોય છે એમ સિદ્ધ થયું છે. વિટામીનનું રાસાયનિક પૃથક્કરણ કરવાના પ્રયત્નો નિષ્ફળ નીવડવા છતાં એમણે એ પ્રશ્ન પર ભારે અજવાળું પાડ્યું અને શરીરને ખોરાક પુરો પાડવાની આજદિન સુધી ચાલી આવેલી પ્રણાલિ સામે જબ્બર બળવો પોકાર્યો. અત્યાર સુધી એમ મનાતું હતું કે ખોરાકમાંથી પુરી પાડવામાં આવતી ગરમી વડે જ શરીરના અણુ જીવી શકે છે. વિટામીનના ખાસ અભ્યાસી ડૉ. બેનર એ વાતને તોડી પાડતાં લખે છે કે 'એ માન્યતા વિચારશૂન્યતા હતી.' ખરૂં જોતાં એ અણુનું જીવન ટકાવી રાખવા માટે એમને કેવળ સૂર્યપ્રકાશની ઇલેકટ્રો-મૅગ્નેટિક શક્તિ પુરી પાડવાની જરૂર છે. સૂર્યનો પ્રકાશ ઝીલી જીવતી વનસ્પાતમાં એ શક્તિ સંગ્રહાય છે. પરંતુ એ પ્રકાશશક્તિ શાક, ભાજી, કંદમુળ કે ફળાદિની સાથે બહુ જ કોમળતાથી સંલગ્ન થએલી હોય છે. કોઇ નાજુક સારંગીના એથી યે નાજુક તારમાંથી મધુર સૂર છેડવાને ખાતર એને ખેંચાખેંચીને તંગ કર્યો હોય અને ઠોકર વાગતાં જેમ એ તુટી જાય તેમ આ વસ્તુઓને ગરમ કરતાં આપણે એમાંની પ્રકાશશક્તિ ગુમાવી બેસીએ છીએ. આ હકીકતો એટલું બતાવવાને પુરતી છે કે માનવજગત્ પોતાના જીવન માટે વનસ્પતિજગતનું ઋણી છે. અને આજ સુધી ચાલી આવેલી ગંભીર ભુલને આ સત્ય ઉઘાડી પાડે છે તે એ કે જે શક્તિ માટે આપણે ખોરાક લેવો જોઇએ એ જ શક્તિને પહેલાં આપણી રસોડાની સંસ્થા દ્વારા હાંકી કાઢીને પછી આપણે એનો ઉપયોગ કરીએ છીએ! દુનિયા પરનાં પ્રાણીઓમાં અક્કલનો ઇજારો રાખનાર મનુષ્ય શાન્ત ચિત્તે વિચારી જુએ તો એને ખાતરી થયા વિના ન રહે કે આટલું તાર્કિક સત્યે ન સમજાય એટલી એની અક્કલ બહેર મારી ગઇ છે!

ઉપર મુજબ રાસાયનિક દૃષ્ટિબિંદુથી વિચાર કરતાં આપણે એ સત્ય સ્વીકારવું પડે છે કે શરીરને તંદુરસ્ત રાખવા માટે એને ગરમી નહિ પરંતુ ઇલેકટ્રો-મૅગ્નેટિઝમ પુરૂં પાડવાની આવશ્યકતા છે અને વિટામીન વિનાનો રાંધેલો નહિ પરંતુ કાચો—વનસ્પતિએ ભેટ કરેલો ખોરાક જ એનું શ્રેય સાધી શકે તેમ છે.

હવે આપણે કેવળ શરીરશાસ્ત્રની દૃષ્ટિએ વિચાર કરી જોઇએ. આપણા શરીરની રચના—ખાસ કરીને ખોરાકના પાચન સાથે સંબંધ ધરાવતી ઇંદ્રિયોની રચના—આપણને કયા પ્રકારનો ખોરાક લેવાની જરૂર પાડે છે એ તપાસી એનાં પરિણામ આપણને રસાયને આપેલ ક્રાન્તિકારક વિચારો સાથે સરખાવી એક નિર્ણય પર આવવા પ્રયત્ન કરીએ. શરીરશાસ્ત્રની દૃષ્ટિએ પાચનક્રિયાની સાથે સંબંધ ધરાવતી ત્રણ સંસ્થાનો આપણે વિચાર કરવો ઘટે: (૧) દાંત (૨) જઠર અને (૩) આંતરડાં.

માણસના દાંત માંસાહારી પશુ જેવા નથી એટલે એ માંસાહારી થવાને તો નથી જ સરજાયો એ સિદ્ધ વાત છે. પરંતુ બીજી બાજુથી જોતાં એના દાંત ઘાસ ખાનાર પ્રાણીઓની સાથે પણ નથી મળતા આવતા. ત્યારે શું માણસે વનસ્પતિ અને માંસનો મિશ્રિત ખોરાક લેવાનો હશે? ના. એ અનુમાન પણ તદ્દન ભુલભરેલું ગણાય. કારણકે માણસના જેવા જ દાંતનાં માળખાંવાળાં પ્રાણી અને તે પણ માણસના વડવા હોવાનું ગૌરવભર્યું સ્થાન ભોગવનારાં વાંદરાં દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે અને તે કેવળ ફળાહારી છે. આ હકીકત આપણને એટલું સાબિત કરી આપવા પુરતી છે કે માણસને એના દાંત એને ફળાહારી—કેવળ ફળાહારી—બનાવવાની ઇચ્છાથી જ પ્રભુએ આપેલા છે.

જઠર આદિ પાચક ઇંદ્રિયોનો વિચાર કરતાં પણ આપણને એ જ સત્ય નજરે ચડે છે. અન્નાહારી પક્ષીઓને જે ખાસ પ્રકારનું જઠર મળેલું હોય છે એ મનુષ્યને નથી મળ્યું, એટલે એ પણ સ્પષ્ટ છે કે મનુષ્ય અન્નાહારી થાય એ અકુદરતી છે. પારીસનો એક વિદ્વાન વનસ્પતિશાસ્ત્રી મૉરીસ ફ્રિઝિસ તેના 'મનુષ્યજાતિનું પતન' નામના પુસ્તકમાં લખે છે કે 'અનાજ એ ફળનું નજીકનું સંબંધી હોવા છતાં

માણસ એને નરમ, અર્ધપકવ, ગળી સ્થિતિમાં હોય તે સિવાય, પોતાના કુદરતી ખોરાક તરીકે ન જ ગણી શકે. પાકેલા અનાજને સંપૂર્ણ રીતે પચાવવા માટે આપણી પાચક ઇંદ્રિયોમાં બહુ અટપટી ક્રિયાઓ થવી જોઇએ જે તેઓ કદિ બજાવી શકે તેમ નથી.' બીજે એક સ્થળે એ કહે છે કે 'ફરીફરી ભાર દઇને કહેવું જોઇએ કે કુદરતી, રાંધ્યા વિનાનાં, સંપૂર્ણ પકવ ફળ સિવાય બીજી કોઇ પણ વસ્તુ મનુષ્યજાત માટે વધારે શક્તિપ્રદ અને યૌવનવર્ધક નથી જ.'

અંતમાં માણસનાં આંતરડાં તપાસી જોતાં જણાય છે કે ન તો એ માંસ માટે સરજાયાં છે કે ન તો વનસ્પતિ માટે. માંસાહારી પ્રાણીનાં આંતરડાં ટુંકાં હોવાં જોઇએ અને વનસ્પતિના આહારીનાં આંતરડાં લાંબાં હોવાં જોઇએ. પરંતુ ઉંડા અભ્યાસને પરિણામે જણાય છે કે માણસનાં આંતરડાં એના શરીરના પ્રમાણમાં લાંબાં પણ નથી તેમ ટુંકાં પણ નથી એટલે તે ઉપરના બેમાંથી એકે વર્ગમાં ન આવી શકે. એ ફળાહારી જ હોવો જોઇએ.

આમ પાચન સાથે સંબંધ ધરાવતાં બધાં અંગોનો અભ્યાસ કરી જોતાં એમાં સમાએલું એક સત્ય સ્વીકાર્યા વિના નથી જ રહી શકાતું કે માણસ ફળાહારી રહેવાને યોગ્ય શરીરરચના લઇને જ જન્મ્યો છે. એનો એ જેટલે અંશે દુરૂપયોગ કરશે એટલે અંશે એને વધારે ગુંચવણભરી માંદગીઓ ભોગવવી પડશે. દુનિયા એકે અવાજે મહાન શરીરશાસ્ત્રીઓ તરીકે સ્વીકારે તેવા કુવીઅર, હક્સલિ, ડાર્વિન અને હૅકેલ પણ કહે છે કે મનુષ્ય એના શરીરની રચના જોતાં ફળાહારી પ્રાણીઓના વિભાગમાં જાય છે. આમ ખોરાકના સંબંધમાં આધારભૂત ગણી શકાય એવી વિજ્ઞાનની બંને શાખાઓ–રસાયન અને શરીરશાસ્ત્ર–ફળાહાર જ મનુષ્ય જાતનો ખોરાક હોઈ શકે એ વાતમાં સંમત થાય છે. આથી વિશેષ પુરાવો આજે શો હોઈ શકે ? શું એ પુરતો નથી ?

માંસ તો અનાજ કરતાં પણ વધારે અકુદરતી અને હાનિકારક છે. પરંતુ એને તો આપણી વિચારસરણીમાં સ્થાન નથી જ, એટલે આપણે તો અનાજને કેટલે અંશે આપણા ખોરાકમાં સ્થાન હોઈ શકે એનો જ વિચાર કરીએ. આપણે મોટે ભાગે અન્નાહારી છીએ એટલે એના લાભાલાભ આપણે જોઇ લેવા ઘટે. પાકેલા અનાજમાં વિટામીન તો લગભગ નહિ જેવા પ્રમાણમાં જ હોય છે, એટલે એ દૃષ્ટિએ તો એની કશી જ કીમત નથી. બીજી રીતે વિચાર કરી જોતાં એ વાત તો સિદ્ધ છે કે પાચનક્રિયા બરાબર ચલાવવા માટે જઠરમાં એકત્રિત થએલ રસાદિ મૂળભૂત હોવાં જોઇએ, અને આજે આપણે જાણીએ છીએ કે રોટલી તથા બીજા રાંધેલા અથવા બાફેલા સ્ટાર્ચવાળા પદાર્થો જઠરમાં જઇને ઍસિડ ઉત્પન્ન કરી નુકસાન પહોંચાડે છે. એક વખત ઘઉંનું ભારે મહત્ત્વ હતું. પરંતુ આજની આ શોધે એની જાહોજલાલીના દહાડાનો અંત આણ્યો છે. એક અંગ્રેજ ડૉક્ટર ઈવાન્સે એમના 'જીવન લંબાવવાની કળા' નામના પુસ્તકમાં લખ્યું છે કે 'શરીરને અકાળે અશક્ત બનાવી ખળભળાવી દેવામાં રોટલી અને અનાજ સૌથી વધારે ભાગ ભજવે છે; અને ફળ રક્તવાહિનીઓને રોગથી મુક્ત રાખી એથી થતી શારીરિક અશક્તિને અટકાવવાનું સર્વોત્તમ સાધન છે.' વૈદ્યકીય અભિપ્રાય પ્રમાણે માણસજાતિના રોગના ૯૫ ટકા જઠર કે આંતરડાંની અવ્યવસ્થાને લીધે જ થાય છે અને એ પાચનક્રિયાને લગતી ઇંદ્રિયોમાં અવ્યવસ્થા ઉત્પન્ન કરનાર ખોરાક સિવાય બીજું કોણ હોઇ શકે? શું આ એક જ બીના એમ બતાવવાને પુરતી નથી કે આપણી પાચનઇંદ્રિયો ફળાહાર માટે નિર્મિત થઇ હોવા છતાં આપણે એના ઉપર અન્નનો બોજો લાદી આ પરિણામ લાવીએ છીએ ?

'સૃષ્ટિ સમે સૌ માનવી વસતા વન મોઝાર' એ દિવસોમાં તેઓ ફળાહારી જ હશે એમ માનવું જરા પણ અસ્થાને નથી. વખત જતાં એમણે મંડળીઓ જમાવી અન્ય પ્રદેશો પર આક્રમણો કરવા માંડ્યાં અને ફળ વિનાના પ્રદેશોમાં આવી પડતાં એમને એ અકુદરતી સ્થિતિએ અનાજ ખાતા કર્યા. એને પરિણામે ધીમેધીમે કરતાં ખેતી અસ્તિત્વમાં આવી. હજુયે આપણે તો ગાઇએ છીએ કે 'રે ખેડુત તું ખરે જગતનો તાત ગણાયો' પરંતુ વસ્તુસ્થિતિ એથી ઉલટી જ હોય અને ખેડુતની ઉત્પત્તિ એ જ મનુષ્યજાતિનું પતન હોય એમ આજનું વિજ્ઞાન સિદ્ધ કરે છે. જ્યારથી મનુષ્યજાતિએ ફળાહારને રામરામ

કરી અન્નાહારનો આશ્રય લીધો ત્યારથી રોગના આશીર્વાદ એના પર ઉતર્યા !

આપણે ત્યાં ફળાહારનું માહાત્મ્ય હતું અને હજુ યે કેટલેક અંશે છે. એ શબ્દનો અપભ્રંશ 'ફરાળ' થયો અને કેટલાક દોઢડાહ્યાઓએ પેંડા બરફી આદિ માલમલીદાઓની છુટનો સિદ્ધાંત સ્વીકાર્યો ત્યારથી 'સાપ ગયા ને લીસોટા રહ્યા' જેવી સ્થિતિ છે. છતાં એ આદર્શ આપણે ત્યાં હજી સજીવન હોઇ અને આજે પશ્ચિમ એના વિજ્ઞાન દ્વારા એનું ઉંડું રહસ્ય આપણને સમજાવતું હોઈ એને આચારમાં ઉતારતાં આપણને બહુ વખત નહિ લાગે એવી આશા રાખીએ. હિંદના ઉપર કુદરતની કૃપા છે એટલે સાધારણ સ્થિતિનાં માણસો પણ ધારે તો ખાસ કશો આર્થિક ભોગ આપ્યા સિવાય પોતાની જીવનપ્રણાલિ પલટાવી શકે તેમ છે. પરંતુ દુઃખની વાત એ છે કે આપણે આપણા જુના રીતરિવાજોને વ્હેમની નજરે જોતાં શીખી ગયા છીએ. જગતભરમાં હિંદનું નામ અમર કરતી એ આર્યસંસ્કૃતિની કીમત આપણે જ નથી આંકી શકતા! પરંતુ જાણતાં કે અજાણતાં પણ પશ્ચિમના વિજ્ઞાનવિશારદો એમની શોધો દ્વારા આર્યાવર્તની એ જુગજુની સંસ્કૃતિનો વિજયધ્વજ વધારે ને વધારે ઉંચો ચડાવતા જાય છે એ જોતાં આશ્વાસન મળે છે. શું આપણે સ્થિર રહી એ જોયા જ કરશું ?

(કાર્લ્સરૂહ : જર્મની) **લવજી થોરિયા**

સ્વીકાર

બદનામ હિંદ: લેખક, હીરાલાલ આર. ડૉક્ટર; પ્રકાશક, વર્ધમાન એન્ડ સન્સ, મુંબાઈ: કી. ૧-૦-૦

સાદી શિખામણ: પુસ્તક બીજું: સંગ્રહ કર્તા અને પ્રકાશક, મગનલાલ શંકરભાઇ પટેલ, પાટણ: કી. ૨-૦-૦

મહાવીર જીવનનો મહિમા: લેખક, પંડિત બેચરદાસ જીવરાજ દોશી; પ્રકાશક, એસ. જે. શાહ, માદલપુર અમદાવાદ; કી. ૦-૨-૦

હૃદય-તરંગ: લેખક, મણિલાલ મા. જુમખાવાળા, જંબુસર; પ્રકાશક, નટવરલાલ ના. ભરૂચા; કી. ૦-૬-૦

ઇલેક્ટ્રિક ઉપચારશાસ્ત્રના સિદ્ધાંતો: લેખક, ડૉ. એચ. એસ. મૅનેલ એમ. ડી., મુંબાઈ; કી. ૦-૪-૦

ગુલછડી: રચનાર, રમણિકલાલ જયચંદભાઈ દલાલ; પ્રકાશક, મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે, અમદાવાદ: કીમત નથી.

બાલકાવ્યો: સંગ્રાહકો, 'બાલમિત્ર'ના તંત્રીઓ; પ્રકાશક, પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરા.

દક્ષિણ હિંદમાં પ્રવાસ



ચામુંડા હિલ પરનો પ્રચંડ પોઠિયો

મ્હૈસુરની ચામુંડા હિલ

આ ટેકરી મ્હૈસુર શહેરથી પાંચ છ માઇલ દૂર છે, પણ આઘેથી મ્હૈસુરની પાછળ જ જાણે ઓથ આપી ઉભી હોય એમ લાગે. એના સિવાય એની આસપાસ બીજી કોઇ સંબંધી ટેકરીઓ નથી. મ્હૈસુર પ્રાંતના વિશાળ સપાટ પ્રદેશ ઉપર તે એકલી લાંબી પડી છે. તેની ઉપર મ્હૈસુરના રાજા અને તેમના પૂર્વજોનાં કુળદેવી ચામુંડા માતાનું મંદિર છે. દરેક રાજાએ ભક્તિપૂર્વક આ સ્થાનની શોભા અને ખર્ચ સાચવ્યાં કર્યાં છે. દક્ષિણ હિંદની ઢબના ઉંચા ગોપુરમવાળું એ મંદિર ઘણે દૂરથી દેખાય છે.

આ ટેકરીની ઉંચાઇ ગિરનાર જેટલી લાગે છે. પણ હાલના મહારાજાએ અતિ ખર્ચથી ટેકરી પર એવી સરસ સડકો ચડાવી છે કે મોટરો પણ ઝપાટાબંધ ઉપર લઇ જાય છે. માણસોને ચડવાનો એક ટુંકો રસ્તો છે અને તેને એક હજાર પગથિયાં છે. તે ટેકરીની એક જ બાજુથી ઉપર જાય છે. મોટરનો રસ્તો ટેકરી ફરતો બેત્રણ આંટા લે છે તેથી ચારે પાસના લીલાછમ મુલક અને દૂરના ઘાટ તથા નીલગિરિનાં મનોહર દૃશ્ય જોવાની તક મળે છે. ટેકરી ઉપર કોઇ જાતની વનસ્પતિ થતી નથી; નર્યો પથ્થર જ છે. પણ ઉપર ચડનારને આસપાસનું જે સૌંદર્ય દેખાય છે તેથી તૃપ્ત થઇને તે આ ખોટ ભુલી જાય છે.

પણ માનવીની કળા પથ્થરને ય આકર્ષક અને

પ્રભાવશાળી બનાવી શકે છે. આ ટેકરીના હાથી જેવડા પથ્થરોમાંથી પૂર્વકાળના કોઇ વિશ્વકર્માએ એક પ્રચંડ પોઠિયો કોરી કાઢ્યો છે તે આ જમાનાના કારીગરની નજરે પણ શિલ્પીનું અદ્‌ભુત પરાક્રમ લાગે છે. એટલા મોટા માપમાં ત્યાં ને ત્યાં જ પડેલા પથ્થર ઉપર ટાંકણાં મારવા હાથ ઉપાડનારના મગજમાં આકૃતિ પર કેટલી પ્રભુતા હશે, હાથમાં કેટલું શૌર્ય હશે તે તો નજરે જોનારને જ ખ્યાલ આવે. માપમાં ક્યાં ય ભુલ નહિ; લક્ષણ અચૂક; દૂરથી જુઓ તો કોઇ સજીવ પોઠિયો નસકોરાં ફુલાવી રહેલો લાગે. કારીગરે માત્ર મોટું માપ ઉઠાવ્યું છે એટલું જ નહિ પણ તેની ઉપર જે ઘંટાઓ અને અલંકારોની માળાઓ નાખી છે તેમાં યે કુશળતાભરી શુદ્ધ આકૃતિઓ કોરી છે અને ક્યાં ય પણ વિકૃતિ કે વિરૂપતા થવા દીધી નથી. આટલી બધી પ્રભુતાભરી કારીગરી ધરાવતા દેશનાં માણસોને પરદેશો પાસે શીખવાનો આજ જમાનો આવ્યો છે એ વિચારતાં કાળની ક્રૂરતા ભુલાતી નથી.

ચામુંડા હિલ પર સાંજના જ જવું એમ બધા લોકો ભલામણ કરે છે અને તે વાતની પાછળ રહેલું રહસ્ય, આખા શહેરમાં દીવાબત્તી થઇ જાય છે ત્યારે સમજાય છે. જાણે દીવાળી હોય એટલી રોશની ત્યાં ઝબકે છે. હજુ અંધારૂં થયું ન હોય એટલામાં થોડાથોડા દીવા દેખાય છે તે જાણે મોતી વેરાયલ ચોકમાં. પણ પછી તો રાજમહેલની રોશની તથા ચારે તરફના રસ્તાઓ પરની હારદોર રોશની ભુરા આકાશ નીચે કોઇ પાતાળનગરનો ખ્યાલ આપે છે. રાજમહેલના સૌથી ઉંચા મકાન પરનો લાલ દીવો તેને એકદમ મધ્યવર્તી આકર્ષણ આપે છે.

રાત્રે ટેકરી પરથી ઉતરતી વખતે બધો રસ્તો શહેર બહારના મોટા બગીચાઓ વચ્ચેથી પસાર કર્યો. ત્યાં પણ બે બાજુ રોશની હારોહાર લાગી રહી હતી. અરેબિયન નાઇટ્સનો અલાદીન જાદુઇ ભોંયરામાં ઉતર્યો ત્યારે તેને જેવી લાગણી થઇ હશે તેવી કંઇક અમને એ બગીચાના દીવાઓથી થઇ. રાજમહેલના દરવાજા આગળના મોટા ગોળ મેદાનની વચ્ચોવચ હાલના મહારાજાના પિતા ચામરાજેન્દ્રનું સુંદર બાવલું છે. આઠેક ફુટની વિશાળ પીઠ પર



કાવેરીનો ધોધ

આરસની મોટી છત્રી નીચે તે ભવ્ય ઉઠાવમાં ગોઠવ્યું છે. રાત્રે છત્રીની વચમાંથી એક રોશની ઝબકે છે તે વખતે દિવસના કરતાં યે અનેકગણો વધારે ભાવ અને ગંભીરતા એ પુતળા પર દેખાય છે. ગામડાના લોકો ભાવપૂર્વક એ નિરખે છે અને નમસ્કાર કરી વિદાય લે છે. આ પુતળું એક અંગ્રેજ કારીગરે કરી આપ્યું હતું, પણ ચહેરો મળતો નહિ આવવાથી મુંબાઇના સુપ્રસિદ્ધ શિલ્પી શ્રી મ્હાત્રેએ તે બનાવીને નવું બેસાડી આપ્યું છે. હિંદુસ્તાનના રાજામહારાજાઓ હિંદના કારીગરોને પ્રથમ સ્થાન આપવાની દરકાર કદિ બતાવશે ખરા?

મ્હૈસુરના હાલના મહારાજા ઈંગ્લંડ ગયા નથી, છતાં યૂરોપની બધી વિજ્ઞાનવિદ્યાનો પુરેપુરો ઉપયોગ પોતાની પ્રજાના હિતાર્થે કરે છે. વિજળીની પુરી છુટ અને વપરાશ પ્રજાને પહોંચતાં કરી તેમણે શહેરને જેટલું સુંદર અને દીપ્તિમાન કર્યું છે એટલી જ વેગવાન પ્રગતિ જળાશયો અને નહેરોનાં બાંધકામમાં પણ કરી છે. દક્ષિણની ગંગા સમી કાવેરી નદીનાં બહોળાં જળ સમુદ્રમાં જઇ મળતાં હતાં તેનો લાભ મ્હૈસુર પ્રદેશની ભૂમિને રસાળ કરવાને સોળ માઈલ ઉપર બે માઇલ જેટલાં બે મોટા બંધ બનાવી લીધા છે. ત્યાં કાવેરીનાં પાણી રોકાઈ જતાં વિશાળ સરોવર બની રહ્યું છે, એ કૃષ્ણરાય સાગર તરીકે જાણીતું છે.

આ બંધ અથવા Dam દુનિયામાં બીજે કે ત્રીજે નંબરે આવે છે અને ઇજનેર કામનો એક અદ્‌ભુત નમુનો છે. વધુ આશ્ચર્ય તો ત્યારે થાય છે કે

એ કામ ઉઠાવનાર અને પાર પાડનાર એક હિંદી-વાન છે. સર વિશ્વેશ્વરૈયા મ્હૈસુરના મુખ્ય પ્રધાન અને ચીફ એન્જિનિયર હતા. તેની યોજના અને બુદ્ધિને આ મહાન બંધનો યશ ઘટે છે. હજુ તે પુરો થયો નથી, પણ મુખ્ય કામ થઇ ગયું છે અને બાકીની નહેરો વધારવાનું, આસપાસ બગીચાની ગોઠવણો કરવાનું નાના ઇજનેરો ચલાવી રહ્યા છે. રોકેલાં પાણી છોડવાનાં જે બારણાં છે ત્યાં આગળ રાક્ષસી બળોથી પ્રવાહો છુટે છે અને તે દરિયાનાં મોજાંની માફક ફીણ મારતાં ઉછળતાં નીચેના માર્ગમા ધસે છે. દૂરથી પાણીની ઝણ એટલી ગાઢી દેખાય છે કે જાણે ધુમાડા નીકળતા હોય! એ દેખાવ વર્ણવ્યો સમજાય તેમ નથી. ચિત્રમાં પણ તેની વિશાળતાનો ખ્યાલ ન આવે. બધું કામ એટલી ચોક્કસ ગણત્રી અને મજબુત યોજના પર રચાતું આવે છે કે એક મનુષ્યના ભેજાંની એ શક્તિ પર આફરીન થઈ જવાય.

આટલે દૂર જવાને મોટર બસો પણ મળી રહે છે અને નજીકમાં એક રેલવે સ્ટેશન પણ છે એટલે આ સ્થળનો મ્હૈસુર સાથેનો વ્યવહાર સહેલો છે. માત્ર ૧૩ માઇલનું અંતર હોવાથી ચારેક કલાકમાં ત્યાં જઇને અવાય છે.

આ બંધ બાંધીને રાજ્યે પ્રજાને દુષ્કાળથી નિર્ભય બનાવી દીધી છે. ઉપરાંત, આ ધોધનાં બળોમાંથી જુદાંજુદાં કામ લઇ શકાશે અને કારખાનાં મારફત ઉપયોગી ચીજો સસ્તી બનાવી શકાશે એ લાભ જુદો.

શિવ સમુદ્રમ્ આગળ કાવેરી નદી ચાર સો ફીટ ઉંચાઇથી જમીનમાં ઊંડાં કોતરો પાડી ધસે છે. ત્યાંથી નહેર વાળી પાણીનો પ્રવાહ મોટા નળોમાં ઉતારી વિજળીનું ગંજાવર ખાતું ઉભું કરવામાં આવ્યું છે. આઠ મોટા ડાયનેમો પાણીના બળથી ધમધમી રહે છે અને બૅંગલોર સુધી તેના જોરે કારખાનાં ચાલે છે ને દીવાબત્તી ઝળકે છે. એ કારખાનું જોવા જનારને ઉપરની ભેખડથી નીચેના કારખાના સુધી જવા આવવાને વિજળીક દોરડે ખેંચાતી હલારીની મફત સહેલ મળે છે.

કનુ: મનુ, મોટો થયા પછી કયો ધંધો કરીને તું તારૂં નામ કાઢીશ?

મનુ: ધંધો ગમે તે કરીશ. પણ મારૂં નામ તો નહિ જ કાઢું. એ તો મનુ જ રહેવાનું છે.

વિલાયતના પત્રો



૨૧ ક્રૉમવેલ રોડ: સાઉથ કેન્સિંગ્ટન
લંડન તા. ૧૫-૧૧-૨૭

અહીંના ઉત્સવો વિષે હજુ કાંઇ ઝાઝી માહિતી મળી નથી. નાનાક્ષ સરસમાં સરસ રીતે આ લોકો ઉજવે છે. હમણાં 'ગાય ફૉક ડે' ગયો. એમનો આ ઐતિહાસિક ઉત્સવ છે. પાર્લામેન્ટને દારૂગોળા વતી ઉડાડી મુકવાના પ્રયત્નમાં નિષ્ફળ થએલું આ કાવતરૂં ચાર્લ્સ પહેલાના સમયમાં પાંચમી નવેમ્બરે ફુટેલું. એની એટલી યાદગીરી જાળવવા લોકો ખુબ દારૂખાનું ફોડે છે; અને છોકરાં તો, આપણે ત્યાં હોળીના દિવસોમાં જેમ ચિત્રવિચિત્ર વેશવાળા હાઉ બને છે તેમ જુદાજુદા બાહુકા બનીને પૈસા ભેગા કરે ને તેમાંથી દારૂખાનું ખરીદીને ફોડે. ફેર ફક્ત એટલો જ કે આ છોકરાંની ગોફ માગવાની રીત આપણા જેવી ધમકીની નથી હોતી. બહુ જ શાન્ત રીતે પેની માગે અને ન મળે તો બીચારાં ચાલ્યાં જાય. પણ એમનો પોષાક અને હાવભાવ જોઇને પેની કે અર્ધી પેની આપવાનું મન થાય જ. કેટલાંક તો મેશ ચોપડીને નીકળી પડેલાં.

બીજો યાદગાર દિવસ 'આર્મિસ્ટિસ ડે' હતો. તે દિવસે ગયા યૂરોપીય મહાયુદ્ધ વખતે ફ્લૅન્ડર્સના રણક્ષેત્ર ઉપર રેડાએલા લોહીની યાદગીરી ખાતર દરેક જણ રાતું પૉપીનું ફુલ બટનના કાણામાં પહેરે છે. એ પૉપી ફુલની કીમત ત્રણથી છ પેની જે આવે તે સાર્વજનિક ફંડમાં જાય, જે વડે લડાઇમાં અપંગ અને નિરાધાર થએલાં કુટુંબોને મદદ મળે. અને આ દિવસે પાળવામા આવતી બે મિનિટની શાન્તિનો દેખાવ તો અજબ હતો. લાખો માણસોની મેદની સમક્ષ રાજા અને પ્રિન્સ ઑફ વેલ્સ તથા ત્રણ સો ચાર સો પાદરીઓ સોસોના યુનિફૉર્મમાં અને સઘળી રેજિમેન્ટોના ઉપરીઓ એમનાં લશ્કરો સહિત હાજર રહીને, મૃત યોદ્ધાઓનાં સ્મારકને માન આપવા અવનત મસ્તકે એક પછી એક ફુલોના ગોટાઓ સ્મારક ઉપર મુકીને પાછા એમની જગ્યાએ ચાલ્યા જાય એ દેખાવ

ગમે તેવા શાંત માણસને યે લડાઇના રોમાંચક પ્રસંગોની યાદ આપીને દેશને ખાતર મરી ફીટવાના ગૌરવવડે અંતરને ભરી દે તેવો હતો. અને બે મિનિટની એ શાંતિ દરમિયાન તો જાણે આખું ય લંડન, કોઈ ગ્રીસ, બૅબિલોન કે રોમનાં ખંડેર વચ્ચે અનંત કાળની નિદ્રા લેતાં આરસનાં સ્મારક જેવું શાંત બની રહેલું. રસ્તે ચાલતી મોટરોનાં એન્જિન પણ બંધ. અને માણસ તો જ્યાં ઉભાં હોય ત્યાં ટોપી ઉતારીને શાંત ચિત્તે પ્રાર્થનાના દેખાવમાં નમ્રતાના અવતાર હોય એવાં જોવાં—આ બ્રિટિશરોને—એ ઓછું છે? આ લોકોની પાસેથી વ્યવસ્થા લઇ લઇએ તો પછી વખાણવાલાયક બીજા સદ્‌ગુણો એમનામાં બહુ ઓછા છે, પણ એ એક જ ગુણ વડે આખી દુનિયાને એકચક્રે ચલાવનાર આ પ્રજા બીજા ગુણોમાં ઉતરતી અને જગતબંધુત્વમાં ન માનનારી હોવાથી, પારકાનાં તો શું પણ કેટલીકવાર પોતાના જાતબંધુઓનાં ગળાં કાપવા તૈયાર થઇ જાય છે. આ બધા દુર્ગુણો આ પ્રજાના વિનાશની તૈયારીઓ સૂચવે છે. અહીં મુડીવાદીઓ ને માઇનર્સ (ખાણોમાં કામ કરનાર મજુરો) વચ્ચે નિરંતર ઝગડા ચાલ્યા જ કરે છે, આયર્લૅંડ કે સ્કૉટલૅંડનો વતની અંગ્રેજને લગભગ ધિક્કારતો જ હોય છે. અને આવી સ્થિતિમાં બ્રિટિશ સલ્તનત લાંબો વખત ટકશે કે કેમ એ બાબત અહીંના વજનદાર લોકો પણ શંકાશીલ રીતે માથું ધુણાવે છે.

હજી ગયે શુક્રવારે જ, બ્રિટનની સામ્રાજ્યવાદી હીલચાલો દુનિયાની શાંતિને હાનિકારક છે કે લાભદાયક એ વિષે અહીંના આલ્બર્ટ હૉલમાં એક મોટી ચર્ચા થઈ હતી, અને છેવટમાં તો એ હાનિકારક જ છે એમ પુરવાર થયું હતું. પણ બીજી પ્રજાઓનાં લોહીમાંસ ઉપર જ નિર્વાહ કરનારી આ પ્રજાને આ રીતો સિવાય તો ભુખે મરવું પડે એવી એની કુદરતી સ્થિતિ છે; એટલે કપટનીતિનો આશ્રય લઇને દુનિયાને સમજાવીને પોતાનો વેપાર ચલાવી-નિભાવી રાખવાના સઘળા પ્રયત્નો હમણાં તો અહીંની સરકાર કરી રહી છે.

પણ આવી રાજદ્વારી ખબરોમાં તમને કદાચ ઝાઝો રસ નહિ પડે. ઘણીવાર તો ગ્રામોફોનની રેકર્ડ જેમ એક જ વાત હું ગ્રીણવટથી લખ્યે જાઉં છું ત્યારે વાંચનાર કંટાળશે એ ભાગ્યે જ ધ્યાન રહે છે.

તબિયત બહુ જ સરસ છે. અને હવે તો રાતદિવસ સ્ટીમ પાઇપ વડે કૉલેજ અને ઘરો ગરમ રાખવામાં આવે છે એટલે ઠંડીની અસર તો રસ્તા ઉપર હોઇએ એટલો સમય જ સહન કરવી પડે છે.

લંડન તા. ૩૦-૧૧-૨૭

નાતાલના મોજભર્યા તહેવારો પાસે આવતા જાય છે તેમતેમ અહીંની દુકાનોમાં અને Show Windowsમાં (ત્યાંની વ્હાઇટ વે જેવી તો બબ્બે ત્રણત્રણ દુકાનો અહીં દરેક વેપારી બજારમાં હોય છે.) સુંદર પોષાકો, ભેટ આપવાની જુદાજુદા પ્રકારની ચીજો અને છોકરાંનાં રમકડાંનાં પ્રદર્શન થતાં જાય છે. વ્યાપારની દૃષ્ટિએ હમેશાં આ ચીજોને જુદીજુદી રીતે ગોઠવીને આકર્ષક અને મનમોહક બનાવવા આ લોકો ખર્ચ કરતાં પાછું વાળી જોતા નથી. આ બારીઓની અંદર મુકાએલી દરેક ચીજ ઉપર ઇલેક્ટ્રિક લાઇટનાં જુદાંજુદાં રંગનાં અજવાળાં નાખીને લાકડાનાં અથવા મીણનાં પુતળાં ઉપર માણસના કદનાં પ્લાસ્ટરનાં ઓઠાં ઉપર પોષાકોને એવી સરસ આકર્ષક રીતે ગોઠવે છે કે કેટલીક વાર તો એ પુતળાંની પાસે ઉભેલો સાચો માણસ એ પુતળું છે કે માણસ, એની એ હાલે નહિ ત્યાં સુધી ખબર ન પડે. અહીંનાં વેચાણ પણ સારાં અને જથ્થાબંધ હોય છે અને ઘણીવાર ખુબ સસ્તી ચીજો આમાં મળે છે!

બાર્કર્સનો સ્ટોર (જ્યાંથી સાધારણ રીતે હું ખરીદી કરૂં છું તે)નાં, તમારા P.W.D.નાં બિલ્ડિંગ જેવાં ચચ્ચાર માળનાં ત્રણ મકાનોમાં લગભગ હજારથી બાર સો સ્ત્રીપુરુષો વેચાણકામ માટે રોકેલાં હોય છે. સ્ટોરની અંદર લંચ અને ચહાને વાસ્તે એક હોટેલ તથા વિનોદ વાસ્તે એક આરામગૃહ છે. ત્યાં બેસીને થાક ખાઇએ ત્યારે રેડિયો, ગ્રામોફોન કે પિયાનાનું સંગીત તો ચાલુ જ હોય. અને સાધારણ રીતે જરૂરિયાતની બધી ચીજો અહીં મળે છે. ફૅશનેબલ, શ્રીમંત, ગરીબ-અને સામાન્ય વર્ગનાં માણસો—બધાંને માફક આવે એવી ચીજો ને એવા ભાવ અહીં હોય છે. અને વ્યવસ્થા કેવી સરસ! જે ચીજ જોઇતી હોય તેના વિભાગમાં લિફ્ટ લઇ જાય, એટલે સેલ્સમૅન ખુબ આદરથી બધી જાતો અને ભાવ પ્રમા-

એનો માલ બતાવે અને આપણને જોઇતી સાઇઝની ખાતરી કરીને, જે માલ પસંદ કરીને પૈસા આપીએ તે માલ આપણે ઘેર એમની ફરતી ગાડીઓ (Touring Vans) મારફત મળી જાય. અહીં સાધારણ રીતે માણસો સામાન પોતાની સાથે ફેરવતા જ નથી; દુકાનદાર જ ઘેર પહોંચાડી આપે, કારણકે એની કીમતમાં આ ખર્ચનો પણ સમાવેશ થઈ જતો હોય છે.

'ટિપિંગ' (બક્ષિશ) આપવાનો રિવાજ અહીં બહુ છે. ખાસ કરીને પુરુષ નોકર હોય તો સાધારણ રીતે હોટેલમાં જઇએ અને બિલ થાય એના વીસ ટકા તો બક્ષિશ આપવી જ જોઇએ. અને આના બદલામાં તમે અંદર જાઓ ત્યારે તમારો ઓવર કોટ, હૅટ તથા હાથનાં મોજાં વેઇટર ઉતારી લે અને પરવારીને જવા તૈયાર થાઓ એટલે ઓવર કોટ પહેરાવે. પણ સાધારણ વર્ગનાં ગજવાને પોસાય એવી A. B. C. હૉટેલમાં તથા જે. લાયન્સની હોટેલમાં સ્ત્રી વેઇટરો હોય છે. અને આ છોડીઓ કાંઇ ઓવર કોટ કે હૅટ અને હાથનાં મોજાં લેવા આવે નહિ અને બક્ષિશની આશા પણ ન રાખે, એટલે મારા જેવાને જેમને બહુ ફૅશનમાં તણાવું ન હોય એ તો આવી હૉટેલોમાં જ જાય છે. અહીં ચીજોના ભાવ પણ સસ્તા હોય છે. ફક્ત ઘરાકી ઝાઝી હોય અને કામ કરનાર છોકરીઓ થોડી હોય એટલે થોડુંઘણું ખોટી થવું પડે એટલું જ. હલકા પ્રકારની, આપણાં મુંબાઇનાં 'ફરાળાં ચે વિશ્રાંતિગૃહ' જેવી હૉટેલો અને વિશ્રાંતિગૃહો પણ અહીં હોય છે. પણ એવાંની ગંદકી અને સુગ તથા ત્યાં આવતાંજતાં સ્ત્રી-પુરુષોની વર્તણુક બહુ જ ખરાબ હોય એટલે સારાં માણસો ત્યાં ભાગ્યે જ જઇ શકે.

હમણાં હમણાં તો અમારી કૉલેજ તરફથી ગોઠવાતી વિઝિટ પાર્ટીમાં હું ઘણીવાર જાઉં છું. હમણાં જ હું અહીંના મીણબત્તીના એક કારખાનામાં ગએલો. ત્યાં સાધારણ પુરુષો અને સ્ત્રીઓ સમભાગે કામ કરે છે. ઝાઝી મહેનતનું કામ હોય ત્યાં પુરુષો હોય. એમને પગાર પણ સારા મળે છે. હલકું અને જોખમ વગરનું કામ છોડીઓ તથા સ્ત્રીઓ કરે છે. એમને પગાર પણ થોડા મળે. છતાં ય દિવસના આઠઆઠ કલાક કામ કરતાં આ લોકોની ઝડપ અને ચપળતા લગભગ યંત્રના જેવી જ થઈ જાય છે. એક જ યંત્ર ઉપર મહિનાઓ અને વર્ષોથી મહાવરો હોય પછી ઝડપ હોય એમાં શી નવાઇ! અને કામના એટલા તો વિભાગ પાડી દીધા હોય!

કારખાનું ટેઇમ્સના કિનારા ઉપર જ છે. વહાણમાંથી કાચું મીણ કારખાનામાં ઉતરે એટલે એને બોઇલર રૂમ પાસેના રીફાઇનિંગ રૂમમાં લઇ જાય અને ત્યાંથી શુદ્ધ કરીને દરેક ખાતામાં વરાળની નળીઓ મારફત મોકલવામાં આવે. એક ખાતામાં રાત્રે બાળવાની મીણબત્તીઓ થાય છે, ત્યાં નાની સાઈઝની નવદસ કલાક બળે એવી જ મીણબત્તીઓ બને. બીજા ખાતામાં મોટી સાઇઝની મીણબત્તીઓ થતી હોય, તો ત્રીજા ખાતામાં વળી રંગબેરંગી વળદાર સુશોભિત ને આકર્ષક મીણબત્તીઓ બનતી હોય. દરેક પ્રકારનાં યંત્રો ઉપર એમની ખાસિયતો જાણનાર કારીગરો હોય છે. તૈયાર થએલી મીણબત્તીઓમાં વાટ પરોવવાનું કામ કરનારૂં જુદું ખાતું, સઘળી મીણબત્તીઓને કાગળમાં પૅક કરનારૂં જુદું ખાતું. અને એની ઉપર કાગળનું લેબલ ચોડી તૈયાર કરનાર જુદું ખાતું. લાકડાંનાં ખોખાં તૈયાર કરવાનું એક વળી મોટું ગંજાવર ખાતું જ્યાં લાકડાં વહેરીને ઠેઠ પેટીઓ બનાવવા સુધીનું કામ થાય છે. આવા એક કારખાનામાં ૨૫૦૦ માણસો કામ કરે છે. ઑર્ડર પુરા પાડનારૂં ખાતું અને આ માણસોને પગાર ચુકવનારી અને દેખરેખ રાખનારી ઑફિસમાં જ ૧૨૫ કારકુનો તો છે. પણ આ સઘળું કામ એટલી સરળતાથી અને જરી યે બગાડ થયા સિવાય ચાલે છે કે આપણે હિંદુસ્તાનમાં આવાં ગંજાવર કારખાનાં કરીને ગરીબ મજુરોના સ્થિતિ ક્યારે સુધારશું એ કાંઇ સુઝતું જ નથી. હમેશાં પાંચ ટન મીણની મીણબત્તીઓ અહીં બને છે.

આ વખતે દીવાસળીનું એક કારખાનું જોવા જવાનો વિચાર છે. એનું વર્ણન આવતા પત્રમાં લખીશ.

આજકાલ તો ધુમ્મસ અને ઠંડી સાથે વરસાદ પણ ચાલુ જ છે. હવે તો લગભગ રાત જેવું જ છે. દિવસ તો ઉનાળામાં ઉગશે એવી આશા રાખીએ છીએ. આવી ઋતુમાં યે ખુશનુમા દેખાવ રાખવાની આ લોકોની કળા અજબ છે. કેટલાં આશાવાદી લોકો!

લાભશંકર ભટ્ટ



દ્વિરેફની વાતો: કર્તા, રામનારાયણ વિશ્વનાથ પાઠક; પ્રકાશક, પ્રસ્થાન કાર્યાલય અમદાવાદ; રૂ. ૧-૪-૦

કોઇએ કહ્યું છે કે પડેલી પ્રજાના માનસને પલટાવી તેનું પુનર્વિધાન કરવામાં સાહિત્યના કોઇ પણ અંગ કરતાં ટૂંકી વાર્તા જ વધારે સામર્થ્યવાન નીવડે છે. તે પોતાની સ્વાભાવિકતા અને સહૃદયતાને લીધે નાનામોટા સૌને આકર્ષે છે, અને તેની નીચેની હેતુ-ગુંથણી જો ચાતુરીભરી અને સમર્થ હોય તો વાંચનારના માનસને ત્વરાથી ધાર્યો પલટો આપી દે છે. રશિયાના રાજકીય પુનરુત્થાનમાં ત્યાંના ટૂંકી વાર્તાના સમર્થ લેખકોએ કરેલો આમવર્ગનો પલટો કેટલો અગત્યનો ભાગ ભજવી ગયો એ છાની વાત નથી. આપણા દેશની સંસ્કૃતિની પુનર્ઘટનાના આ કાળે આવી રીતે ટૂંકી વાર્તા દ્વારા સમાજના માનસને પલટો આપવાના પ્રયત્નો થાય એ જેટલા સ્વાભાવિક તેટલા જ આવકારપાત્ર છે.

આ સદીના ચાલુ દશકામાં ગુજરાતી સાહિત્યે પ્રાપ્ત કરેલા જે ગણ્યાગાંઠ્યા સારા નવલિકા લેખકો છે તેમાં 'દ્વિરેફ'નું નામ આવે. આજ સુધીમાં પોતે લખેલી માત્ર બાર જ વાર્તાઓ વડે એમણે ટૂંકી વાર્તાના ક્ષેત્રમાં આટલો વિશિષ્ટ ચાસ પાડ્યો છે, એ જ એમની તરી આવતી શક્તિની પ્રતીતિ આપે છે. જોકે એમના આ સંગ્રહની પ્રસ્તાવનામાં તો એ જણાવે છે કે એમને 'વાર્તા લખવાની સ્વયંભૂ ઈચ્છા કદિ થએલી નહિ: માત્ર તરંગો થએલા.... પણ માથે પડ્યું માણસ શું નથી કરતો?' માથે આવી પડેલી પ્રવૃત્તિને પણ એમણે આટલી સરસ ખેડીને ગુજરાની શિષ્ટ સાહિત્યને ઉજળું કર્યું છે એ ઓછા ગૌરવની વાત છે?

સમાજના ઠેઠ છેલ્લા થર સુધીનું વેધક નિરીક્ષણ કરીને તેના વિવિધ પાસાના લાક્ષણિક પ્રસંગો ચુંટી એમણે તે સમર્થ કલ્પના અને સચોટ છતાં સરળ ભાષાના તાણાવાણા વડે વણી અકેક ઉમદા પોત પ્રગટાવ્યું છે. અને એ પ્રત્યેક પોતની સાથે અકેક હેતુનો જે સ્વાભાવિક છતાં ગર્ભિત વણાટ ઓતપ્રોત થઈ રહ્યો છે તે એના વણકરની શક્તિનું સૂચન કરે છે. વિદ્વાન અધ્યાપક, સાહિત્યના બહુશ્રુત અને ઉંડા અભ્યાસી, અગ્ર વિવેચક અને તટસ્થ તંત્રી તરીકેના શ્રી રામનારાયણ પાઠકના વ્યકિતત્વનું, શક્તિમાન વાર્તા-નવેશ તરીકેનું એક વધુ પાસું આ સંગ્રહથી ગુજરાત આજ પિછાને છે.

'દ્વિરેફ' એટલે પોતે એનો પણ સુંદર ખુલાસો એમણે પ્રસ્તાવનામાં કરી દીધો છે, અને તેનો અર્થ સમજાવતાં અંતે લખે છે કે 'દ્વિરેફનો રૂઢ અર્થ ભ્રમર ... પરંતુ હું રૂઢ અર્થમાં નહિ પણ યૌગિક અર્થમાં ભ્રમર છું. દ્વિરેફની પેઠે મારા નામમાં પણ બે રેફ—રકાર છે.'

મુખ્યત્વે 'યુગધર્મ' અને 'પ્રસ્થાન'માં પ્રગટ થએલી પોતાની બાર વાર્તાઓમાં એક નવી ઉમેરીને તેરનું આ ગુચ્છ એમણે 'પ્રસ્થાન' કાર્યાલય તરફથી બહાર પાડ્યું છે, અને તેની આવકનો ઉપયોગ 'પ્રસ્થાન'ના નિર્વાહ અર્થે જ કરવાનો આશય રાખ્યો છે. 'પ્રસ્થાન' જેવું માસિક ખોટમાં કામ કરે છે એ કડવી હકીકત સાહિત્યપ્રેમી ગુજરાતથી અજાણી નથી. અમારી ભલામણ છે કે 'દ્વિરેફની વાર્તાઓ' જેવું પુસ્તક માત્ર સવા રૂપિયામાં વસાવવાની સાથેસાથે 'પ્રસ્થાન' જેના માસિકના નિર્વાહમાં અલ્પ ફુલપાંખડી અર્પવાની આ તક કોઇ સાહિત્યપ્રેમી ન ગુમાવે.

વેણીનાં ફુલ: કર્તા, ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક, મહિલા વિદ્યાલય ભાવનગર; ૦-૪-૦.

શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્યના સમુદ્ધારક ને પ્રચારક ધુળધોયા તરીકે જાણીતા થએલા છે. પણ એમનામાં કાવ્ય-પ્રતિભાનો ચમકાર પણ છે એ વાતથી, એમનાં પુસ્તકોની આટલી સુંદર પ્રસ્તાવનાઓ ને બીજા લેખો વાંચ્યા પછી યે કોઇ અજાણ રહ્યું હોય તો આ ગીતસંગ્રહથી એની પ્રતીતિ કરી શકશે. ખાસ કરીને કન્યાઓ માટેનો આ સંગ્રહ મોટી સ્ત્રીઓને તથા પુરુષહૃદયને પણ એમાંની 'નિર્મળ રસ-સરણીથી, લોકગીતોના ઢાળના મસ્ત ડોલનથી, અસરકારક નાદ-પ્રભાવ ધરાવતી ભાષાથી અને નવા યુગની સુરમ્ય કલ્પનાઓ ને સંસ્કારભીની ઊર્મિઓથી' આકર્ષી તન્મય બનાવી મુકે એવો છે. એનો એક નમુનો 'તલવારનો વારસદાર' આ અંકના બાળવિભાગમાં આપ્યો છે.

કર્તા પ્રવેશકમાં સમજાવે છે તે પ્રમાણે આ સંગ્રહથી એમનો મુળ આશય તો જુના લોકસાહિત્યમાંથી પ્રેરણા લઈ, ચાલુ યુગને અનુકુળ નવું લોકસાહિત્ય પ્રગટાવી તેને સમાજમાં તરતું મુકવાનો છે. 'પછી તેમાં લોકગીતનું કોઇ ચિરંજીવ તત્ત્વ હશે તો લોકોના ઊર્મિપ્રવાહમાં પડીને અનેક રીતે ઘડાતુંઘડાતું એનું એક સ્વરૂપ નક્કી થઈ એ લોકહૃદયે જડાઈ રહેશે; નહિતર આ પુસ્તકમાં જ પડ્યું રહેશે.'

પણ કાળને એનો નિર્ણય કરવા દેવા માટે લોકસમક્ષ એ તરતું મુકવામાં આપણે મદદ તો કરીશું જ ને? વાંચનાર ભાઇઓ પોતાની નાની બહેનોને તથા બહેનો પોતાની સખીઓને ભેટ આપે અને ગૃહસ્થો પોતાનાં ઘરમાં વસાવી તેનો પમરાટ મહેકાવે એવાં આ 'વેણીનાં ફુલ' છે.

ચુંદડી: લગ્નગીતોનો સંગ્રહ: કરનાર ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક સૌરાષ્ટ્ર કાર્યાલય; ૦-૧૦-૦

કુમાર અવસ્થા અને પરિણિત અવસ્થા વચ્ચેનો, ઉષા-સંધ્યા સમો કોમળ ને મધુર મિલન-સમય લગ્નવિધિ અને લગ્નગીતો વડે યોજાય છે, રંગાય છે. જોકે અત્યારે તો, ગએલા સાપના લીસોટા જેવા બની રહેલી આપણી લગ્નવિધિઓની પેઠે આપણાં એ લગ્નગીતો પણ માત્ર રૂઢિને ખાતર ગવાયા કરે છે.

પરંતુ 'લગ્નનાં એ લોકગીતોમાં તો ઉંચું કાવ્ય, મંગલ ભાવના, સુમર્યાદિત સ્નેહલગ્નનો લોક-આદર્શ અને સર્વદેશીય સ્નેહધર્મોની વિચારવાલાયક રસગુંથણી છે એ બતાવવાનો આ સંપાદકનો મુખ્ય હેતુ છે.' જુદીજુદી વિધિઓ વખતે ગવાતાં સોએક લગ્નગીતોના આ સંગ્રહની વિસ્તૃત પ્રસ્તાવનામાં તેના સંપાદકે આ સઘળું બતાવવાનો સહૃદય ને સમર્થ પ્રયત્ન કર્યો છે. આપણી સંસ્કૃતિના પુનર્વિધાનનાં મંડાણ કરવાના પ્રયાસો ચોમેર થઇ રહ્યા છે તેવા આ કાળમાં આ પ્રયત્ન જેવોતેવો ન ગણાય. અને લોકોએ પણ તેને બરોબર ઝીલી લીધો છે. સાંભળવા પ્રમાણે તો આ અવલોકન પ્રગટ થશે તે વખતે તેની પહેલી આવૃત્તિ ખલાસ થવા આવી હશે એટલો સજ્જડ તેનો ઉપાડ થયો છે. આવું પુસ્તક સંઘરવાની તક એની બીજી આવૃત્તિ વખતે કોઇ કેમ ચુકશે?

દેવકથાઓઃ આજનું ભણતર પામેલા આપણામાંના કેટલા થોડા આપણી પુરાણ કથાઓથી જાણીતા હઇશું! જેને માત્ર 'ગપ્પાં' માન્યા કરવાની આટલાં વર્ષો થયાં ભુલ કરી છે તેમાં પ્રેરણાનાં કેવાં અમી છે અને ભાવનાનાં કેટલાં બળ છે એ નવી દૃષ્ટિએ સમજાવીને આપણા એ ભુલાએલા, પુરાણા ને કીમતી વારસા તરફ ધ્યાન ખેંચવાના પ્રયાસો પુનર્વિધાનના આ યુગમાં થઇ રહ્યા છે. બાળપણથી જ તે તરફ ધ્યાન ખેંચી અને સંસ્કારમાં રેડવામાં આવે એથી વધુ પ્રશંસનીય શું હોય? ગુજરાતમાં બાળસાહિત્ય પ્રકટાવવાના પ્રયત્નો કરનારાઓમાંના જાણીતા અને 'બાલમિત્ર'ના તંત્રી ભાઇ ચન્દ્રશંકરે લખેલી પુરાણની એવી થોડી કથાઓનો સંગ્રહ 'દેવકથાઓ'ના નામે ચાર ચિત્રો સાથે આકર્ષક રૂપરંગમાં ગુજરાત સાહિત્યમંદિરે પ્રકટ કર્યો છે. બાળકોને માટે છ આનામાં આ સંગ્રહ છુટક મળે છે: પણ એ સાહિત્યમંદિરની બાલગ્રંથાવલિના ગ્રાહકોને ચાર આને મળે છે

બાળકાવ્યો (ભાગ પહેલો): થોડાંક લોકગીતો, તથા થોડાંક જુના કવિઓનાં ને ઘણાંખરાં નવા લેખકોનાં બાળકાવ્યોનો આ નાનકડો સંગ્રહ 'બાલમિત્ર'માં આવી ગએલી કવિતાઓમાંથી તેના તંત્રીઓએ ચુંટી કાઢ્યો છે, એટલે બાળકોને ગમે તેવો હોય તેમાં શી નવાઈ? ત્રણ આનામાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિમિટેડ વડોદરા, એ સરનામેથી એ મંગાવી શકાશે.

તોફાની ટીપુડો: લખનાર, નટવર વીમાવાળા; પ્રકાશક, ગાંડીવ સાહિત્યમંદિર સુરત; ૦-૬-૦.

બાળસાહિત્યમાં સામાન્યરીતે પરીઓ, રાક્ષસો ને જાદુગરોની વાતો બહાર પડતી હતી એ ચીલામાંથી બહાર નીકળીને ગાંડીવ સાહિત્યમંદિરે એમાં જે વિવિધતા આણનારાં પુસ્તકો બહાર પાડયાં છે તેમાંનું આ એક છે. એમાં બાળકોને રૂચે એવી એક તોફાની કુતરાની કથા છે. મુળ અંગ્રેજી ઉપરથી અનુવાદ હોવા છતાં બાળકોને ગમે એવી શૈલીમાં ભાઇ વીમાવાળા એને બહલાવી શક્યા છે. જાડા કાગળ ઉપર છાપેલી સારા આકર્ષક પુઠાવાળી અને સાથે પાંચ છ ચિત્રોવાળી આ ચોપડી બાળકોને ગમે એવી છે.

ધૂપસળીઃ સંયોજકો, વલ્લભદાસ અક્કડ અને નટવરલાલ વીમાવાળા; પ્રકાશક ઉપર મુજબ જ; ૦-૪-૦.

અંગ્રેજી બાળવાર્તાઓનાં ખોખામાં આપણા વાતાવરણને અનુકુળ ચેતન પુરી વાર્તાઓ સરજાવવાના ગાંડીવ સાહિત્યમંદિરના આવકારપાત્ર પ્રયત્નોનું આ એક ઉજળું દષ્ટાંત છે. અને ગાંડીવનાં પુસ્તકોનાં રૂપરંગ તો બધાંથી નિરાળાં તથા અકર્ષક હોય છે જ, તે મુજબ આ પણ સચિત્ર પુંઠાવાળી અને બાળકોને માટે બરોબર યોગ્ય ટાઇપમાં સ્વચ્છ રીતે છાપેલી છે; એટલે બાળ દુનિયામાં બેશક આવકાર પામશે.

કચુંબરઃ પ્રકટ કર્તા ઉપર મુજબ જ; ૦-૩-૦.

'કુમારે' છેલ્લું પાનું શરૂ કર્યા પછી એ જાતના સાહિત્ય પ્રત્યે લોકોની અભિરુચિ વધતી જણાઇ છે, અને એ પ્રકારનું સાહિત્ય પણ વધુ પ્રકટ થવા લાગ્યું છે. વિલાયતમાં તો આવા સાહિત્યનાં પુસ્તકો પ્રસિદ્ધ થાય છે. અમારો વિચાર પણ એવું એક પુસ્તક પ્રકટ કરવાનો હતો। પણ અમને આનંદ થાય છે કે અમારા મિત્ર 'ગાંડીવ સાહિત્ય મંદિરે' કંઈક એના જેવો જ આ નાનકડો સંગ્રહ પ્રકટ કર્યો છે એમાં એવા પ્રકારનું પણ નાનાં બાળકો માટેનું અને વિવિધ રસનું કચુંબરિયું સાહિત્ય પીરસ્યું છે. તમારાં નાનકડાં ભાંડુઓને ભેટ આપવા જેવું છે.

સમર્પણની કથાઓઃ કવિવર રવીન્દ્રનાથના બંગાળી પરથી અનુવાદ કરી પ્રકટ કરનાર, નરસિંહભાઇ ઇ. પટેલ, પાટીદાર મંદિર આણંદ; ૦-૩-૦.

'સૌરાષ્ટ્રે' શરૂઆતમાં જે સંગ્રહમાંથી વીસ વાર્તાઓ ચુંટીને 'કુરબાનીની કથાઓ' બહાર પાડી હતી, તે જ 'કથા ઓ કાહિની' નામના મુળ બંગાળી પુસ્તકની સઘળી-ત્રીસેય-કથાઓ શ્રી નરસિંહભાઇ પટેલે, મુળને અક્ષરશઃ વળગી રહેવાનો પ્રયત્ન કરીને આ ગુચ્છમાં ઉતારી છે. પાટીદાર જ્ઞાતિના સમુદ્ધાર માટે કામ કરતું શ્રી નરસિંહભાઇ પટેલનું 'પાટીદાર' નામનું તેજસ્વી માસિક જાણીતું છે. એ માસિકમાં પ્રથમ આ કથાઓ એકેક કરીને એમણે આપેલી. તેનો આ સંગ્રહ છે. સમર્પણની ભાવના પ્રકટાવની આ કથાઓ વાંચવાની ભલામણ કરવાપણું ન હોય.



તલવારનો વારસદાર

ઢાળ
શેના લીધા મારા શ્યામ
અબોલડા આ
શેના લીધા રે.

ભીતે ઝુલે છે તલવાર
    બાપુજી કેરી ભીતે ઝુલે રે:

બેટચે ઝુલે છે તલવાર
    વીરાજી કેરી બેટચે ઝુલે રે.

મારા બાપુને બ્હેન ! બે બે કુંવરિયા
    બે વચ્ચે પાડ્યા છે ભાગ

હાંરે બેની ! બે વચ્ચે પાડ્યા છે ભાગ
    વીરાજી કેરી બેટચે ઝુલે રે.

મોટો મ્હાલે છે મોલ મેડીની સાયબી
નાનો ખેલે છે શિકાર —હાંરે બેની૦

મોટો ચડિયો છે કાંઇ હાથી-અંબાડીએ
નાનેરો ઘોડે અસવાર —હાંરે બેની૦

મોટો કાઢે છે રોજ કાવા કસુંબલા
નાનેરો ઘુમે ઘમસાણ —હાંરે બેની૦

મોટો પોઢે છે લાલ રંગીલે ઢોલીએ
નાનો ડુંગરડાની ધાર —હાંરે બેની૦

મોટો મઢાવે વેઢ વીંટી ને હારલા
નાનો સજાવે તલવાર —હાંરે બેની૦

મોટાને સોહઈ હીર-ઝરિયાની આંગડી
નાનાને ગેંડાની ઢાલ —હાંરે બેની૦

મોટો સંતાય સુણી શત્રુના ડીડિયા
નાનેરો દે છે પડકાર —હાંરે બેની૦

મોટો ભાગ્યો છે સેન શત્રુનાં ભાળતાં
નાનેરો ઝીંકે છે ઘાવ —હાંરે બેની૦

મોટો જીવ્યો છે પાય શત્રુના પૂજતો
નાનેરો સુતો સંગ્રામ —હાંરે બેની૦

મોટે રે માડી ! તારી કુંખું લજાવીઉં
નાને ઉજાળ્યા અવતાર —હાંરે બેની૦

મોટાનાં મોત ચાર ડાઘુડે જાણિયાં
નાનાની ખાંભી પુજાય —હાંરે બેની૦

ભીતે ઝુલે છે તલવાર
    બાપુજી કેરી ભીતે ઝુલે રે !

બેટચે ઝુલે છે તલવાર
    વીરાજી કેરી બેટચે ઝુલે રે !

ઝવેરચંદ મેઘાણી

[ભાવનગર મહિલા વિદ્યાલય તરફથી તાજા જ પ્રગટ થએલાં 'વેણીનાં ફુલ'માંથી]

માનો જીવ



ગામની શેરીનું નામ નાકાબારામાશા હતું. એ શેરીમાં એક દુકાન હતી. રોજ મોડી રાતે ત્યાં એક બાઇ છાનીમાની આવે ને થોડું મધ વેચાતું લઇને ચાલી જાય.

પીળા પાન જેવું એનું મોં. ન બોલે ન ચાલે. ન આડીઅવળી નજર કરે.

દુકાનદારને આ બાઇને જોઈ દયા આવતી. એક વાર તો એ કયાં જાય છે તે જોવા એ એની પાછળ પાછળ ગયો. પણ બાઇએ તો કબ્રસ્તાનનો રસ્તો લીધો; એટલે એ ડર

બાઇને પાછો ફરી ગયો. એના મનમાં વહેમ રહી ગયો.

બીજે દહાડે પેલી બાઇ દુકાને આવી. પણ એણે આ ફેરે મધ ન લીધું; પરંતુ દુકાનદારને પોતાની જોડે આવવા સાન કરીને સમજાવ્યો.

દુકાનદારને વહેમ તો પડ્યો હતો, એટલે એ પોતાના ભાઇબંધ દોસ્તદારને ભેળા લઇ બાઇની પાછળ પાછળ ચાલ્યો.

શેરી ઉતરી ગામ બહાર કબ્રસ્તાનની કેડીએ તેઓ ચાલ્યાં જાય છે; ત્યાં એક કબર આગળ ઓચિંતી બાઇ અલોપ થઇ ગઇ. દુકાનદાર અને તેના મિત્રો આ કૌતુક જોતા ઉભા છે, ત્યાં એ જ કબરમાંથી કોઈ બાળકના રડવાનો અવાજ સંભળાયો.

કબર ઉઘાડીને તેઓ જુએ છે તો પેલી બાઇનું મડદું દેખાયું. તેની પડખે નાનકડું બાળ બેઠું છે. કબ્રસ્તાનના દીવાને અજવાળે તે મોં ફેરવી હસે છે અને મધના વાટકા તરફ હાથ લંબાવે છે!

* *

માંદગીમાં બાઇનો જીવ ગયો ન હતો અને તેને દાટી દેવામાં આવી હતી. એ ગર્ભવંતી હતી એટલે ત્યાં એને બાળક જન્મ્યું. એ બાળકને જીવાડવા માનો જીવ રોજ ખોળિયું ધારણ કરી દુકાને જતો અને મધ લઈ આવતો.

દુકાનદારે એ બાળકને ઘેર લઇ જઇ ઉછેરીને મોટું કર્યું. (જાપાની વાત : અંગ્રેજી ઉપરથી) —પ.

ન્યાયાધીશ: તારા જેવો હિંમતવાન ચોર મેં બીજો કોઈ જોયો નથી. રાજમહેલમાંથી ચોરી કરતાં પણ તને બીક ન લાગી!

ચોર: સાહેબ, મને ખુશામદ પસંદ નથી.

છગન: તને તારા શેઠે પગાર કેમ ન વધારી આપ્યો?

મગન: કોણ જાણે, મને કાંઈ ખબર નથી પડતી.

છગન: ત્યારે કદાચ એ જ કારણ હશે!

'ટ્રેનમાં વાંચવા માટે મને એક સુંદર પુસ્તક આપોને.'

'આ 'પાટલીપુત્ર'નો વિનાશ લઇ જાઓ.'

'પાટલીપુત્ર કોણ હતો? એ કેમ કરીને મરી ગયો?'

'એ મને ખબર નથી. તમે વાંચજોને, એમાં બધું લખ્યું હશે.'

વૈદ્ય: તમને લાગુ પડેલો રોગ વંશપરંપરાથી ઉતરી આવ્યો હોય એમ લાગે છે.

દર્દી: જી હા; એમ જ હોવું જોઇએ. કેમકે બે વર્ષ અગાઉ એ જ રોગ મારા દીકરાને થયો હતો.



ઉ ગ તી પ્ર જા

પ્રથમ ગુજરાત વ્યાયામ પરિષદ

વ્યાયામપ્રચારની પ્રવૃત્તિ ગુજરાતમાં સર્વવ્યાપી કરવાના હેતુથી ભરાએલી આ પરિષદ પોતાને ત્યાં પ્રથમ મેળવવાનું માન, ચરોતરનું વીર ક્ષેત્ર નડિયાદ ગઇ તા. ૫-૬ઠ્ઠી મેના રોજ પામી ચુકયું છે. આજથી લગભગ વીસ વર્ષ અગાઉ આ પ્રવૃત્તિનું બીજ રોપાયું હતું. સંવત ૧૯૬૫ની રામનવમીના દિવસે, વ્યાયામને ગુજરાતભરમાં પ્રચલિત કરવાની ધગશ સાથે પહેલો અખાડો ઉઘડ્યો, અને તે દિવસથી, દરેક શુભ પ્રવૃત્તિને નડે છે તેવી અનેક મુસીબતો સામે ઝુઝીઝુઝીને તેના પ્રચારકોએ એ પ્રવૃત્તિને આટલી વિસ્તૃત બનાવી. એ વીર્યવાન પ્રવૃત્તિના એ પ્રારંભકાળની કથા તેના જનક શ્રી છોટુભાઇ પુરાણીના શબ્દોમાં જ સાંભળીએ:



શ્રી છોટુભાઈ પુરાણી

"ઇ. સ. ૧૯૦૬ સુધી હું ક્રિકેટ, ટેનિસ તથા બીજી દેશી રમતો રમતો. તેમાં સારી પ્રવીણતા પણ મેળવી હતી. મારૂં આરોગ્ય સારૂં હતું, પરંતુ બળ તથા શરીરવિકાસ સાધારણ

હતાં. ૧૯૦૩ તથા ૧૯૦૪, એ બે વર્ષ મેં નિયમિત દંડ, બેઠક, દોડ અને લાંબું ફરવાનો ક્રમ રાખ્યો, અને પરિણામે બે જ વર્ષમાં મારા શરીરના બાંધામાં તેમજ બળમાં બહુ વૃદ્ધિ થઇ. આથી દેશી પદ્ધતિના વ્યાયામ પર મારી ખુબ શ્રદ્ધા બંધાઇ અને મને લાગ્યું કે કોઇપણ યુવાન આવી જ રીતે નિયમિત કસરત કરી પોતાનું શરીર મજબુત અને બળવાન બનાવી શકે. મારી જોડે ભણનાર વિદ્યાર્થીઓ તેમજ બીજા વિદ્યાર્થીઓની શારીરિક નબળાઈ જોઇ મને બહુ લાગી આવતું. તેથી આ સમયે જ મેં મારા મનમાં સંકલ્પ કર્યો કે જ્યારે હું જીંદગીમાં સ્થિર થઇશ ત્યારે ગુજરાતના યુવાનોની શારીરિક નબળાઈ દૂર કરવાનો યત્ન કરીશ.

પોતાના વડિલ બંધુ છોટુભાઇએ શરૂ કરેલી વ્યાયામ પ્રવૃત્તિમાં તેમની જોડાજોડ રહી, તેને માટે અંગતોડ પ્રયત્નપૂર્વક નિશદિન ધીકતે દિલે ને અવિશ્રાન્તપણે મથનાર તથા એ ધુરંધર કાર્યને આટલી સફળતાએ પહોંચાડી ગુજરાતભરમાં ફુલીફાલી બનાવવાના યશના મોવડી ભાગીદાર શ્રી અંબાલાલ પુરાણીના જીવનનાં સ્મરણચિત્રો 'કુમાર'માં આવતા અંકથી શરૂ થશે.

૧૯૦૭માં ભણતર પુરૂં થતાં હું વડોદરા રાજ્યમાં નોકરી લઇ કળાભવનમાં દાખલ થયો. તે વખતે કળાભવન તથા પુરુષશિક્ષણ પદ્ધતિશાળા એક જ મકાનમાં અને એક જ ઉપરીના હાથ નીચે હતાં. ત્યાં લક્ષ્મીનાથ નામનો ત્રીજા વર્ષનો એક વિદ્યાર્થી મારા પ્રસંગમાં આવ્યો. દેશોન્નતિના વિચાર મારા મનમાં નિરંતર ઘુમ્યા કરતા હતા અને એ બાબતની ચર્ચા હું વિદ્યાર્થીઓ જોડે પણ ખુબ કરતો. સરકારનાં અપકૃત્યો સામે બખાળા કાઢવાથી આપણું કંઇ વળવાનું નથી, પણ આપણી નબળાઈઓ તથા ત્રુટીઓ દૂર કરવાથી જ આપણું શ્રેય થશે એમ હું માનતો હતો અને હજુ પણ માનું છું. અલબત્ત, સરકારની આપણી જોડેની નીતિનાં સ્વાર્થીપણું અને અન્યાય તો આપણે બરાબર સમજવાં જ જોઇએ તથા તેની ઇંદ્રજાળમાં કોઇ હિંદીએ ફસાવું ન જ જોઇએ. મારા વિચારોનો પ્રભાવ હું ઘણા વિદ્યાર્થીઓ પર પાડી શક્યો હતો. ભાઈ લક્ષ્મીનાથને ત્યાં કેટલાક યુવાનો મળતા હતા અને દર રવિવારે વિવિધ વિષયોની ચર્ચા કરતા હતા. એકવાર એ ભાઇઓએ તેમની સભાનું પ્રમુખપદ લેવા મને કહ્યું. હું ત્યાં ગયો; બધી ચર્ચા સાંભળી. જોસીલાં ભાષણ કર્યે કાંઈ જ નહિ વળે પણ કાંઇ વ્યવહારૂ કામ હાથ ધરવાથી દેશની સેવા સારી રીતે થઇ શકશે તે સમજાવ્યું. પ્રશ્ન પુછાયો કે 'દેશોન્નતિમાં વિદ્યાર્થીઓ શું કરી શકે?' મેં તુરત જ વ્યાયામના પ્રચારથી આપણા દેશના યુવાનોની કમજોરી દૂર કરવાની સૂચના કરી, અને વાતો ન કરતાં હૃદયની બધી શક્તિઓ લગાડી એ કામમાં લાગી જવા સૂચવ્યું. ભાઇ લક્ષ્મીનાથે પોતાના ઘર પાછળનો વાડો એ કામ માટે આપી દેવા કહ્યું, એટલે તે જ દિવસે ત્યાં જમીન સાફ તથા સપાટ કરી અને થોડા જ દિવસમાં ત્યાં દંડ બેઠકનું કામ શરૂ કર્યું. પાછળથી ફંડ કરી ત્યાં કુસ્તી માટેનો અખાડો કર્યો તથા મલખમ વગેરે સાહિત્ય વસાવી છાપરું ઉભું કર્યું. આ અખાડો બાંધવાની બધી મજુરી અમે જાતે જ કરી હતી. અમને કુસ્તી, મલખમ વગેરે આવડતાં નહિ, તેથી વડોદરામાં દક્ષિણીઓને હાથે ચાલતા અખાડાઓમાં અમે નિયમિત જવા માંડ્યું; પણ તે લોકોએ અમને કાંઈ જ બતાવ્યું નહિ. એ અખાડાઓમાં અમને દક્ષિણીઓ માટેનો તીવ્ર પક્ષપાત તથા વિદ્યાચોરીનું વાતાવરણ જણાયું. સવા રૂપિયો આપી ગુરુ કરે તો ય મરજીમાં આવે તો શીખવે. એમની પાસે શીખતાં ઘણો સમય તો નકામો જાય અને સમયના પ્રમાણમાં શીખવાનું ન મળે. વળી ત્યાં સેવા કે ઉચી ભાવનાનું વાતાવરણ જ ન મળે. અમે તો ભાવનાશીલ દેશસેવકો તૈયાર કરવાના હેતુથી અખાડો ખોલેલો હોવાથી નિશ્ચય કર્યો કે આપણે ત્યાં ઉસ્તાદી પદ્ધતિ બીલકુલ દાખલ ન કરવી. જ્યાંજ્યાં શીખવા જેવું હોય ત્યાંથી શીખવું; જે જે સારૂં હોય તે શીખી લઇ દાખલ કરવું, ને છુટથી બીજાઓને શીખવવું.

આખરે વડોદરામાં અમારા એક સ્નેહી શ્રી. બાબુરાવ બલવંત ફણસલકર નામના વ્યાયામનિપુણ એક ગૃહસ્થે અમને ખરા દિલથી મન મુકી કુસ્તીનો હુન્નર શીખવ્યો. આ ભાઇની ખરા હૃદયની મદદ વગર આજે ગુજરાતમાં વ્યાયામનો પ્રચાર થઈ રહ્યો છે તે કદિ થાત નહિ. આખું ગુજરાત એને માટે તે ભાઇનું ઋણી છે. હું, મારો નાનો ભાઇ અંબાલાલ તથા નાજુકલાલ એ ત્રણ જણ રોજ સવારસાંજ મળી ચાર ચાર કલાક મથતા. એમ કરી અમે કુસ્તી તથા મલખમ શીખ્યા. દાવ આવડ્યા પછી મેં એ બધાને ત્રણ શ્રેણીઓમાં પદ્ધતિસર ગોઠવ્યા અને તે ક્રમને અનુસરી શીખવવા માંડ્યું. વચ્ચે વચ્ચે અમુક પકડ આવી હોય ત્યારે તેની તોડ કેમ કરવી એ પણ અમે વિચારતા અને એ રીતે નવા દાવ તથા તોડ શોધવાની વૃત્તિ વિદ્યાર્થીઓમાં જાગૃત થાય એમ કર્યું. વળી શનિવારે કસરત ઓછી કરી બહાર ફરવા કે દોડવાની અને સ્કાઉટિંગ કરવાની પ્રથા પણ દાખલ કરવામાં આવી કે જેથી કામમાં વિવિધતા આવે અને સાથે સાથે સાહસિકપણું તથા અવલોકનશક્તિ ખીલે. રવિવારે રવિ–સભા ભરી તેમાં વ્યાખ્યાન તથા ચર્ચા કરવાનો પ્રબંધ કર્યો અને તે ઉપરાંત કામની જવાબદારી તથા સેવાભાવ કેળવવા માટે ખાસ વિદ્યાર્થીઓ માટે રવિ–વર્ગો પણ શરૂ કર્યા. આજ અમારી દોરવણી નીચે ચાલતી વ્યાયામશાળાઓ

આ જ નમુના પર ચાલે છે.”

‘વીસ વર્ષ પહેલાં વડોદરામા એક બ્રાહ્મણ યુવાન કેવળ સ્વેચ્છાથી, કોઇની પણ પ્રેરણા કે સહાય વિના, કેટલી નિરાશાઓ વચ્ચે તાલીમ લઈ’ કસરતબાજ બન્યો હશે તેનો ખ્યાલ આજ ન આવી શકે. આ તાલીમ લેવામાં છોટુભાઇનો જે શુભ સંકલ્પ હતો કે ‘ગુજરાતને શિર રહેલું બાયલાપણાનું કલંક હું ધોઈ નાખીશ’ તે એને વધુ ગૌરવાન્વિત બનાવે છે.

‘ઇ. સ. ૧૯૧૦માં લાહોરની ડી. એ. વી. કૉલેજમાં છોટુભાઇ પુરાણી પ્રોફેસર તરીકે જોડાયા ત્યાં પણ પુરાણીના અખાડાનો અવતાર ખરો. ગુજરાતનો બ્રાહ્મણ પંજાબીઓને વ્યાયામની તાલીમ આપે એ આશ્ચર્ય જ ગણાય ને!’

૧૯૧૬માં છોટુભાઈ ત્યાંથી પાછા ફર્યા અને ડૉ. સુમંત મહેતા તથા ઇન્દુલાલ યાજ્ઞિકના પ્રોત્સાહનથી પોતાના ભાઇ અંબાલાલની સાથે ગુજરાતમાં અખાડાઓની પ્રવૃત્તિ શરૂ કરી, વધારી અને જાગૃત રાખી. આજે એમને ત્યાં તૈયાર થએલા વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાતમાં ૮૦ અખાડાઓ ચાલે છે અને હજી નવા ઉઘડયે જાય છે. આ વેગભર્યા પ્રચાર અને ઉંડાં મુળની પાછળ કારણ રૂપે પુરાણી ભાઇઓનાં પ્રેમ, સંયમ, નિરભિમાન અને જ્વલંત રાષ્ટ્રપ્રેમ રહેલાં છે.

છોટુભાઇને ગુજરાતની વ્યાયામ પ્રવૃત્તિના જનક કહીએ તો અંબુભાઈ (અંબાલાલ પુરાણીનું અનેક કુમારોમાં પ્રિય થઈ પરેલું એ વ્હાલસોયું નામ)ને એ પ્રવૃત્તિના પોષક ને પ્રચારક કહી શકાય. છોટુભાઇ એના બ્રહ્મા છે; અંબુભાઇ વિષ્ણુ છે.

‘પુરાણી ભાઇઓના અખાડા કંઈ છીપા કે ભૈયાઓના અખાડા જેવા જડ નથી. સ્વાશ્રય, સેવા અને સંરક્ષણ એ તેમનું બિરદ છે. કશું ખાસ બાહ્ય સંગઠન કે બંધન નહિ હોવા છતાં દિલની ગાંઠથી એ બધા અખાડા એક જ અંગની પેઠે ચાલી રહ્યા છે. આમ દિનપરદિન ગુજરાતમાં વધતી જતી વ્યાયામપ્રચારની આ પ્રવૃત્તિને કોઈ મધ્યવર્તી સંસ્થાની ઘણા સમયથી જરૂર લાગતી હતી, કે જે મારફત ગામેગામ વ્યાયામશાળાઓ સ્થાપવાના કાર્યને વેગ મળે, બધે એક જ શિક્ષણક્રમ તૈયાર થઇ શકે ને ગુજરાતની શક્તિ કેંદ્રિત થાય.’

‘નડિયાદની વ્યાયામ પરિષદમાં આ ભાવનાને પહેલી જ વાર મૂર્ત સ્વરૂપ મળ્યું છે. ત્યાં તારુણ્યના બહારમાં મસ્ત તાલીમબાજ યુવાનોનાં જુથ મળ્યાં. બલ, તેજ અને વીર્યની ઉપાસનાથી શક્તિનાં આહ્વાન થયાં. કાઠિયાવાડને છેડેથી, ગુજરાતની ટોચેથી અને છેક મુંબઈ સુધીની વ્યાયામ સંસ્થાઓએ પોતાના પ્રતિનિધિઓ તથા તાલીમબાજ જુવાનો આ શક્તિસમારંભમાં મોકલ્યા હતા.’ કસાએલાં શરીરોવાળા એ જુવાનોને લકડી અને કુસ્તીનાં દાવ ખેલતા જોવા, મલખમ અને રોમન રિંગનાં કામમાં સ્નાયુઓની સુદૃઢતા અને ચપળતાનું દર્શન કરવું, મુંબાઈના જુવાનો અને કન્યાઓના લશ્કરી બૅંડ સાથે તાલીમબાજીના પ્રયોગો જોવા અને જાપાની દ્વંદ્વયુદ્ધના રહસ્યરૂપ જ્યુજિત્સુના ત્વરાભર્યા દાવો ખેલાતા નિહાળવા;—આ બધું આપણા જ જુવાનોને આચરતા જોવા એ દેશના ભાવિની કોઈ સુધન્ય ઘડીની તૈયારીનું રમ્ય દર્શન કરવા સમાન હતું.

નડિયાદની પ્રજા અને શ્રીમંતોએ પોતાને આંગણે આજ સંમેલન ભરી ભવિષ્યની એક શુભ પ્રવૃત્તિના ગણેશ બેસાડવાનો ગર્વભર્યો લ્હાવ લીધો છે. અને હજારો પ્રતિનિધિઓ, તાલીમી યુવાનો તથા પ્રેક્ષકોને પરિષદના દિવસોમાં પોતાને ત્યાં જ જમાડવાનું બિરદ પાળનાર શ્રી હરિભાઇએ નવયુગના શ્રીમાનો માટે નવો ચીલો પાડયો છે.

આ પરિષદની મહત્તા વધારનારો એક બીજો પ્રસંગ બંગાળના નેતા શ્રી સુભાષચંદ્ર બોઝ અને હમણાં જ અમેરિકાથી આવેલા ડૉ. સુધીન્દ્ર બોઝની હાજરી હતી. ગુજરાતના વિશાળ સમુદાયને વ્યાયામમાં આટલો રસ લેતો જોઇ એમને શો સંતોષ થયો હશે! તેમણે એ પ્રસંગે આપેલા ભાષણોમાં એનો ધ્વનિ સ્પષ્ટ જણાતો હતો.

અને પરિષદના સુકાની ડૉ. હરિપ્રસાદે પ્રમુખ તરીકે જે સમયોચિત ધીટતા અને કુશળતાથી પરિષદનું કામ પાર ઉતાર્યું તે તેમના જીવનના પ્રસંગોમાં યાદગાર ગણાશે.

આ પરિષદના પરિણામ રૂપ ઘડાએલું સમગ્ર ગુજરાતનું વ્યાયામ પ્રચારક મંડળ હવે પોતાનું કામ શરૂ કરશે. પણ તે એકપક્ષી ન થઇ જતાં પુરાણી ભાઇઓ સિવાય બીજા પ્રામાણિક યત્નો કરનારા વ્યાયામ પ્રચારકો અને સંસ્થાઓને પણ અપનાવી લેશે એવી આશા રાખીશું.

[આ અહેવાલમાં અવતરણચિહ્નોમાં મુકેલી હકીકતો પરિષદના સ્વાગત પ્રમુખ ફુલચંદભાઇ, પ્રમુખ ડૉ. હરિપ્રસાદ તથા મંત્રી છોટુભાઇ પુરાણીનાં ભાષણો તથા નિવેદનમાંથી ઉતારેલી છે.]

શક્તિ આશ્રમ

શ્રી વાસવાણી સ્થાપિત ‘ભારત યુવક સંઘ’નો શક્તિ આશ્રમ હિમાલયના પ્રેરક અને તન્દુરસ્ત વાતાવરણમાં રાજપુર મુકામે મેની પહેલી તારીખે ખુલશે. આ વેળાનું સત્ર સાડાચાર મહિના ચાલશે અને છાત્રોને નિપુણ શિક્ષકોનાં વ્યાખ્યાનો અને શિક્ષણનો લાભ મળશે. વજ્રકાય યુવાનો રાષ્ટ્રની અણમોલી દૌલત છે, અને યુવાનોના આધ્યાત્મિક વિકાસમાં ય ખડતલ દેહની આવશ્યકતા અનિવાર્ય છે. પ્રાંતે પ્રાંતના યુવાનોને આ સત્રમાં હાજરી આપવા શ્રી વાસવાણી નિમંત્રે છે. વધુ વિગત માટે ભારત યુવક સંઘના મંત્રીને દિલ્હી લખવું.

હિંદુસ્તાની સેવાદળ

ડૉ. હાર્ડીકર જણાવે છે કે શ્રી વાસવાણીના રાજપુર આશ્રમની જેમ ૨૫મી એપ્રિલથી પાંચ અઠવાડિયા સુધી

(અનુસંધાન આગળ પાન ૧૯૯ મે)



માધુકરી

તનમનધન તમ અર્પણ કરવા ગુર્જરજન સહુ ચાલો!
થનગનતા આંગણ હણહણતા હય મારે ખુંખારા,
ભય હણતી રણહાક પડે ને માત કરે હોંકારા:
દિશદિશ ડગમગ ડોલે,
ભાવિ અનેરૂં બોલે:
અવસર વર કર ઝાલો,
અણુગણ તારકગણ સમ ગરવા ગુર્જરજન સહુ ચાલો!

—**કવિ ખબરદાર**

સેવક અને સાધક મગનલાલભાઈ

ઉંડાં પાણી જેવા પ્રશાન્ત ને ગંભીર અને સેવાકાર્યની એટલી જ અગાધતાથી ભરેલા મુંગા સેવકોની આપણે ત્યાં જે અછત છે તેમાં સત્યાગ્રહાશ્રમના પ્રાણ સમા શ્રી મગનલાલ ગાંધીના અવસાનથી આજ દુકાળ પડ્યો હોય એવું લાગે છે. લાગટ પચીસ વર્ષ સુધી ગાંધીજીના પડછાયાની જેમ તેમને પડખે રહી તેમની પ્રત્યેક પ્રવૃત્તિમાં અનન્ય શ્રદ્ધાથી ભાગ લેનાર, એમના સિદ્ધાન્તોની આકરી કસોટીએ ચડવા માટે પ્રથમ શિષ્ય તરીકે હમેશાં કટિબદ્ધ અને માથે ઉપાડેલી એકેએક પ્રવૃત્તિમાં શરીર નીચોવીને તેની ઝીણામાં ઝીણી વિગત સુધી પાર પહોંચનાર એ ધીટ અને મુંગા સેવકની તોલે આવે એવો નર તો પાકે ત્યારે ખરો. ફીનિકસના ફાર્મ પર ઇંડિયન ઓપનિયનનું છાપું ને છાપખાનું ચલાવવાનું હોય, સત્યાગ્રહાશ્રમની તલવારની ધાર જેવી વ્યવસ્થા કરવાની હોય કે ખાદીપ્રવૃત્તિની કપાસના વાવેતરથી માંડીને ખાદીના તાકા સુધીની એકેએક ક્રિયાની પ્રયોગપ્રવૃત્તિને પાર ઉતારવાની હોય;—સઘળે અને ગમે ત્યાં, ગાંધીજીની આજ્ઞા થાય એ હરકોઇ સ્થળે કે સમયે એ અખંડ સાધનામાં ઝુઝી પડવાને તૈયાર હતા;—અવિશ્રાન્તપણે ને અડગતાથી, કેવળ અંધારે ખુણે ને આકરામાં આકરી તપશ્ચર્યા તપીને.

પુરાતા પાયાના ચણતરમાં પત્થર બનીને દટાઇ જવાની ભાવનાની સાક્ષાત મૂર્તિ સમા એ જીવનનું ઉદાહરણ આપણા જુવાનોને રાષ્ટ્રમંદિરના પાયામાં પુરાવા માટે પ્રેરણા આપે એટલું જ્વલંત છે. પોતાનું જીવન એ રીતે સાર્થક કરી જતી જનારના આત્માને વંદન કરવા સિવાય બીજો કોઇ ભાવ અમારી પાસે નથી.

વિલાયત નાસી ગએલો મહત્વાકાંક્ષી છોકરો

ઈ. સ. ૧૮૮૧ના શિયાળાની એક સવારે, કલકત્તેથી ઉપડતી સ્ટીમરમાં બે જુવાન બંગાળી ભાઇઓ સગાંવહાલાંની ચોરીછુપીથી વિલાયત જવા માટે ચડી બેઠા. દેશમાં સ્થાનિક કૉલેજની ડિગ્રીની બહુ કીમત અંકાતી ન હોવાને કારણે વિલાયતથી પદવી લઇ આવી જીવનમાં મહત્તા કમાવાની એમને આકાંક્ષા જાગી હતી; એટલે પાસે પિતાની મુકેલી ઠીકઠીક મુડી હોવા છતાં તથા એકનું તો તાલેવાન જમીનદારની પુત્રી જોડે લગ્ન થયું હોવા છતાં એ બધાં આકર્ષણોને કોરે મુકી તેઓએ ધારેલી મહત્ત્વાકાંક્ષાના ધ્રુવ સામે મીટ માંડી સમુદ્રસફર આદરી.

તેમાંના એકે વિલાયતના વિદ્યાર્થીઓમાં પોતાની અસામાન્ય બુદ્ધિપ્રતિભા વડે હિંદના નામને દીપાવીને ગૌરવભર્યું કર્યું. પોતાના વિનય અને તેજથી એ સમયના વિદ્વાનોમાં તે પ્રિય બન્યો. વાર્ષિક દોઢ હજાર રૂપિયાની શિષ્યવૃત્તિ કમાયો. પાંચ વર્ષે અભ્યાસ પુરો કરી એ બૅરિસ્ટર બની જન્મભૂમિમાં પાછો આવ્યો.

આવીને વકીલાત માંડી. શરૂઆતનાં વર્ષો જોકે બહુ દોહ્યલાં ગયાં; પણ એ પાણીદાર બૅરિસ્ટરની તેજસ્વી મેધાના ચમકાર થોડા જ સમયમાં ચોમેર ચમકી ઉઠ્યા. સાતઆઠ વર્ષમાં તો એ કલકત્તાના બારનો અગ્રણી બૅરિસ્ટર ગણાવા લાગ્યો અને ઇ. સ. ૧૯૦૩માં, એની એ તેજસ્વી કારકીર્દીને ૧૫ મે વર્ષે, સરકારે એ અજોડ અને બીનહરીફ ધારાશાસ્ત્રીની સ્ટૅન્ડિંગ કૉન્સલ તરીકે નીમણુક કરી. ત્રણ વર્ષ પછી એને ઍક્ટિંગ ઍડવોકેટ જનરલની જગ્યા મળી, અને ૧૯૦૮માં, એ જગ્યા જે કેવળ યૂરોપયનોને જ અપાતી હતી ત્યાં પહેલા હિંદી તરીકે એની કાયમી નીમણુક થઈ.

અને તે પછી તો ચોદિશાએથી તેનો ઉત્કર્ષ થયો. એના પર માન, અકરામ ને ખિતાબોનો ચોમેરથી જાણે વરસાદ વરસ્યો. હિંદીઓને માટે જ્યાં પ્રવેશ કેવળ અશક્ય હતો



સત્યેન્દ્રપ્રસન્ન સિંહ

તે ગવર્નર જનરલની કારોબારી સમિતિમાં લૉર્ડ મોરલીએ તેને સભ્ય તરીકે નીમવાની ભલામણ કરી અને વિલાયતના ઉમરાવવર્ગ તથા ખુદ શહેનશાહ એડવર્ડના વિરોધની સામે પણ અથાગ પ્રયાસ કરીને લૉર્ડ મોરલીએ એને એ સ્થાન એનાયત કરાવ્યું. આ જવાબદારીવાળી જગ્યાએ રહીને એણે પેલા વિખ્યાત મિન્ટો–મોરલી સુધારાના નિયમો–ઉપનિયમો ઘડવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. પણ તે પછી સરકારની દમન-નીતિને કારણે એને કાઉન્સિલમાં મતભેદ થયો અને સ્વમાન જાળવવા રાજીનામું આપી ફરી વકીલાત શરૂ કરી.

વકીલાતના આરંભની સાથે જ એને ત્યાં લક્ષ્મીની રેલ ચાલવા માંડી ને કીર્તિએ તેનાં ચરણ ચાંપવા માંડ્યા. એકાદ વર્ષમાં તો તેણે એટલી નામના મેળવી કે ધારા-શાસ્ત્રીઓના ગગનમાં એ સવિતાના પ્રકાશે પ્રકાશવા માંડ્યો. પાંચ વર્ષની આ યશસ્વી કારકીર્દી પછી ૧૯૧૫માં મહા-સભાના પ્રમુખપદ માટે એના પર કળશ ઢળ્યો અને મુંબા-ઈમાં ભરાએલા તેના અધિવેશનના અધ્યક્ષસ્થાનેથી આપેલા પોતાના વ્યાખ્યાનમાં ખાસ કરીને હિંદીઓને લશ્કરી તાલીમ આપવાની મક્કમતાથી માગણી કરી.

આ દરમ્યાન 'સર'ની પદવી તો એને ક્યારની મળી હતી. અને મહાસભાના પ્રમુખ થવા છતાં યે સરકારની અમલદારી મહેર તો એના પર એવી ને એવી જ રહી. ફરીવાર તે બંગાળનો એડવોકેટ જનરલ નીમાયો; બંગાળ સરકારની કારોબારી કાઉન્સિલનો સભ્ય પણ થયો; '૧૭ની સાલમાં શાહી યુદ્ધ પરિષદમાં હિંદી સરકારના પ્રતિનિધિ તરીકે ગયો; ફરી વાર યૂરોપીય સુલેહ પરિષદમાં બેસવાનું માન પણ પામ્યો; અને આ બધા પર કળશ ચડ્યો હોય તેમ, ૧૯૧૯માં પ્રિવી કાઉન્સિલરની પદવી મળી; હિંદી વજીર મૉન્ટેગ્યુના હાથ નીચે એ નાયબવજીર તરીકે નીમાયો, અને ઇંગ્લંડની ઉમરાવસભામાં એ 'ઇંડિયા ઑફિસ'ના પ્રતિનિધિ તરીકે બેસી શકે તે માટે તેને ઉમરાવ બનાવવામાં આવ્યો: 'સર'માંથી એ 'લૉર્ડ' થયો. એ પહેલા હિંદી 'લૉર્ડ'ને ૧૯૨૦માં બિહારના ગવર્નરની પદવી મળી. પણ નબળી તબિયતને કારણે ૧૯૨૧માં એ હોદ્દાનું રાજીનામું આપી એણે નિવૃત્ત જીવન સ્વીકાર્યું.

ક્ષ ક્ષ

૧૮૬૩માં બંગાળના બીરભૂમ જિલ્લામાં રાયપુર ગામને ખુણે જન્મી શિતિકાન્ત સિંહના એ ચોથા પુત્ર સત્યેન્દ્રપ્રસન્ન સિંહે આમ એક જુદી જ રીતે પોતાના જીવન અને દેશના નામને ગૌરવાન્વિત કર્યાં. વિલાયતની પદવીથી જીવન સા-ફલ્ય કરવાની જે મહત્ત્વાકાંક્ષાથી પ્રેરાઇ ૧૮૮૧માં એણે વિલાયતને કિનારે પગ મુકયો તેનો સાક્ષાત્કાર એણે ૧૯૨૧ સુધીના પોતાના જીવનનાં એ ૪૦ વર્ષોમાં અનેક રીતે અને અતિ સફળ રીતે પોતાની બુદ્ધિના બળે કર્યો.

પરદેશી સરકારને હાથે આટલાં બધાં માન પામનાર અને સામાન્ય રીતે કાળા રંગના હિંદીઓ માટે જેની કલ્પના પણ ન કરી શકાય તેવા ગવર્નર અને નાયબવજીર જેવા ઉંચા હોદ્દા મેળવવાનું ભાગ્ય ધરાવનાર એ લૉર્ડ સિંહ ગયા માર્ચની પાંચમી તારીખે અવસાન પામ્યો, અને વીસમી સદીની શરૂઆતના હિંદી રાજકીય જીવનના એક સ્તંભ સમા એ નરનું જીવન હિંદી ઇતિહાસની વસ્તુ બની ગઈ.

સ્વાધીન હિંદનાં સ્વપ્ન સેવતા હિંદી જુવાનની નજરે સત્યેન્દ્રપ્રસન્નની આ જીવનલીલાને કોઇ રાષ્ટ્રવિધાતાની અગર રાષ્ટ્રસેવકની પ્રેરણાદાયી જીવનલીલા તરીકે સ્થાન નહિ મળે. પણ એક અસામાન્ય પ્રતિભાસંપન્ન હિંદી તરીકે આપણા ઇતિહાસમાં સત્યેન્દ્રને અવશ્ય સ્થાન છે. માણસ પોતે જ પોતાના જીવનનો કારીગર છે એ સિદ્ધાંતમાં માનનારા હિંદી જુવાનને માટે તેનું જીવન પ્રેરણાસંદેશથી ભરેલું પણ છે. ૧૮ વર્ષની વયે ઘેરથી નાસી જઇને વિલાયત પહોંચનાર, ત્યાંથી બૅરિસ્ટર બની આવી જીવનારંભ કરનાર અને અવિ-રત પરિશ્રમ કરી તથા સત્યનિષ્ઠ ને શુદ્ધ જીવન જીવી જીંદ-ગીની સીડીનાં પગથિયાં સડોસડ ચડનાર એ સત્યેન્દ્રપ્રસન્ન સિંહનું જીવન મહત્ત્વાકાંક્ષી જુવાનોને ભારે ચાનક ચડાવ-નાર છે. વળી એક બીજી દૃષ્ટિએ: સામ્રાજ્યવાદના મદમાં ઉન્મત્ત બનેલા રામ્સે મૅકડોનલ્ડ જેવા જે શેખીખોર ને અભિમાનીઓ હિન્દીવાનોને શક્તિમાં ઉતરતા દરજ્જાના માને છે તેમને સત્યેન્દ્રનું જીવન એ મોંતોડ જવાબ છે. એ જીવન બતાવે છે કે હિંદી પુત્ર દુનિયાના કોઇ પણ સંતાન કરતાં શક્તિમાં રજ પણ ઉતરતો નથી, અને અવસર મળતાં જગતના નામાંકિતમાં નામાંકિત નરો જેટલી નામના કમાઇ શકે



સાઈકલનાં પૈડાં તળે આખી દુનિયા કાઢી આવેલા ત્રણ પારસી સાઇક્લિસ્ટો

એટલી અખુટ પ્રાણશક્તિ તે ધરાવે છે. પણ પરાધીનતાની આજની અવદશામાં એવા અવસર બહુ થોડા હિંદીઓને મળે છે. ('સૌરાષ્ટ્ર'ને આધારે)

સાઈકલ પર દુનિયાની સફર

હિંદનો સાહસિક પ્રાણ હજુ ઓસરી નથી ગયો. મોતના મોંમાં હાથ નાખી વિજય કરનારા સાહસિક જુવાનિયા ઉછેરવામાં હિંદ બીજા કોઇ દેશથી પાછો પડે એમ નથી.

સાઈકલનાં પૈડાં પર આખી દુનિયા ભમી વળી દેશેદેશ હિંદમાતાનો વિજયડંકો વગાડી હમણાં જ પાછા ફરેલા મુંબાઈવાસી ત્રણ પારસી જુવાનોની મરદાનગી કોઇ વાયુવીર લિન્ડબર્ગની મરદાનગીથી લેશમાત્ર ઉતરતી નથી. એમનાં નામ, જાલ બાપસોલા, રૂસ્તમ ભમગરા અને અદી હકીમ.


ને એ કાંઈ વેપાર રોજગારનાં મથક કે સરળ માર્ગો શોધવા નહોતા નીકળ્યા; એમને કાંઈ નવો દેશ પણ નહોતો શોધવો. એમને તો સાહસ ને સહનશક્તિની કસોટી કાઢવી'તી! એમનું એ સાહસ, સાહસને ખાતર જ હતું એ સત્ય એમના સાહસને વધુ ગૌરવભર્યું બનાવે છે. ગમે એટલી હાડમારીઓ આવે તેની સામે થઇ, પાર ઉતરી, જગત આખું ઘુમી વળવું ને તે પણ ઘેરઘેર જાણીતા થએલા એક સામાન્ય વાહન સાઇકલ ઉપર: એટલો જ એમની વીરતાભરી એ સફરનો હેતુ.

એમની મુસાફરીનું વર્ણન આપણે એમના જ શબ્દોમાં વાંચીએ:

'૧૫મી ઑક્ટોબર ૧૯૨૩ને દિવસે સૂર્યરાજ મીઠુંમીઠું હસી રહ્યા'તા, બૅન્ડ વાજાંએ મધુરો રાગ છેડ્યો'તો, મિત્રો ને સગાંવહાલાં અમને છેલ્લાછેલ્લા મળી લેવા એકઠા થયા'તા ને ફુલતોરાથી અમને શણગારી દીધા'તા. સૌની વિદાય લઈ અમે અમારા લોઢાના અશ્વો ઉપર સવાર થયા ને દુનિયાની સફરે ઉપડ્યા. એ વખતે તો અમારૂં મંડળ છ જણનું હતું પણ પાછળથી ત્રણ જણ અમારો સાથ છોડી ગયા.

મુંબાઈ છોડી અમે જાણીતા ઇન્ડિયન ગ્રાન્ડ ટ્રન્ક રોડ ઉપર ચાલ્યા ને કોઇપણ જાતની ખાસ મુસીબત વિના બલુચિસ્તાન ઓળંગ્યું. અંગ્રેજી પોષાક પહેરનારા તરફ એ લોકો અત્યંત તિરસ્કાર ધરાવતા હોવાને લીધે એ દેશમાંથી પસાર થવું ઘણીવાર ભારે પડી જાય છે. પરંતુ અમે તો એ લોકોના જેવો જ વેશ લઈ લીધો હતો એટલે અમને કાંઇ ખાસ અડચણ આવી નહિ.

હવે ઇરાનનું મોટું રણ આવ્યું. રણની પહેલવહેલી અમારી મુસાફરી શરૂ થઇ. રેતી, ને દૂર નજર નાખીએ તો ક્ષિતિજરેખા એ બે જ વસ્તુ જોઈ શકાતી; ને જ્યાંત્યાં વેરણ-છેરણ પડેલાં ઉંટનાં ને કોઇ કમનસીબ મુસાફરનાં હાડકાં



દુનિયાના દેશોને વીંધતો એ સાઇક્લિસ્ટોની સફરનો માર્ગ

અમને અમારા પ્રવાસના જોખમનું ભાન કરાવતાં. ક્યારેક અચાનક અમે કોઇ વીરડા આગળ આવી ચડતા જ્યાં પાણી તો મળી શકતું પરંતુ ખારૂં એટલું કે પીવાને માટે બીલકુલ નકામું. રેતીનાં પોચાં બીછાનાં પર ઉઘાડે રણ ટાઢમાં ધ્રુજતાં ને ટુંટિયાં વાળી પડ્યા રહેતાં અમે એક પછી એક રાત્રીઓ વીતાડતા. ને આથી યે વધુ દુઃખદાયી તો ભુખતરસના ત્રાસ ખમતાં અમે આ આફત માંડમાંડ વટાવી.

તરત જ એની પાછળ જ મેસોપોટેમિયાનાં રણ સામે આવી ઉભાં. અહીંનાં રેતીનાં ભયંકર તોફાનોએ અમારી બરાબર ખબર લઈ લીધી. પગથી તે માથા સુધી અમે રેતીથી ઢંકાઇ જતા. ગરમી ૧૩૦ ફેરેનહાઇટ ડિગ્રી જેટલી પડતી,—એટલી સખત કે અમારી સાઇકલના ધાતુના કોઇ ભાગને અડી પણ નહોતું શકાતું. પણ આથી યે વધુ કઠણ અનુભવ તો સીનાઇના રણમાં થયો, જ્યાં રેતીના ડુંગરો સામી નજર નાખતાં અમારા વાળ ઉભા થઇ જતા. પણ સદ્‌ભાગ્યે ત્યાં આગળ રેલવેના પાટા હતા, એટલે પાટા પર સાઈકલ હડસેલતા હડસેલતા અમે આગળ વધ્યા.

આમ એશિયાથી આફ્રિકા સુધી પહોંચ્યા. ત્યાંથી દરિયા રસ્તે યૂરોપ જતાં માર્ગમાં ઇટાલીમાં ઉતર્યા. ત્યાં જીનીઆ આગળના એક ગામડામાં અમને કોઇ પર રાજ્યના જાસુસ માની આખી રાત કેદ પુરી રાખવામાં આવ્યા. સવારે અમારી નિર્દોષતાની ખાત્રી થઇ ત્યારે અમને છોડી મુકતાં પોલિસને ખુબ શરમ પડી ને ભુલ માટે એમણે અમારી માફી પણ માગી. ત્યાંથી શિયાળાની શરૂઆતમાં જ અમે સ્વિટ્ઝર્લૅંડમાં પ્રવેશ કર્યો. સિમ્પ્લન ઘાટમાં થઈને બબ્બે ફુટ ઉંડા બરફમાં સાઈકલો ધકેલતાં અમારે રસ્તો કરવો પડ્યો. ત્યાંની સખત ઠંડીમાં અમારાં શરીર બહેર મ રી જતાં. પણ જે અદ્‌ભુત સૃષ્ટિસૌન્દર્યનાં દૃશ્યો અમને ત્યાં જોવા મળતાં એમાં અમારી જહેમતનો પુરેપુરો બદલો અમને મળી રહેતો.

સ્વિટ્ઝર્લૅંડ પછી યૂરોપના બીજા દેશોની મુસાફરી પુરી કરી. આયર્લૅંડથી અમે દરિયામાર્ગે અમેરિકા ગયા ને ન્યૂ યૉર્ક આગળ ઉતર્યા. અમેરિકામાં અમને સારામાં સારા રસ્તા મળતા એટલે દિવસના ૧૦૦ માઇલ તો અમે સહેલાઇથી સાઇકલનાં પૈડાં તળે કાઢી નાખતા. અમારી સૌથી વધુ ઝડપી સફર આ ત્રણ હતી: ૨ દિવસમાં ૨૩૦ માઇલ, ૪ દિવસમાં ૪૦૦ માઈલ ને ૫ દિવસમાં ૫૦૦ માઇલ. શિકાગો છોડ્યું કે તરત જ રસ્તા ખાડાખડિયાવાળા ને તદ્દન ખરાબ શરૂ થયા. રૉકી પર્વતને શિખરે (૧૦,૧૦૦ ફુટ) પહોંચવા માટે અમારે સાઇકલને ધકેલતાં ૫૦ માઇલ અદ્ધર ચડવું પડ્યું. સાઇકલ પર અમેરિકા સોંસરો વીંધી અમે વહાણમાં પાસિફિક ઓળંગ્યો.

પછી જાપાન ને કોરિયામાં સાઇકલો દોડાવી મંચુરિયામાં દાખલ થયા, જ્યાં ઠંડી સૌથી વધુ સખત હતી. ત્યાંથી ચીનમાં આવતાં બીજા દેશો કરતાં પણ વધુ મુશ્કેલીઓ નડી. પાણીનાં પૂર, ત્યાં અંદરઅંદર ચાલતો આંતરવિગ્રહ, ચાંચિયા, સખત ઠંડીગરમી ને એથી યે વધુ ભયંકર રોગચાળો—એ

બધામાંથી અમારે સલામત પાર ઉતરવું હતું.

અને અંતે પાર ઉતરી આગળ ચાલ્યા. પણ હિંદી ચીનમાં 'ઇમિગ્રેશન લૉ.'ના અમે ભોગ થઈ પડયા, ને એ કાયદા સામે તકરાર ઉઠાવતા જતાં બે દિવસ સુધી અમને કેદ પુરી રાખવામાં આવ્યા. છેવટે ગવર્નરને અરજી કરી ત્યારે માંડમાંડ છુટયા.

સિયામ અમારી મુસાફરીનો છેલ્લો દેશ હતો. ત્યાંથી બર્મા સોંસરી સાઇકલો દોડાવી અમે અમારી વહાલી માતૃભૂમિમાં પગલાં દીધાં.'

સાઇકલ પર દુનિયાની સફર એમના પહેલાં પણ કોઇ વીરલા કરી આવ્યા છે, પરંતુ આ જુવાનોનું સાહસ આગળના કોઈ પણ સફરી કરતાં ચડિયાતું છે. વસેલો કે ઉજ્જડ—જગતનો કોઇ ભાગ એમણે પેંડાં નીચે પસાર કર્યા વિનાનો રહેવા નથી દીધો એટલા માટે નહિ પરંતુ કોઇપણ સાઇકિલસ્ટનું જીગર નહોતું ચાલ્યું એ રસ્તાઓમાં થઈ હીમતભેર પસાર થયા એટલા માટે. ઇરાન, મેસોપોટેમિયા, સીરિયા, સીનાઇ ને સહરાનાં રણ સાઇકલ પર ઓળંગનાર એ પહેલા જ હતા. અમેરિકાના રૉકીઝ ઓળગવાનો પણ એમના સિવાય બહુ જ થોડાએ પ્રયત્ન કર્યો છે.

સાઈકલ ઉપર આખી દુનિયા ફરી વળવાની એમની મહત્ત્વાકાંક્ષા પાર પાડતાં, પાંચ વર્ષના ગાળામાં આપણી કલ્પનામાં પણ ન ઉતરી શકે એવાં જીવલેણ જોખમોએ એમનો સાથ કદિ છોડયો નથી, ને એમના જ શબ્દોમાં કહીએ તો આ બધું એમણે, 'કાંઇ બદલા કે બક્ષિશની આશાથી નહિ પરંતુ મરદાનગી ને સાહસની દુનિયામાં પોતાના દેશનું નામ કાઢવા ને બીજી અગ્રગણ્ય વીર પ્રજાઓ જોડે હિંદી પ્રજાનું નામ સાંકળી દેવા માટે' સહન કર્યું છે.

પરવારતો મુક્કાબાજ

વીસમી સદીના અજોડ મુક્કાબાજ પહેલવાનોમાં અનેરૂં સ્થાન ભોગવતો જૅક ડેમ્પસી હવે હમેશને માટે મુક્કાબાજીનો ત્યાગ કરે છે એ ખબર સાંભળીને એ લોખંડી મલ્લના વખાણનારાઓ દિલગીર થશે. જૅક સૌથી પહેલો લડાઇના વખતમાં લશ્કરમાં જોડાવાની ફરજમાંથી નાસી છુટનારા ડરપોક જુવાન તરીકે પ્રકાશમાં આવ્યો હતો. આખી દુનિયાએ આ કારણે તેના ઉપર ફિટકાર વરસાવ્યો; અને જાણે એ ફિટકારથી ધુંધવાઇ રહ્યો હોય, જગત પર તેનું વેર લેવા માગતો હોય તેમ, જૅક ત્યારથી મુક્કાબાજીના અખાડામાં કેળવણી લઇને એક ભયંકર લડવૈયો બન્યો. હરીફને નિર્દય રીતે મારનારા તરીકે તેની નામના ચોતરફ ફેલાઇ. ૧૯૧૯માં દુનિયાના હેવી વેઇટ ચૅમ્પિયન જેસ વિલાર્ડને દસ મિનિટમાં બેહોશ કરી તે ચૅમ્પિયન બન્યો, અને ત્યારથી જૅક અજીત ગણાવા લાગ્યો. ૧૯૨૦માં રાક્ષસી તાકાતવાળા બિલી મીસ્કને પાંચસાત મિનિટમાં જ આકાશના તારા બતાવીને તો એણે મુક્કાબાજોની છાવણીમાં હાહાકાર મચાવ્યો. એ જ સાલમાં બીજા એક મહારથી બ્રેનાનને પણ તેણે પંદર મિનિટમાં માર્યો, અને ૧૯૨૧માં આખી પશ્ચિમની દુનિયાના માનીતા મીઠા ફ્રેન્ચ મુક્કાબાજ શાર્પાતિયરને હરાવી પોતાનો કીર્તિકળશ તેણે ચડાવ્યો. ૧૯૨૩માં પણ તેણે ટૅામ ગિબન્સને અને પ્રખ્યાત સ્પૅનિશ ઉસ્તાદ લુઇ ફરપોને પટકી ચૅમ્પિયનશિપ ટકાવી રાખી. તે પછી ત્રણ વરસ સુધી તેણે બેઠાંબેઠાં ખાધા કર્યું. પરિણામે ૧૯૨૬ની સાલમાં જીન ટનીએ એના તાજને ગબડાવી દીધો અને અજીતપણાના તેના ગર્વને ધુળમાં રગદોળ્યો. વિફરેલા જૅકે ફરીથી ૧૯૨૭માં જીનને પડકાર્યો અને ફરીથી માર ખાધો. અને હવે એ કહે છે, 'હું તો પરવારી ચુક્યો છું!'

ત્રીસ વરસની વય પછી મુક્કાબાજોમાં ઉતરેલાં પાણી ગણાય છે. જૅકને ઓગણત્રીસ થયાં છે, અને ટની તેનાથી એકાદ બે વરસ નાનો છે. હવે જૅકયુગ મટી ટનીયુગ ચાલે છે.

મુક્કાબાજીના ઇતિહાસમાં ડેમ્પસી જેવો એકે પહેલવાન પાકયો નથી. સાત વરસ સુધી એકધારો ચૅમ્પિયન રહેનાર બીજો કોઇ નીવડયો નથી. જાણે પોલાદના હથોડા પડતા હોય એવા તેના મુક્કાઓની ભીષણ શક્તિની તોલે હજી સુધી તો જગતના કોઈ મુક્કાબાજનાં બાવડાંનું બળ આવી શક્યું નથી. ટનીથી તે હાર્યો એ માત્ર પૉઇન્ટના શાસ્ત્રીય હિસાબ ઉપર. જોઇએ છીએ હવે વિદ્વાન ગણાતા પહેલવાન ટનીનું સિંહાસન કયાં સુધી અજીત રહે છે. શાર્કી સામે તેને થોડા જ વખતમાં ઝુઝવાનું છે. (બ્રહ્મદેશ)

ઉગતી પ્રજા અનુસંધાન પાછળ પાન ૧૯૪ થી

તીર્થહાલી (માઈસોર સંસ્થાન) મુકામે સ્વયંસેવકોને શિક્ષણ આપવા માટે વર્ગો ભરાશે. ત્યાં લાઠી, લેજીમ, મગદળ, ભાલાં, જમૈયા, તલવારની પટ્ટાબાજી, દંડ પટ્ટા, ગદા, મલખમ, યોગાસન, કુસ્તી અને એવી બીજી મર્દાની રમતોનું શિક્ષણ આપવામાં આવશે. એ આખા યે સત્રનો ખાધાખર્ચ જણ દીઠ ૨૦ રૂપિયા આવશે. આવનારે સફેદ કે ખાખી ખાદીનો યૂનિફૉર્મ (એકવિધ પોશાક) ખમીસ, 'નીકર' અને ટોપી—ફરજીયાત પહેરવો પડશે. વધારે વિગત માટે નીચેને સરનામે પુછાવો : Sjt. Bhavikatte Nagabhatt, Tirthahalli (Mysore State) (સૌરાષ્ટ્ર)

નીકોરાનું યુવકસંમેલન

આ અંક અણધાર્યો મોડો થવાથી મિજલસમાં જણાવ્યા મુજબનું યુવકસંમેલન તો આ અંક બહાર પડયા પહેલાં ભરાઇ ચુક્યું હશે. એની વિગતવાર હકીકત આવતા અંકમાં આપીશું.

નેપોલિયન આખા યૂરોપને ધ્રુજાવી રહ્યો હતો ત્યારે તેને એવી આકાંક્ષા હતી કે હું સારા યૂરોપની ભૂગોળ બદલી નાખીશ, એના લીલા પીળા રંગોની હેરફેર કરી એકરંગી કરી નાખીશ. એ વખતે તેણે પોતાના મંત્રીને કહેલું: 'પેલો નકશો વીંટાળી દો!' કેટલી આત્મશ્રદ્ધા!

૧ થી માંડીને ગમે તેટલી મોટી સંખ્યા સુધીના બધા આંકડાનો સરવાળો કરવાની એક સહેલી રીત છે: છેલ્લી સંખ્યાને એના પછીની જ સંખ્યા વડે ગુણી અર્ધા કરતાં આવે તે જવાબ. જેમકે ૧ થી ૬ સુધીની સંખ્યાનો સરવાળો (૧+૨+૩+૪+૫+૬=)૨૧ થાય છે; તેને આ સહેલી રીતે ગણતાં ૬×૭=૪૨÷૨=૨૧.

પુઠા પર ચોંટાડેલા ફોટોગ્રાફ સલામત ઉખેડવા માટે તેના પર ભીનો બ્લૉટિંગ પેપર અર્ધોએક કલાક મુકી રાખવો. પછી સહેલાઈથી ઉખેડી શકાશે.

રાંધતી વખતે જો ભાત બરાબર ન હલાવવામાં આવે તો વાસણને તળિયે ચોંટી જાય છે. આ અટકાવવા માટે તળિયા પર ઘીવાળો હાથ ફેરવી દેવો.

એક શેર દુધે બે નાની ચમચી ચુનાનું પાણી રેડવાથી દુધ બગડયા વિના વધારે વખત રાખી શકાય છે.

લોઢાની ચીજોનો કાટ ઉખેડવા માટે તે પર ચોખાનું ઓસામણ ત્રણચાર કલાક ચોપડી રાખી પાણીથી સાફ કરી જોજો.

ઉનું કરેલું તેલ ને લાલ સરકો સરખે ભાગે શીશીમાં નાખી શીશીને ખુબ હલાવવી. એનાથી ફર્નિચર બહુ સારી રીતે સાફ કરી શકાશે.

સવારે કદિ મોડા ઉઠતા નહિ
બપોરે કદિ ઝોકાં ખાતા નહિ
સાંજે કદિ ઘરમાં ગોંધાતા નહિ
રાત્રે કદિ ઉજાગરો કરતા નહિ:
અને તમે તંદુરસ્ત રહેશો.



કાગળ કાપીને બનાવેલી આકૃતિ

હરડે ખાવાથી દસ્ત સાફ આવે છે. પીપર ખાવાથી ભુખ વધારે લાગે છે. સંચળ ખાવાથી વાયુ નાશ પામે છે. ધાણાનો ઉપયોગ બુદ્ધિ વધારે છે. લવીંગ કફનો નાશ કરે છે.

અગાઉથી ગરમ કરી રાખેલી ઇંટ પર પાણીનું વાસણ મુકી રાખવાથી પાણી ઘણો વખત ગરમ રાખી શકાશે.

કાથો ખેરનાં ઝાડમાં થાય છે. એ ઝાડ પહાડો પર ને ઠંડીમાં ઉગે છે.

તમને એક વર્ષ સુધી માસિક ૫ રૂપિયા લેવા ગમે કે પહેલે મહિને ૧ પાઇ, બીજે મહિને ૪ પાઈ, ત્રીજે મહિને ૧૬ પાઇ એમ દર મહિને પગાર ચારગણો મળતો જાય એ ગમે? જોજો, એકસામટા પાંચ રૂપિયા મળે એના લોભમાં ન પડતા. દર મહિને ચારગણો પગાર વધે એ જ લાભકારક છે. ન માનતા હો તો ગણી જુઓ.

રબરસ્ટૅમ્પના પૅડ ઉપર શાહી જલદી સુકાઈ જતી હોય તો થોડું ગ્લિસરિન ચોપડજો: નરમ અને તાજી રહેશે.

પીળા બુટને કાળા કરવા હોય તો ઍમોનિયાના પાણીવાળું પોતું ત્રણચાર વાર ફેરવી કાળું બુટ પૉલિશ લગાડવું.

છાતી પરના ખિસ્સામાં ઝીણી અણીવાળી પેન્સિલ રાખતા નહિ. પેન્સિલની અણી ચામડીમાં ભાંગી જાય તો બહુ નુકસાનકારક છે.

કોબિજના શાકમાં થોડો સરકો કે લીંબુનો રસ નાખવાથી એનો સ્વાદ તથા વાસ સુધરે છે.

રંગના ડાઘ કાઢવા માટે પૅરફિન બહુ ઉપયોગી વસ્તુ છે. ડાઘને પૅરૅફિનમાં બોળી હાથથી ખુબ મસળવો ને પછી સાબુથી ધોઈ નાખવો. નીકળી જશે.

કાચને જ્યાંથી ભાંગવો હોય ત્યાં પહેલાં કાનસ વતી ઝીણો આંકો પાડવો. પછી લોઢાનો સળિયો લાલચોળ તપાવી આંકા પર ઘસીને ફેરવવો. કાચનો કડાકો થાય એટલે હાથથી સહેલાઈથી ભાંગી શકાશે.

કાચને ગરમ પાણીથી ધોવા કરતાં ઠંડે પાણીએ સાફ કરવાથી વધુ ચળકાટ આપે છે. એથી પણ વધુ સારી રીત ગરમ પાણીથી ધોઇને ઠંડા પાણીમાં વીછળી નાખવાની છે. ધોવાનો સોડા કાચની સુંવાળપ ઓછી કરે છે એ ધ્યાનમાં રાખજો.



ચંદ્રમાં દેખાતા ડાઘા